કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · માર્ચ ઈ. ૧૯૫૮

આભ ને ધરતી



મોદ પટેલ

સંસ્થાપક · રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત

વર્ષ ૩૫મું ૪૧૧ અંક ૩જો



ઝૂલા · કલાકાર : યજ્ઞેશ્વર શુક્લ

(કલાકારના સૌજન્યથી)



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

સ્મશાનમાં

• પૃથ્વી •

ચિતા પર ચઢાવી દેહ, બસ આગ મૂકી દીધી!
ઊઠયાં સળગી કાષ્ઠ, કાષ્ઠ સમ દેહ ભડ્ભડ્ બળે;
ચળે ધૃતિ, દબાયલું ડૂસકું કંઠથી નીકળે,
ઊનાં હૃદયવારિએ ઊછળી આંખ ભીની કીધી.

રટંત અસહાય નામ વળી રામનું માનવીઃ
કશું ય નહિ આપણે કર! શી આ લીલા દાનવી
કરાલ પ્રભુ કાલની! સ્મરણરાખને સંઘરી
અરે સ્વજનની સદા ઉર સ્મશાન દેવું કરી!

જરામરણવ્યાધિશોકથી વીંધાઈને ગૌતમે
નિષેવ્યું વન, આદર્યું તપસ, મારસેના હણી.
પ્રબોધી પથ હે ગુરો! મરણઅંક સૂતા તમે,
અને જગતની રહી જ ગતિ એવી મૃત્યુ ભણી.

હજી ય ભડકે બળે સ્વજનદેહ આ આગમાં,
થવું ચપટી રાખ, કૈં ન બીજું માનવી ભાગ્યમાં?

થવું ચપટી રાખ, કૈં ન બીજું માનવી ભાગ્યમાં?
નહીં; નહિ બધું ય જાય સળગી અહીં આગમાં.
ઘણું ય રહી જાય: ચિત્તઉરની બધી સંપદ;
અભીપ્સુ મનના મનોરથ; ઉરોર્મિઓનો નદ.

રડે હૃદય ત્યાં જીવે મનુજ સ્નેહમૂર્તિ બની,
મીઠાં વચનનો સુણાય સ્મરણે ઝીણેરો ધ્વનિ.
વળી સ્વજનદેહમાં જીવતી દેહમુદ્રા જુઓ
અનંત ગતિમાં બધું ય બની સૂક્ષ્મ જીવે જુઓ.

ન મૃત્યુ, પણ ચેતના તણી લીલા જ આ સંસૃતિ,
વટી અવધિ કાલનો, રમતી કાલ કેરી કૃતિ.

જયન્ત પાઠક

કૂંડાની માટી

• ખંડ હરિગીત •

ના અહીંઆ કોઈ ખેતર ચાસ,
ના વળી વાડીતણા કિલ્લોલ,
મીઠાં વારિના ઉલ્હાસ;
કયાં ડોલતા રે! લીલુડા કો' મોલનું યે દર્શ!
ને હાંફતા શ્રમલીન સૂતા ઋષભનો યે સ્પર્શ!

કયાં અહીં વડલા સમા મુનિવૃક્ષના હિલ્લોળ!
કલ્પવાનું માત્ર સપને કંઠમાં ભારી ડૂમો,
કેવાં વહી મુજ જિંદગીના કણકણો,
આષાઢના પ્રેમલ પૂરે છલછલ છલત!
ને દીધેલી જન્મની સાથે પ્રભુએ મ્હેક તે
એ મુક્ત વારિમાં અહો! કેવી સ્ફુરત!

મારે અહીં શોષાઈ રહેવું,
અન્ય-રેડયા ખોબલે તોષાઈ રહેવું!
શોભા તણા થોભા સમો આ છોડ,
એના મૂળને યે ના ઊંડેરા કોડ.
કોઈ નૂતન બીજને ચહવાપણું અવ કયાં રહ્યું?
કોઈ ચેતનને નવા લહવાપણું અવ કયાં રહ્યું?
છોડ કે પુષ્પો પ્રતિ ફરિયાદ ના
પણ આ કશું
મારું જ બીજું રૂપ તે મુજને જ કાં બાંધી રહ્યું?

મજલાલ દવે

થાય તે ખરું!

• ગઝલ •

આવી છે શ્યામ રાત, હવે થાય તે ખરું,
થૈ જાય કોઈ ઘાત!—હવે થાય તે ખરું!

આંખો ખુલી ગઇ છે, નથી ઘેન પણ જરા;
દેખાય છે પ્રભાત,—હવે થાય તે ખરું!

એની અસર થઈ-ન થઇ,—હું ન જાણતો,
મેં તો કહી છે વાત;—હવે થાય તે ખરું!

દેવાલયે ગયો અને દંભી બની ગયો;
હોતે ખબર તો જાત?—હવે થાય તે ખરું!

મૃત્યુ-પ્રસંગ કોઈએ ખૂબ જ રડીરડી
ઉજવ્યો છે ભલી ભાત!—હવે થાય તે ખરું!!

સાચું કહી દીધા પછી લાગ્યું ઘણી ય વારઃ
થૈ ભૂલ ખરેખાત!—હવે થાય તે ખરું!

સમજીને એમ, પ્રેમથી આપી દીધું જીવન—
એમાં શી કાયનાત?—હવે થાય તે ખરું!

રોકી છે હાલ બંડખોર લાગણી બધી,
હૈયું જ ચાલ્યું જાત!—હવે થાય તે ખરું!

મૂરખ હતો તે આજે દીવાનો થયો 'અનિલ',
આ તો નવી જ વાત!—હવે થાય તે ખરું!!

રતિલાલ 'અનિલ'

મિરાત

• મિશ્ર •

મળ્યાં નથી ત્યાર પછી કદી ય,
બૂઝયું ન તો યે ઉરકેરું તેજ,
ને ઝંખના અંતરની સદાય
સજી રહી આરત એની એ જ!
ઢળ્યાં હતાં આંહી ધીરાં અધૂરાં
તે નેણનાં ચાંદરણાં મધુરાં
ઝીલી ખીલી રહેતું ચકોર મારા
હૈયાતણું, તે હમણાં અમાસના
અંધારની પાર નિહાળતું કશી
ભરી ભરી ચાંદનીની મિરાત!

હેમન્ત દેસાઈ

ચીન અને ભારત પહોંચવાના ટૂંકા માર્ગની શોધસફરોમાં ઠંડી વીરતાએ અને

કનેડાના ઉત્તર તરફના ધ્રુવસમુદ્ર મારફત, વાયવ્ય દિશાના માર્ગે પસિફિક મહાસાગરમાં પહોંચવા માટે બ્રિટિશ સરકારે મોટા પાયા પર પૂરું તૈયારી કરીને ઈ. ૧૮૪૫માં સર જ્હૉન ફ્રૅન્કલિનની સરદારી હેઠળ બધા મળી ૧૨૯ માણસો સાથે બે મોટાં જહાજોનો જે કાફલો મોકલેલો તેની કહાણી આ અગાઉ આવી ગઈ છે. ઠરાવ્યા પ્રમાણે ૧૮૪૬માં જ્યારે એ જહાજો પૅસિફિકમાં ન પ્રવેશ્યાં, ત્યારે બ્રિટિશ સરકારે માની લીધું કે કદાચ એમને એકાદ શિયાળો ધ્રુવ-સમુદ્રમાં રોકાઈ જવું પડ્યું હશે; પરંતુ ઈ. ૧૮૪૭માં પણ એના સમાચાર જ્યારે ન મળ્યા ત્યારે એ ચિંતાનો વિષય થઇ પડયો. બ્રિટિશ નૌકાખાતાએ ભિન્નભિન્ન દિશામાં તેમની શોધખોળ તથા સહાય માટે મોકલવા ત્રણ ટુકડીઓ તૈયાર કરી. એક ટુકડી, જે માર્ગે ફ્રૅન્કલિનને જવાની સૂચના આપવામાં આવી હતી એ લૅંકેન્સ્ટરની ખાડીને માર્ગે એની પાછળ પાછળ; બીજી જ્યાં ફ્રૅન્કલિનને પહોંચવાની સૂચના અપાએલી ત્યાં, પૅસિફિક સમુદ્રમાંથી શરૂ કરી બેરિંગ સામુદ્રધુનીને રસ્તેથી ફ્રૅન્કલિન તરફ; અને ત્રીજી કૅનેડાના ધ્રુવ-પ્રદેશમાં જમીનમાર્ગે પ્રવાસ કરી, ત્યાંના ધ્રુવસમુદ્રમાં શોધખોળ માટે. એ પૈકી ત્રીજી ટુકડી સૌ-પહેલી ઊપડી. કૅનેડાના ધ્રુવપ્રદેશમાં ફ્રૅન્કલિનની સાથે મહિનાઓ સુધી સતત રખડપટ્ટી કરનાર અને એના ગાઢ મિત્ર સાહસિક ડૉ. રિચાર્ડસનને એની સરદારી સોંપાઇ. એણે સાહસિક રૅને પોતાની સાથે લીધો. રિચાર્ડસન અને રે બંને ખૂબ ચાલવાની અને અથાગ શ્રમ કરવાની શક્તિ ધરાવનાર સફરી હતા. વળી બંને એ પ્રદેશના પૂરા ભોમિયા હતા. તેમણે ડૉલ્ફિન અને યૂનિયન સામુદ્રધુનીનો આખો કિનારો જોઈ વળવાની યોજના કરી; પરંતુ ધ્રુવપ્રદેશમાં શરૂ થએલી બરફની ભારે વર્ષા અને પવનનાં ભયંકર તોફાનોને લીધે તેઓ ધારેલા સ્થળ સુધી પણ પહોંચી શક્યા નહિ. બીજે વર્ષે ફરી તેમણે નવેસરથી એ જ પ્રયત્ન કર્યો; પરંતુ તેમાં પણ એ જ સંજોગોને કારણે તેઓ નિષ્ફળ ગયા. આથી તેઓ નિરાશ થઈ ઇંગ્લંડ પાછા ફર્યા.

૧૮૪૮માં બીજી ટુકડી ઊપડી યુરોપની દક્ષિણે થઇ, હિંદી મહાસાગરમાં થઈ પૅસિફિક તરફ. એની સરદારી કૅપ્ટન કૅલેટે લીધી. સાથે મદદનીશ હતો કૅપ્ટન મૂરે. નૌકાખાતા તરફથી બે વહાણો તેમને આપવામાં આવ્યાં. કૅલેટને 'હૅરલ્ડ' અને મૂરેને 'પ્લોવર'. તેમણે પેસિફિકમાં થઇને બેરિંગ સામુદ્રધુની પાસે જ્યાં ફ્રૅન્કલિનનાં જહાજો પહોંચવાના હતાં ત્યાં બને તેટલું ફ્રૅન્કલિનની દિશામાં આગળ જઇને રાહ જોવાની હતી. આટલાંટિક, હિંદી અને પૅસિફિક મહાસાગરોની લાંબી સફર ખેડી તેઓ બેરિંગ સામુદ્રધુની પહોંચ્યા અને રાહ જોઈ જોઇને થાક્યા બાદ તેમની તપાસાર્થે આગળ પણ ગયા; છતાં તેમને કશાનો પત્તો લાગ્યો નહિ. દરમ્યાન આ તરફના સમુદ્રમાં તેમણે એ તપાસની સાથેસાથે નવા પ્રદેશો શોધવાનું અને તેના નકશા બનાવવાનું કાર્ય પણ કરેલું. એ સમુદ્રમાં તેમણે એક તદ્દન નાનો, નિર્જન અને અન્ય પ્રદેશથી વિખૂટો પડી ગએલો ટાપુ શોધી કાઢયો ને પોતાના વહાણના નામ પરથી તેનું નામ 'હૅરલ્ડ' રાખ્યું. અંતે લાંબા સમય સુધી પણ પત્તો ન લાગતાં તેઓ ઇગ્લાંડ પાછા ફર્યા.

ફ્રૅન્કલિનની જ સફરને માર્ગે બેફિન સમુદ્રમાં થઇને લૅન્કેસ્ટરની ખાડીના રસ્તે જનારી તપાસ-ટુકડીની સરદારી સર જેમ્સ રૉસને સોંપવામાં આવી, જેની સાથે મુખ્ય મદદનીશ કૅપ્ટન બર્ડ હતો. સાથે એક યુવાનતેજસ્વી ઑફિસર મૅક્લિન્ટૉકને પણ લેવામાં આવેલો. તેમને પણ બે વહાણ આપવામાં આવ્યાં: 'એન્ટરપ્રાઇઝ'ની સરદારી સર જેમ્સે પોતે લીધી અને 'ઈન્વેસ્ટીગેટર'ની કૅપ્ટન બર્ડે સંભાળી. બંને વહાણ ઈંગ્લંડથી ૧૮૪૮માં ઊપડી લૅન્કેસ્ટરની ખાડીમાં તો પહોંચ્યાં, પરંતુ ત્યાંથી આગળ બેરો સામુદ્રધુની પાસેના સમુદ્રમાં તો એક કિનારાથી બીજા કિનારા સુધી સળંગ બરફ જામી ગયો હતો, એટલે તેમણે સમરસેટ ટાપુની ઉત્તરે લિયોપોલ્ડ બંદરમાં મુકામ કર્યો. શિયાળો પૂરો થતાં (સમુદ્રમાં જોકે બરફ હજુ જામેલો હતો છતાં) કૅપ્ટન બર્ડે બરફ-ગાડી લઇ ફયુરી ટાપુના કિનારાનો ને રૉસ તથા મૅક્લિન્ટૉકે સમરસેટ ટાપુના બરફમાં પગપાળા પ્રવાસ શરૂ કરી દીધો. રૉસ તથા મૅક્લિન્ટૉકે લગભગ પાંચસો માઈલનો પ્રવાસ કર્યો, જેમાં તેમણે દોઢસો માઇલનો નવો કિનારો શોધી તેનો નકશો તૈયાર કર્યો; પણ આ પ્રવાસ દરમિયાન તેમને ફ્રૅન્કલિનનાં જહાજોનો પત્તો ક્યાંય મળ્યો નહિ. દુર્ભાગ્યે, જે જગ્યાએ ફ્રૅન્કલિનનાં જહાજ પડયાં હતાં એને થોડે અંતરેથી જ તેઓ પાછા ફર્યાં હતા. આ પ્રવાસમાં યુવાન મૅક્લિન્ટૉકને પહેલી જ વાર બરફ-ગાડી ખેંચવાનો અનુભવ થયો હોઈ તેના અતિશય શ્રમને લીધે એની તબિયત ખૂબ લથડી ગઇ. ઉપરાંત ટુકડીના પણ ઘણા માણસોને શ્રમ, ઓછા તથા વાસી ખોરાક અને ખરાબ હવામાનને કારણે રક્તક્ષયના રોગની અસર જણાવા લાગી. આથી તરત તેમણે તાજો શિકાર અને આ રોગના ઉપચાર તરીકે વપરાતું ઘાસ શોધવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી, અને એ મળતાં બધાંની તબિયત સારી થવા લાગી. ઉનાળો બેસી ગયા છતાં પણ સમુદ્રમાં હજી બરફ પૂરો ઓગળ્યો નહોતો. બંને વહાણ બરફમાં જકડાઇ પડયાં હતાં, અને બરફ ઓગળવાનાં કંઈ ચિહ્નો જણાતાં ન હતાં. એટલે બરફમાંથી બંને વહાણોને મુક્ત કરી પાણીના પ્રવાહ સુધી લઇ જવા માટે તેમણે બરફ ખોદીખોદીને વહાણ પસાર થઈ શકે એવી લાંબી નાળ બનાવી, અને બંને વહાણને બહાર પાણીના પ્રવાહમાં તેઓ લઈ આવ્યા. પરંતુ દિવસોના આ સતત શ્રમ બાદ જ્યારે બંને વહાણોને પાણીમાં લાવી ઊપડવાની તૈયારી કરવા લાગ્યા ત્યાં જ સામેથી ધસતા આવતા હિમખંડોએ તેમનાં વહાણોને એવાં તો ઘેરી લીધાં, કે અત્યંત મથામણ છતાં પણ તેમાંથી મુક્ત ન થતાં ઊલટાં બરફની સાથેસાથે લૅન્કેસ્ટરની ખાડી તરફ પાછા ખસવા લાગ્યાં, અને આમ બરફ સાથે ખસતાં ખસતાં બંને વહાણ લગભગ એક મહિને લૅન્કેસ્ટરની ખાડી પૂરી કરી બેફિન સમુદ્રમાં ઘસડાઈ આવ્યાં! આ રીતે બરફે તેમને ઘણી મોટી પીછેહઠ કરાવી. હવે તેઓ ઈંગ્લંડની નજીક આવી ગયા હતા અને ઉનાળો પણ પૂરો થવા આવ્યો હતો, એટલે વહાણ બરફમાંથી મુક્ત થયાં ત્યારે ફરી ધ્રુવપ્રદેશ તરફ ન હંકારતાં તેઓ ઘર તરફ વળ્યા અને આમ આ પહેલી ટુકડી પણ કંઇ જ સમાચાર વિના પાછી ફરી.

ત્રણે ટુકડીઓને આમ સરિયામ નિષ્ફળતા મળવાથી આખી દુનિયામાં હાહાકાર થઇ ગયો. ફ્રૅન્કલિન જેવો પ્રતિષ્ઠિત ને લોકપ્રિય સાહસિક તથા એની સાથેના દેશના ૧૨૯ કસાએલા અફસરોને બચાવવા સારુ ઝડપી અને મોટા પાયા પર તપાસ કરવા માટે આખા ઈંગ્લંડે પોકાર કર્યો. ફ્રૅન્કલિનની ટુકડી જરૂર ક્યાંક ભયંકરરીતે સપડાઇ ગઈ છે એની દરેકને પ્રતીતિ થઈ ગઇ. તેમનો ત્રણ વરસનો પુરવઠો પણ હવે તો ખલાસ થવા આવ્યો હોવો જોઇએ, માટે કોઈ પણ ભોગે તેમના બધાના પ્રાણ સમયસર બચાવી લેવા જોઇએ એવી માગણી ચોતરફથી થવા લાગી. સરકાર તરફથી, શ્રીમંત વેપારીઓ તરફથી, મોટામોટા સાહસિકો તરફથી, શ્રીમતી ફ્રૅન્કલિન તરફથી અને ઈંગ્લંડ તથા અમેરિકાના લોકો તરફથી જુદીજુદી નાની-મોટી યોજનાઓ તૈયાર થઈ

વાયવ્ય દિશાના માર્ગની શોધ

લેખક • પ્રો. રમણલાલ ચી. શાહ એમ.એ.

અને ઈ. ૧૮૫૮માં ફ્રૅન્કલિનની તપાસ માટે એક પછી એક વહાણ ધ્રુવ-પ્રદેશ તરફ ઊપડવા લાગ્યાં.

'રેઝોલ્યૂટ', 'ઍસિસ્ટન્સ', 'પાયોનીઅર', અને 'ઇન્ટ્રેપિડ' એ ચાર વહાણો કૅપ્ટન ઑસ્ટિનની સરદારી હેઠળ 'લેડી ફ્રૅન્કલિન' અને 'સોફ્યા' કૅપ્ટન વિલિયમ પેનીની સરદારી હેઠળ, હડસન બે કંપની તરફથી ફેલિક્સ બુથે તૈયાર કરાવેલું 'ફેલિક્સ' અને બીજું એક માલ-વાહક વહાણ સર જ્હૉન રૉસની સરદારી હેઠળ, અમેરિકન વેપારી હેન્રી ગ્રીનેલે પોતાના ખર્ચે તૈયાર કરાવેલાં બે વહાણ 'ઍડવાન્સ' ને 'રેસ્ક્યુ' લેફ. હૅવનની સરદારી હેઠળ;—આમ એકસાથે દસ વહાણો લૅન્કેસ્ટરની ખાડી તરફ ઊપડયાં. આ બધાં મોટાં મોટાં વહાણો પાછળ 'પ્રિન્સ આલબર્ટ' નામનું એક નાનકડું વહાણ પણ ઊપડયું, જે શ્રીમતી ફ્રૅન્કલિને પોતાના ખર્ચે તૈયાર કરાવ્યું હતું. સરકાર અને શ્રીમંતો તરફથી તપાસ-કાર્ય માટે આટલા મોટા પાયા પર પ્રયત્નો થતા છતાં અને પોતાના ખર્ચે વહાણ મોકલવાની આર્થિક સ્થિતિ પણ ન હોવા છતાં પોતાના પતિને આફતમાથી બચાવી લેવા માટે શ્રીમતી ફ્રૅન્કલિને, હતા તેટલા બધા પૈસા એકઠા કરી નાનકડું વહાણ મોકલેલું. આમ એકસાથે ઊપડેલા અગિયાર વહાણોએ લૅન્કેસ્ટરની ખાડીનો દરિયો ડહોળવા માંડયો, તોપણ ફ્રૅન્કલિનની ટુકડીએ પહેલા શિયાળામાં ક્યાં મુકામ કર્યો હતો એ સિવાય બીજી કશી માહિતી તેઓને મળી નહિ!


આમ ફ્રૅન્કલિનની તપાસ માટે ત્રણ વર્ષમાં લગભગ વીસ વહાણો ધ્રુવપ્રદેશમાં ઘૂમી વળ્યાં છતાં તેનો કશો જ પત્તો કોઇને લાગ્યો નહિ. યુરોપ-અમેરિકામાં આ ભયંકર ભેદ ન ઉકલી શકયાની હકીકત જાહેર વાતનો વિષય બની ગઈ. સૌને એમ થયું કે ફ્રૅન્કલિન અને એની ટુકડીને ધ્રુવપ્રદેશ એવી કોઇ ભેદીરીતે ભરખી ગયો છે કે જેથી સેંકડો માણસો ત્યાં ફરી વળ્યા છતાં એનો કંઇ પત્તો લાગ્યો નથી. સાહસિકોને લાગ્યું કે તેઓ પોતે પહોંચી શકે તે હદ કરતાં યે ઉત્તર તરફ વધારે આગળ ફ્રૅન્કલિન નીકળી ગયો હશે!

આ દરમિયાન પૅસિફિક મહાસાગરની દિશાએથી બીજો એક વધુ પ્રયાસ કરી જોવાની બ્રિટિશ નૌકાખાતાએ યોજના કરી. અગાઉ તપાસ કરી પાછાં ફરેલાં વહાણ 'એન્ટરપ્રાઈઝ' અને 'ઈન્વેસ્ટીગેટર'ને જ સમારકામ કરી દુરસ્ત કરવામાં આવ્યાં અને કૅપ્ટન કૉલિન્સન તથા કૅપ્ટન મૅકલ્યૉરની સરદારી હેઠળ એ બંનેને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું; પરંતુ એ બંનેએ દક્ષિણ તરફથી પૅસિફિકનો માર્ગ જોયો ન હોવાથી તેમને બેરિંગ સમુદ્ર સુધી મૂકી આવવા માટે ત્યાંના અનુભવી કૅપ્ટન કૅલેટને 'પ્લોવર' નામના નાના વહાણમાં મોકલવામાં આવ્યો, પણ આ ત્રણે વહાણો રસ્તામાં મૅગેલેનની સામુદ્રધુનીમાં જ ભયંકર વાવાઝોડામાં એવાં તો સપડાઈ ગયાં કે તેમના એકબીજા વચ્ચેનું અંતર વધી ગયું અને તેમનો પરસ્પરનો સંપર્ક તૂટી ગયો. એટલે હવે પોતપોતાના નકશા અને હોકાયંત્રને આધારે સ્વતંત્રપણે ત્યાં જવા સિવાય તેમને છૂટકો નહોતો. અનુભવી કૅલેટ પોતાનું 'પ્લોવર' બેરિંગ સામુદ્રધુની સુધી પ્રથમ હંકારી ગયો અને ત્યાં બીજાં બેની રાહ જોવા લાગ્યો. ઘણે દિવસે મેકલ્યૉરનું 'ઇન્વેસ્ટીગેટર' ત્યાં આવી પહોંચ્યું, પણ ત્રીજું વહાણ ઘણા દિવસ સુધી રાહ જોયા છતાં દેખાયું જ નહિ. હવે ધ્રુવપ્રદેશમાં પ્રવેશ કરવા માટે અનુકૂળ ઋતુ બેસી ગઈ હતી, એટલે એની રાહ જોવામાં સમય ન બગાડતાં 'ઇન્વેસ્ટીગેટરે' ધ્રુવપ્રદેશમાં દાખલ થવાની તૈયારી કરી અને કૅલેટ એને થોડે સુધી મૂકી આવ્યો.

કૅલેટને અપાએલી સૂચના મુજબ એની જવાબદારી માત્ર બંને વહાણોને ધ્રુવપ્રદેશમાં દાખલ કરાવવાની અને તે બંને પાછાં ફરે ત્યાં સુધી બેરિંગ સમુદ્રમાં તેમની રાહ જોવાની હતી; એટલે મૅકલ્યૉરના 'ઇન્વેસ્ટીગેટર'ને વિદાય આપીને તે કૉલિન્સના 'એન્ટરપ્રાઈઝ'ની રાહ જોવા લાગ્યો; પણ લાંબો સમય રાહ જોઇજોઇને કૅલેટની ધીરજ ખૂટી ગઈ, છતાં ન એને 'એન્ટરપ્રાઈઝ'નો પત્તો મળ્યો કે ન મૅકલ્યૉરનું વહાણ કંઈ સમાચાર લઇને પાછું ફર્યું. એથી કૅલેટ ઇંગ્લંડ પાછો ફર્યો.

લગભગ બે વર્ષ વીતી ગયાં અને ફ્રૅન્કલિનની શોધ કરવા ઉત્તર તરફ ગએલાં બધાં વહાણો, (અલબત્ત, નિષ્ફળતા જ મેળવીને) પાછાં





૧૮૪૮માં ૧૩ વરસનો એક છોકરો સ્કૉટલૅન્ડથી અમેરિકા આવ્યો ને રોજના એક રૂપિયાના પગારથી એક સૂતરની મિલમાં કામે રહ્યો. પાછળથી એ જગતનો મોટામાં મોટો ઉદ્યોગપતિ અને એવો દાનેશ્વરી થયો કે ૧૯૧૯માં ને ગુજરી ગયો તે પહેલાં ૧,૬૬,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું દાન કરતો ગએલો. એનું નામ કાર્નેગી.



સ્કૉટલૅન્ડમાં ડન્ફર્મલાઇન ખાતેના એક ગરીબ માબાપના એ પુત્ર ઍન્ડ્રૂ કાર્નેગીનો જન્મ ૧૮૩૫માં થએલો. ધંધો બેસી જતાં ૧૮૪૮માં આખું કુટુંબ અમેરિકા આવ્યું ત્યારે નાના ઍન્ડ્રૂને ભણવાની પ્રબળ ઇચ્છા હતી, પણ જીવનની પ્રાથમિક જરૂરિયાતો કમાવા માટે માબાપને ઍન્ડ્રૂની મદદની જરૂર હતી.



એટલે ઍન્ડ્રૂની વયનાં નસીબદાર બાળકો જે વયે રમવા જતાં તે વયે તો એ અભ્યાસ કરતા. આમ લેખન અને ગણિતમાં પ્રવીણ થઇને તે સૂતરની મિલ છોડીને તારના સંદેશા લાવવા લઇ જવાની નોકરીએ રહ્યા. એવામાં પિતા ગુજરી ગયા, એટલે માતા ને નાના ભાઇને કેવળ ઍન્ડ્રૂનો એકલાનો જ આધાર રહ્યો.



વધુ કમાવાની અનિવાર્યતા સમજાતાં ઍન્ડ્રૂએ હવે તારનું કામ શીખી લીધું અને ૧૮૫૩માં પેન્સિલવાનિયા રેલવેમાં ગાડાંઓ છોડનાર તરીકેની નોકરી લીધી. પછી તો તેઓ એટલી ઝડપે આગળ વધવા લાગ્યા કે ૧૮૬૦માં ૨૫ વર્ષની ઉંમરે તો તેઓ રેલવેના જનરલ સુપરિન્ટેન્ડન્ટના મંત્રીના દરજ્જે પહોંચી ગયા.



એવામાં યુનાઇટેડ સ્ટેઇટ્સનાં ઉત્તરી અને દક્ષિણી રાજ્યો વચ્ચે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. આ કટોકટીના સમયમાં કાર્નેગીને પૂર્વની લશ્કરી રેલવે ને તારની વ્યવસ્થા સંભાળવા મૂકવામાં આવ્યા, જોકે તેઓ તો શાંતિપ્રિય જ હતા. આમાં તેમણે પોતાની બુદ્ધિ ને બાહોશીથી સમવાથી સરકારની અમૂલ્ય સેવા કરી.



આંતરવિગ્રહ દરમિયાન તેમણે જોઇ લીધેલું કે લાકડાના પૂલને બદલે લોખંડના પૂલ બાંધવાના કામમાં એક નવું જ ક્ષેત્ર છે. તેમણે એક કંપની કાઢી ને ઓહાયો નદી પર લોખંડનો પહેલો પૂલ બાંધ્યો. પછી તો તેમણે બીજી કંપનીઓ પણ કાઢી અને અંતે તે બધી એક થઇને મહાન 'કાર્નેગી સ્ટીલ કંપની' બની.

આવી ગયાં, છતાં પૅસિફિક મારફત ગએલાં આ બંને વહાણોના કંઇ પણ સમાચાર આવ્યા નહિ, આથી તપાસનું કાર્ય બેવડું બની ગયું– ફ્રૅન્કલિનનાં વહાણોની શોધ કરવાનું અને એને શોધવા ગએલાં 'ઇન્વેસ્ટીગેટર' અને 'એન્ટરપ્રાઇઝ'નો પણ પત્તો મેળવવાનું! ફ્રૅન્કલિનની તપાસ પાછળ બ્રિટિશ સરકારે પુષ્કળ નાણું ખર્ચ્યું હતું, એટલે એ વિષે વધુ ખર્ચ કરવાનું હવે સરકારે માંડી વાળ્યું હતું; પરંતુ આ નવી આફત ઊભી થતાં સરકારને ફરીથી વિચાર કરવાની જરૂર પડી.

ઈ. ૧૮૫૨માં સરકારે એ માટે પાંચ વહાણોનો એક કાફલો તૈયાર કરી તેની સરદારી નૌકાખાતાના ઉચ્ચ કક્ષાના અધિકારી સર એડવર્ડ બ્લેશરને સોંપી; પણ આ પસંદગી માટે તરત જ છાપાંઓમાં ટીકા થવા લાગી. સર બ્લેશર હવે નિવૃત્ત થવાની વયે પહોંચ્યા હતા, તેમની તબિયત પણ નરમગરમ રહ્યા કરતી હતી અને ધ્રુવપ્રદેશમાં તેમણે પગ પણ મૂક્યો નહોતો, વળી તેમનો સ્વભાવ પણ અતિશય ઉગ્ર ને જિદ્દી હતો. બીજાની સલાહ સ્વીકારવામાં તેઓ માનતા જ નહોતા. આથી નૌકાખાતાનાં માણસોમાં તેઓ બહુ જ અપ્રિય બન્યા હતા. તેઓ શ્રીમંતાઈમાં ઊછર્યા હતા અને એશઆરામને ચાહનારા હતા એટલે




પોતે વતન બનાવેલા દેશની ભાવી ઝડપી પ્રગતિ એમની દીર્ઘદૃષ્ટિએ જોઈ લીધી ને તેમાંથી મળતી દરેક તકનો તેમણે પૂરો લાભ લીધો. પરસેવો પાડીને મેળવેલો પોતાનો એકએક ડૉલર પેન્સિલવાનિયાનાં તેલનાં ક્ષેત્રોમાં અને રેલવેમાં તેમણે રોક્યો;–જે ક્ષેત્રો હજી હવે વિકસવાનાં હતાં ને રેલવેઓ બાંધવાની હતી.



તેમણે ઇંગ્લંડ જઇ પ્રવાહી લોખંડને હવાના ઘસારાથી વિશુદ્ધ કરી પોલાદ બનાવવાની હેન્રી બેસેમરની પદ્ધતિનો અભ્યાસ કર્યો,–જેમાં ઑક્સિજન કાર્બન સાથે મળી અશુદ્ધિને બાળી નાખતો. અમેરિકા પાછા ફરીને તેમણે તરત જ રેલવે માટે પોલાદના પાટા બનાવવાનાં કારખાનાં સ્થાપવા માંડ્યાં.



આ બધા ઉદ્યોગોમાંથી તે દુનિયાના સૌથી ધનિક માણસ બન્યા. તેમની સફળતા તેમની વ્યક્તિગત બુદ્ધિપ્રતિભા ને વિરલ દીર્ઘદૃષ્ટિને આભારી હતી. પણ તેઓ પોતે કદી આ વાત સ્વીકારતા નહિ. એ તો આ ગંજાવર નફાને જાહેર થાપણ જ માનતા. તેઓ કહેતા કે સંસ્થા તો જે માણસો કામ કરે છે તેમની છે.



૧૯મી સદીનાં અંતનાં વર્ષોમાં કાર્નેગીએ પોતાની ગંજાવર દોલત સમસ્ત માનવજાતના ભલા માટે ખર્ચવા માંડી. પોતાને નાનપણમાં પુસ્તકો માટે જે વલખાં મારવા પડતાં હતાં તે તેમને હજી યે યાદ આવતું હતુ. તેમને ખબર હતી કે હજી પણ નાની અને મોટી વયના હજારો માણસો જ્ઞાનની શોધમાં છે.



એમણે લોકો માટે ૩૦૦૦થી યે વધુ મફત પુસ્તકાલયો સ્થાપ્યાં. ૧૯૧૦માં કાર્નેગી ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીની સ્થાપના કરી; હબસીઓના શિક્ષણાર્થે સ્થપાયેલી ટસ્કિગી સંસ્થાને મદદ કરી; સ્કૉટલૅન્ડમાં પોતાના વતન ડન્ફર્મલાઇનમાં એક ચિકિત્સાલય, એક ઉદ્યોગશાળા અને એક સંગીતશાળાની સ્થાપના કરી.



વળી એમનું સ્થાપેલું 'કાર્નેગી ફાઉન્ડેશન' અમેરિકા અને અન્ય દેશો વચ્ચે વિદ્યાર્થીઓ ને શિક્ષકોના વિનિમય માટે નાણાં આપે છે ને આંતરરાષ્ટ્રીય શુભેચ્છા તથા વધુ સમજદારી ઉત્પન્ન કરે છે. ૧૯૧૯માં એમનું અવસાન થતાં વિશ્વને એક મહાન ઔદ્યોગિક પ્રતિભાની સાથે સાથે એક મહાન દાનેશ્વરીની પણ ખોટ પડી.

ધ્રુવપ્રદેશમાં જઇ રખડપટ્ટી કરવાની તો તેમની બિલકુલ ઇચ્છા નહોતી. વળી વધારે પડતા સાહસિક બની જાન ગુમાવવાનું પણ તેમને પસંદ નહોતું. તેઓ તો મરવા કરતાં વેળાસર સહીસલામત પાછા ફરવાના સિદ્ધાંતમાં માનતા હતા; પરંતુ ટુકડીના મુખ્ય સરદાર તરીકે પોતાને કંઈ એવી રખડપટ્ટી કરવાની નહોતી, અને વહાણમાં બેઠાંબેઠાં માત્ર સૂત્રસંચાલનનું કાર્ય જ તેમને કરવાનું હતું. એટલે તેમણે ઉચ્ચ સરકારી વર્તુળોમાં લાગવગ લગાવીને આ સરદારી મેળવી હતી; કેમકે નિવૃત્ત થતાં પહેલાં કોઈ એક મોટા સરકારી સાહસમાં તેઓ પોતાનું નામ જોડાએલું જોવા ઇચ્છતા હતા. તેમના પ્રયત્નો સફળ થયા, અને વિરોધ કે ટીકાઓની પરવા ન કરતાં સરકારે તેમના પર પસંદગી ઉતારી.

'ઍસિસ્ટન્સ', 'પાયોનીઅર', 'રેઝોલ્યુટ' 'ઇન્ટ્રેપિડ' અને 'નૉર્થ સ્ટાર' નામનાં પાંચ વહાણો તૈયાર કરવામાં આવ્યાં. તેમાં છેલ્લામાં છેલ્લી ઢબની સાધનસામગ્રી સાથે બધા જ પ્રકારની સગવડો રાખવામાં આવી. સરકાર તરફથી હવે તો આ છેલ્લો જ પ્રયાસ હોવાથી અત્યંત કીમતી વહાણો તૈયાર કરવામાં આવ્યાં હતાં અને દરેક વહાણની ટુકડી પાછળ પણ પુષ્કળ નાણું ખર્ચવામાં આવ્યું હતું. સર બ્લેશરે

મુખ્ય સરદારી સંભાળી લીધી હતી અને તેમને મદદ કરવા માટે પાંચે વહાણના પાંચ અધિકારીઓ—રિચાર્ડ્ઝ, ઑસ્બૉર્ન, કૅલેટ, મૅકલિન્ટૉક અને લેફ્ટેનન્ટ પુલેનની નિમણૂક કરવામાં આવી. 'નૉર્થ સ્ટાર' વહાણમાં ત્રણચાર વર્ષ ચાલે એટલો-બીજાં વહાણો કરતાં વધારે-પુરવઠો ભરવામાં આવ્યો હતો. પાંચે વહાણોમાં મળી સેંકડો ખલાસીઓ અને સંખ્યાબંધ યુવાન અફસરો લેવામાં આવ્યા હતા.

ઈ. ૧૮૫૨ના ઑગસ્ટમાં આ પાંચે વહાણો લૅન્કેસ્ટર ખાડીમાં બીચી ટાપુ પાસે આવી પહોંચ્યાં. નૌકાખાતાની સૂચના મુજબ તેમને વેલિંગ્ટન ખાડીની ઉત્તરે તપાસ કરવાની હતી. પુરવઠો ભરેલું વહાણ 'નૉર્થ સ્ટાર' બીચી ટાપુ પાસે રોકાયું અને બાકીનામાંથી ઑસ્બૉર્ન અને રિચાર્ડ્ઝ વેલિંગ્ટન ખાડીની ઉત્તરે તથા મૅકલિન્ટૉક અને કૅલેટ મેલવિલે ટાપુ તરફ ગયા. સર બ્લેશર પોતે ઑસ્બૉર્ન ને રિચાર્ડ્ઝ સાથે ગયા., વેલિંગ્ટન ખાડીની ઉત્તરે પહોંચી તેમણે ત્યાં શિયાળો પસાર કર્યો ને શિયાળો પૂરો થતાં બરફગાડીમાં આસપાસના પ્રદેશનો પ્રવાસ કર્યો.

મૅકલિન્ટૉક અને કૅલેટનાં વહાણ મેલવિલે ટાપુ સુધી ન પહોંચતાં રસ્તામાં જ ડિલી ટાપુ પાસે બરફથી ઘેરાઇ ગયાં. શિયાળો પૂરો થતાં મૅકલિન્ટૉકે બરફગાડીમાં આસપાસના પ્રદેશનો પ્રવાસ કરવાની યોજના કરી. એની સાથે મૅકામ, હૅમિલ્ટન, જ્યૉર્જ નારેસ અને લેફ્૦ પીમ જેવા યુવાન ઓફિસરો અને બીજા સંખ્યાબંધ સશક્ત માણસો હતા. મૅકલિન્ટૉક માટે આ પ્રદેશ નવો નહોતો. અગાઉની સફરમાં એણે મેલવિલેનો પ્રવાસ કર્યો હતો અને સાહસિક સર એડવર્ડ પેરી એ ટાપુ પર જ્યાં સુધી જઈ આવ્યો હતો ત્યાં સુધી એ પણ જઇ આવ્યો હતો. તેણે ફ્રૅન્કલિનની શોધ માટે જુદીજુદી દિશામાં ટુકડીઓ મોકલવાનું નક્કી કર્યું. તેમાં, પોતે આગલે વર્ષે એ દિશામાં શોધખોળ કરી હતી માટે એનો સમાવેશ કરવાની અને એ રીતે સમયનો વ્યય કરવાની જરૂર નહોતી; પરંતુ યુવાન અફસરોએ એ પ્રદેશ જોયો નહોતો, એટલે સ્વાભાવિક રીતે એ તરફ જવાની તેમની ઉત્કંઠા હતી; પરંતુ મૅકલિન્ટૉકે તેમની ઉત્કંઠા ધ્યાનમાં લીધી નહિ. આ યુવાન અફસરોમાં મૅકામ નામનો પચીસેક વર્ષનો એક તરુણ હતો. મેલવિલે ટાપુ પર પેરીએ પોતાની સ્મૃતિચિહ્ન તરીકે ગોઠવેલો કોતરેલો પથ્થર જોવાની એને ઘણી હોંશ હતી. એટલે ટુકડીનો કાર્યક્રમ ન બગડે એ રીતે, જ્યારે બધા આરામ કરતા હોય ત્યારે, વખત કાઢી પોતે એ પ્રવાસ એકલો કરી આવે એવી માગણી એણે મૅકલિન્ટૉક આગળ મૂકી. મૅકામ અકારણ શ્રમ ન કરે એમ મૅકલિન્ટૉક ઇચ્છતો હતો; પણ મૅકામની જિજ્ઞાસા અને હઠ એટલી બધી હતી કે તેનાથી એને ના પાડી શકાઈ નહિ.

એક બરફગાડીમાં પોતાનો સામાન મૂકી પ્રવાસ માટે સજ્જ થઇ મૅકામ ઊપડ્યો. પેરીએ ઈ. સ. ૧૮૨૦માં આ પ્રદેશની કરેલી સફરના અહેવાલમાં લખ્યા પ્રમાણે બરાબર જોતોજોતો ને આનંદથી બરફગાડી ખેંચતો ખેંચતો કેટલેક દિવસે મૅકામ, મેલવિલે ટાપુના તે સ્થળે જઇ પહોંચ્યો. થોડો આરામ કરી એણે ૧૮૨૦માં પેરીએ ગોઠવેલો પથ્થર કુતૂહલપૂર્વક જોવા માંડ્યો. પેરીએ પોતાની સફર વિષે એના પર જે લખ્યું હતું તે એણે વાંચ્યું. એની નીચે આગલે વર્ષે મૅકલિન્ટૉકે ત્યાં પહોંચ્યાની જે વિગતો લખી હતી તે પણ એણે વાંચી; પણ હજુ એની નીચે કંઈક નવું લખાણ હતું. મૅકામ એ રસથી વાંચવા લાગ્યો અને વાંચીને નાચવા લાગ્યો. મૅકલિન્ટૉકના લખાણ નીચે પૅસિફિક મારફત ગએલા અને ગુમ થએલા મૅકલ્યોરનું લખાણ હતું. ફ્રૅન્કલિનને શોધવા ગએલાં મૅકલ્યોર અને કૉલિન્સનનાં જ વહાણ ગુમ થઇ ગયાં હતાં, એમાં મૅકલ્યોરનું વહાણ ક્યાં છે એનો પત્તો એમાં લાગી ગયો. 'ગૉડ્ઝ મર્સી' નામની ખાડી આગળ બરફમાં ઘેરાઈ ગયાની વિગત મૅકલ્યોરે આ પથ્થર ઉપર લખી હતી. આ પરથી મૅકામને લાગ્યું કે મૅકલ્યોર આ સ્થળે આવ્યો હોવો જોઇએ અને અહીંથી એનું વહાણ બહુ દૂર ન હોવું જોઇએ.

આમ, અજાણતાં જ મૅકલ્યોરના વહાણ વિશે માહિતી મળતાં મૅકામ તરત પોતાની છાવણી તરફ ઝડપથી પહોંચી ગયો. એ વખતે મૅકલિન્ટૉકે પાડેલી જુદીજુદી ટુકડીઓ જુદીજુદી દિશામાં તપાસાર્થે ઊપડવાની તૈયારી કરતી હતી. મૅકામે આપેલી માહિતીથી મૅકલિન્ટૉકે એ કાર્યક્રમમાં ફેરફાર કરી પીમને મૅકલ્યોરના વહાણની તપાસે મોકલ્યો. આમ મૅકામનાં કુતૂહલ અને રખડવાના શૉખે તેમને મૅકલ્યોરની ભાળ કઢાવી આપી અને બિનજરૂરી રખડપટ્ટીમાંથી ઉગારી દીધા.

સાહસિક પીમ મૅકલ્યોરની તપાસ કરવા ગયો એ દરમ્યાન મૅકામ, મૅકલિન્ટૉક અને હૅમિલ્ટને પોતાની ટુકડીઓ સાથે બરફમાં સેંકડો માઈલનો પ્રવાસ બરફગાડી ખેંચતાં ખેંચતાં કર્યો ને ફ્રૅન્કલિન તથા એને શોધવા ગયેલા કૉલિન્સનની શોધની સાથોસાથ નવા પ્રદેશો શોધવાનું તથા એના નકશા તૈયાર કરવાનું કાર્ય પણ કર્યું. આ તરફના ધ્રુવપ્રદેશમાં તેમણે કેટલાક નવા ટાપુઓ શોધી કાઢ્યા ને તેમને 'એગ્લિન્ટન', 'પ્રિન્સ પૅટ્રિક', 'પૉલિનિયા', 'એમરલ્ડ' વગેરે નામો આપ્યાં.

આ તપાસ-કાર્ય દરમિયાન મૅકામે મેલવિલે ટાપુની પશ્ચિમે ૧૧૭૩ માઈલ સતત બરફગાડી ખેંચીને પ્રવાસ કર્યો. એ જ રીતે મૅકલિન્ટૉકે એ ટાપુની ઉત્તરે ૧૪૦૮ માઈલનો પ્રવાસ કર્યો. બરફગાડી સાથે એકસામટો આટલો લાંબો પ્રવાસ ધ્રુવપ્રદેશમાં બહુ ઓછાએ કર્યો છે. વળી મેલવિલે ટાપુનું સૌન્દર્ય ધ્રુવપ્રદેશમાં અનોખી જ ભાત પાડે છે. આમ ફ્રૅન્કલિનની તપાસ નિમિત્તે મૅકલિન્ટૉક, મૅકામ, હૅમિલ્ટન વગેરેને આ પ્રદેશના અપ્રતિમ સૌન્દર્યનું પાન કરવાની, સાથેસાથે કેટલાક નવા ટાપુઓ શોધવાની તથા મૅકલ્યોરનો પત્તો મેળવ્યાનો જશ ખાટવાની અમૂલ્ય તક મળી. તેમણે આ ટાપુ અને એની આસપાસના પ્રદેશમાં હજારો માઈલનો પ્રવાસ કર્યો, પરંતુ ફ્રૅન્કલિનની તપાસના મૂળ કાર્યમાં તેમને હજુ કંઈ પણ સફળતા મળી નહોતી, કારણ કે એ માટે તેઓ પહેલેથી જ ખોટી દિશામાં આવી ચડ્યા હતા.

મૅકલ્યોરની કહાણી

કૅપ્ટન કૅલેટની વિદાય લઈ મૅકલ્યોરે પોતાના વહાણ 'ઈન્વેસ્ટીગેટર'ને બેરિંગ સામુદ્રધુનીની પૂર્વે તરફ લીધેલું. મૅકેન્ઝી નદીના મુખ આગળથી એણે ઉત્તર તરફ પ્રયાણ કર્યું; પરંતુ ફ્રૅન્કલિનને જે દિશા તરફ જવાની સૂચના આપવામાં આવી હતી એ દિશાના માર્ગે મૅકલ્યોરને કોઈ સામું મળ્યું નહિ. એથી તેઓ પૂર્વ તરફ આગળ અને આગળ જવા લાગ્યા અને બેરો સામુદ્રધુનીની નજીક પહોંચી ગયા. મૅકલ્યોરને લાગ્યું કે કદાચ ફ્રૅન્કલિન ન મળે તો કંઈ નહિ, પણ પોતે બેરોનો સમુદ્ર ઓળંગી લૅન્કેસ્ટરની ખાડી મારફત ઈંગ્લંડ પહોંચી જાય તો વાયવ્ય દિશાનો માર્ગ, એક છેડેથી નહિ તો બીજે છેડેથી સંપૂર્ણ શોધવાનો યશ પોતાને મળે. એણે પોતાનાં માણસોને આ વાત કરી. એથી સૌ ઉત્સાહમાં આવી ગયા. હવે તેમને ફક્ત ૬૦ જ માઈલનો અજાણ્યો સમુદ્ર ઓળંગવાનો હતો. એમાં તેઓ સફળ થાય તો બેડો પાર હતો. મૅકલ્યોર અને એના સાથીદારો ખૂબ ઉત્સાહ[illegible] આવી ગયા અને નવી શોધની કીર્તિ મેળવવાના આનંદમાં અસહ્ય ઠંડી અને ખોરાકની તંગીને પણ ભૂલી ગયા.

પણ જેમજેમ તેઓ આગળ વધતા ગયા તેમતેમ બેરો તરફથી ધસમસતો બરફ તેમના તરફ આવવા લાગ્યો; અને એકબે દિવસમાં તો ઊંચા ઘોડાપૂરની જેમ ધસતા આવેલા બરફે તેમના વહાણને ઘેરી લીધું. હવે આગળ જવાનું અશક્ય બની ગયું હતું. પાછળ જવા માટે સમુદ્રમાં માર્ગ સરળ હતો; આગળ જવામાં (અનુસંધાન પૃષ્ઠ ૧૧૨મે)

હનીમૂન

લેખક · ચંદ્રકાન્ત બક્ષી

ઉત્તરનાં વેરાન મેદાનો ચીરતીચીરતી ગાડી પહાડપુરના સુમસામ સ્ટેશન પર આવીને ઊભી રહી ત્યારે ગૅસની ઝાંખી બત્તીઓ જલી ગઈ હતી અને ગાર્ડે રંગીન ઝંડાઓ પોતાની બૅગમાં મૂકી દીધા હતા. અહીંથી પહાડી ઇલાકો શરૂ થતો હતો અને મેદાનોની ગરમ લૂ માત્ર ડબ્બાઓ અને બારીઓ પર ધૂળના થર મૂકીને ચાલી ગઈ હતી. પહાડપુરથી ડેલહાઉસીનું હિલ-સ્ટેશન અઢાર માઈલ પશ્ચિમમાં પડતું હતું અને છેલ્લી બસ સાંજે સાત વાગ્યે ઊપડી જતી હતી. અલકા હાથમાં પર્સ હલાવતી ઉજ્જડ સ્ટેશન પર નજર ફેરવતી હતી ત્યાં પ્રકાશે કહ્યું, 'તું સામાનનો ખયાલ રાખ, હું જરા બસની તપાસ કરી આવું.'

ગાર્ડે લીલી બત્તી હલાવી અને ગાડી થાકી ગએલા ઘોડાની જેમ ઊપડી. થોડી વારમાં સ્ટેશન પૂર્વવત્ થઈ ગયું. માત્ર ખુલ્લા નળોના જોરથી વહેતા ગરમ પાણી સિવાય બધું શાંત થઈ ગયું. સામેથી પ્રકાશ એક કુલી સાથે આવી રહ્યો હતો.

'કેમ?' અલકાએ પૂછ્યું.

'બસ તો અડધા કલાક પર ઊપડી ગઈ છે. હવે કાલે સવારે ત્રણ-ચાર બસો મળશે. ત્યાં સુધી રાત અહીં જ ગાળવી પડશે.'

'આપણે અહીં વેઇટિંગ રૂમમાં જ રાત રહી જઇએ.' અલકાએ કહ્યું.

'નહીં', પ્રકાશે હસતાં હસતાં કહ્યું, 'હનીમૂનની શરૂઆત જ વેઇટિંગ રૂમથી કરવા માગે છે?...પાસે જ ડાકબંગલો છે. ત્યાં ડબલ બેડવાળા રૂમ મળે છે. જો ગાડી ટાઈમસર આવી હોત તો આપણે નવ વાગ્યે ડેલહાઉસી પહોંચી ગયા હોત; પણ હવે ઉપાય નથી.'

કુલીએ સામાન ઉપાડીને ચાલવા માંડ્યું. સ્ટેશનની બહાર એક પણ વાહન ન હતું. મુખ્ય રસ્તાની બંને બાજુએ જૂનાં પતરાંની હોટલોમાં પહાડી માણસો ગરમગરમ ચા પી રહ્યા હતા અને ગપ્પાં મારી રહ્યા હતા. ભીની ધૂળમાં ખાડા ખોદીને હાંફતા કુતરા જીભ લપકાવતા બેસી ગયા હતા. સડક પર બકરીનું એક સફેદ બચ્ચું કૂદતુંકૂદતું આવ્યું અને અલકાની સાડીમાં ઘૂસી ગયું. પાછળ એક નાગો છોકરો દોડતો આવ્યો, પણ અલકાને જોઈને ઊભો રહી ગયો. અલકાએ બચ્ચાને પકડી લીધું એટલે બચ્ચાને ઉપાડીને એ પહાડી ભાષામાં બબડતો દોડી ગયો.

થોડું ચાલ્યા બાદ ડાકબંગલો આવી ગયો. ડાકબંગલાની આગળ જ બસ-સ્ટૅન્ડ હતું ને પાછળનો એક ખુલ્લો રૂમ નક્કી કરાવ્યો. અત્યારે ત્રણ-ચાર પ્રવાસીઓ સિવાય બંગલો બિલકુલ ખાલી હતો.

રૂમમાં જઇને અલકાએ બારી ખોલી. દૂરના ટેકરાઓ ઠંડા અંધકારમાં સૂઈ ગયા હતા. બંગલાની પાછળ એક મોટું તળાવ હતું અને કિનારા પર બે લાલ બત્તીઓ જલી રહી હતી.

અલકાએ ધીમેથી કહ્યું, 'અહીં એક તળાવ છે.'

'સરસ, જો પાણી ચોખ્ખું હશે તો હું સવારે તરીશ.' પ્રકાશે બારી પાસે આવીને ઝૂકીને કહ્યું.

'નહીં, નહીં. આવાં પહાડી તળાવોનો ભરોસો નહિ. અજાણ્યાં પાણીમાં શું હોય, શી ખબર પડે?' અલકાના અવાજમાં ગભરાટ આવ્યો.

'આપણે તો હવે અહીં તરીને જ ડેલહાઉસી જવાના.'

'તું તો કેવો છે? બિલકુલ સમજતો નથી.' અલકાનો ચહેરો ગુસ્સામાં સખત થયો.

ડાકબંગલાના મુસલમાન ખાનસામાએ ટેબલ પર ખાણું ગોઠવી



દીધું—ચપાતી, તરકારી, દાલ. બંનેએ ચુપચાપ ખાવા માંડ્યું—ભૂખ પણ લાગી હતી. પાસે સુરાહીમાં ઠંડું પાણી ભરેલું પડ્યું હતું. થોડી વારે અલકાએ કમરાની બહાર નજર ફેંકતાં કહેવા માંડ્યુ, 'મને તો આવા ડાકબંગલા બિલકુલ પસંદ નથી. હોટલ ન હોય તો આના કરતાં તો ધર્મશાળા સારી. જોને સિલિંગનાં બીમ પણ ઝૂલી રહ્યાં છે.'

'હું તો ડાકબંગલા જ પસંદ કરું. જૂના જમાનાની સરાય જેવા લાગે. આવામાં હનીમૂન કર્યો હોય તો જિંદગીભર યાદ રહે.' પ્રકાશ બોલતો ગયો, 'જો, અહીં પહાડો છે, તળાવ છે, ઠંડીઠંડી હવા છે, અને...હમણાં જ તારે માટે ચાંદ ઊગી જશે.' પ્રકાશના ચહેરા પર સ્મિત ફરક્યું.

'તને આવા અંધારા એકાંતમાં મજા આવે છે, અને મને ડર લાગે છે. હું તો ટ્યૂબલાઈટવાળો રૂમ પસંદ કરું. રેડિયો વાગતો હોય, એક નાનો નાઈટલૅમ્પ જલતો હોય, વસતિ હોય.'

ખાણું પતી ગયું. ખાનસામો ટેબલ સાફ કરી ગયો અને પડદો ફેલાવીને ચાલ્યો ગયો.

અલકાએ બારી બહાર જોવા માંડ્યું. અંધારામાંથી તળાવના કિનારે ઊગી નીકળેલાં પહાડી ફૂલોની જંગલી ખુશ્બૂ હલકીહલકી આવી રહી હતી. દૂર એક પુરુષ કિનારે કપડાં ધોતોધોતો એક ગીત બુલંદ અવાજે ગાઈ રહ્યો હતો અને એના બેસૂરા પડઘા આવી રહ્યા હતા. પહાડોની પાછળથી સ્વચ્છ ચંદ્ર કાળા આકાશમાં ઊગ્યો, અને તળાવના અંધારા પાણી પર પ્રકાશના ઝિલમિલાતા ટૂકડા નાચવા માડ્યાં. કાદવમાં ઊગેલા છોડવાઓમાંથી અદૃશ્ય જંતુઓના ચિત્રવિચિત્ર અવાજો આવતા હતા. રાત જામતી હતી. ઠંડો પવન ફૂંકાવો શરૂ થયો.

'શું જુએ છે?'

અલકાએ આંખ ફેરવી. એના લાંબા કાળા વાળ ઊડીઊડીને પાછળ ઊભેલા પ્રકાશની છાતી પર ફરફરી રહ્યા.

'કેવી ઠંડી ચાંદની છે!' અલકા થરથરી ગઈ.

પ્રકાશ અલકાના વાળ સામે જોઈ રહ્યો. ચીમળાતા મોગરામાંથી હજુ હલકી [illegible]ની વાસ આવી રહી હતી. ચાંદની કમરામાં ફેલાઈ ચૂકી હતી. પ્રકાશના કાન ગરમ થવા માંડ્યા. કાળા ઑરગન્ડીના બ્લાઉઝની પાછળથી ઠંડું, ગુલાબી માંસ બોલાવી રહ્યું હતું.

'સા'બ!'

પ્રકાશે ચમકીને પાછળ જોયું. બુઢ્ઢા ખાનસામાના હાથમાં એક તશ્તરીમાં ફળો અને એક છરી હતાં. રાત્રે એ ઓછું જોતો હતો. આંખો ઝીણી કરીને એણે પૂછ્યું, 'રાતકો હજૂર ચાય લેંગે યા કૉફી?'

'નહીં, રાતકો કુછ નહીં ચાહિયે.'

માથું ઝુકાવીને ખાનસામો ચાલ્યો અને અલકા ખડખડાટ હસી પડી, 'નકામાં ગભરાવી મૂક્યાં.'

અલકાએ છરી લઈને ફળો છોલવા માંડયાં. પહાડી સતરાં, સફરજન, નાસપાતી. નાનાં ગામડાંઓનાં બજારોમાં વેચાય છે એવી છરી હતી—જેનાથી છરીનું અને છૂરાનું બંને કામ થઈ શકે છે. આ જ છૂરીથી મુર્ગી કપાતી અને મોસંબીની છાલ પણ ઉતારી શકાતી.

'આવી ચાંદની છે, ને ઠંડી છે—બે વર્ષ પહેલાં કોઈની સાથે પ્યાર કરી લીધો હોત તો ખોટું ન હતું.' પ્રકાશે કટાક્ષ કર્યો.

અલકાએ કાપતાં કાપતાં પ્રકાશ સામે જોયું. એનું ધ્યાન રહ્યું નહિ અને લાંબી છરી પલકારામાં ડાબા અંગૂઠામાં ઊંડો ઘા કરી ગઈ. એનાથી એક ચીસ નંખાઈ ગઈ.

'શું થયું?'

'થાય શું? આ જો—' અલકાના અંગૂઠામાંથી ખૂન સારા પ્રમાણમાં વહેવા માંડયું. પ્રકાશે અંગૂઠો પોતાની હથેલીમાં દબાવી દીધો પણ લોહી વહેતું રહ્યું. સાડી પર ગરમગરમ ટીપાં પડવા માંડયાં. અલકાથી દુ:ખની ચીસ પડી ગઈ.

'અલકા, અંગૂઠો પકડી રાખ. હું ખાનસામાને બોલાવું છું. કંઈક દવા લઈ આવું.'

પ્રકાશ કમરાની બહાર નીકળ્યો. બાજુના કમરા વપરાશ ન હોવાથી બંધ હતા. એક આડા કરેલા બારણા પાસે એક નાનો મજબૂત માણસ સિગરેટ પીતો હતો.

'ખાનસામો ક્યાં રહે છે?' પ્રકાશે પૂછયું.

'કેમ?'

'જરા મારી પત્નીને છરી વાગી ગઈ છે. ખૂન નીકળે છે. કદાચ એની પાસે કંઈ દવા હોય તો—'

પેલા માણસે ધુમાડો કાઢતાં કહ્યું, 'અહીં ડાકબંગલામાં દવા કેવી? આ તો ઉજ્જડ ગામ છે. મારી પાસે ફર્સ્ટ એઈડનો સામાન છે. જો તમને કામ આવી શકે એમ હોય તો ચાલો.'

પ્રકાશને આનંદ થયો. આટલી જલદી દવા મળી જવાની એણે આશા રાખી ન હતી.

'તમે ખરે વખતે કામ આવી ગયા.' પ્રકાશે આભાર સહ કહ્યું.

પેલા માણસે સિગરેટ ફેંકીને કમરામાં પ્રવેશ કર્યો. ફર્સ્ટ એઇડ કિટ લઇને એ બહાર આવ્યો અને કહેવા માંડયો, 'હું પણ તમારા જેવો જ પ્રવાસી છું. પણ મારે આ તરફ વધારે ફરવાનું રહે છે એટલે આવી જરૂરી ચીજો સાથે જ રાખું છું.'

બંને, અલકા બેઠી હતી એ કમરામાં આવ્યા. અલકાના હાથનો રૂમાલ લોહીથી તરબોળ થઈ ગયો હતો અને એના ખૂબસૂરત ચહેરા પર ફિક્કી સફેદી પથરાઈ ગઈ હતી. એણે થાકેલા અવાજે કહ્યું, 'તું પણ કેવો છે? કેટલી બધી વાર કરી!'

'વાર ક્યાં થઈ જ છે? આ તો આ ભાઈ મળી ગયા, નહીં તો આવા ગ્રામમાં આ ટાઇમે દવા ક્યાંથી લાવવી અને રાતના કોને શોધવા જવું?'

નવા માણસે બૅગ ખોલીને ઘા ધોયો અને એક ડબ્બીમાંથી વિચિત્ર લાગતો કાળો મલમ લગાવીને પાટો બાંધી દીધો. અલકાને લોહી વિશેષ વહી ગયું હતું.આરામ કરવાનું કહીને એ બૅગ લઇને ચાલ્યો ગયો.

પ્રકાશ બારણું બંધ કરીને અલકાની પથારી પર આવીને બેઠો. અલકાના વાળમાં આંગળીઓ ફેરવતાં એણે કહ્યું, 'અલકા, તું સુસ્ત થઇ ગઈ છે. જરાક વાગ્યું એમાં...'

એકાએક પ્રકાશે જોયું કે અલકાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

'કેમ શી વાત છે?'

અલકાએ શ્વાસ ખાઈને કહ્યું, 'આ માણસ તેં જોયો?'

'હા.' પ્રકાશ હસ્યો.

'એ ડૉક્ટર છે.'

'હા—હશે.'

'મારીસામેફેત્રાઆંખોફાડીફાડીનેજોઇ રહ્યોહતો—પાગલની જેમ!'

'શું નાના બચ્ચા જેવી વાતો કરે છે?' પ્રકાશે વાત સંકેલવા માંડી.

'તેં જોયું?—' અલકાની આંખો મોટી થઈ ગઈ, 'એના જમણા હાથમાં ત્રણ જ આંગળીઓ હતી!'

એકદમ અલકા જોરથી પ્રકાશને ભેટી પડી અને રડી પડી.

પ્રકાશે અલકાની પીઠ પર હલકો હાથ ફેરવતાંફેરવતાં સાંત્વન આપવા માંડયુ, 'રડ નહીં. ત્રણ આંગળીઓ તો ઘણા માણસોને હોય છે, એમાં શું? હું અહીં છું, પછી ગભરાવાની શી જરૂર?'

'પ્રકાશ... પ્રકાશ...,મને ડર લાગે છે,' પ્રકાશની છાતીમાં માથું નાખીને અલકા રડવા માંડી. પ્રકાશ માત્ર હાથ ફેરવતો રહ્યો.

થોડી વારે અલકાએ ભીની આંખોથી પ્રકાશ તરફ જોતાં કહ્યું, 'તું મારી પાસે જ આ પથારીમાં સૂઈ જા. આપણે ડેલહાઉસી જવું નથી. કાલની ટ્રેનમાં જ આપણે દિલ્હી ચાલ્યાં જઈશું.'

પ્રકાશની આંખો અંધારામાં ટગમગી ઊઠી. એણે દબાએલા અવાજે પણ સ્વસ્થતાથી કહ્યું, 'તારી ઇચ્છા નહીં હોય તો આપણે ડેલહાઉસી નહીં જઇએ. આપણે કાલે જ દિલ્હી ચાલ્યા જઈશું, બસ?... ચાલ હવે સૂઈ જા.'

બીજી સવારે પ્રકાશે ખાનસામાને સામાન ખસેડવાની સૂચના આપી ને ખાલી કમરાઓની તપાસ કરવાનો વિચાર કર્યો. આખા બંગલામાં ત્રણ જ માણસો હતા. કુલ્લુ ઘાટીનો એક ફૉરેસ્ટ ઑફિસર, જમ્મુમાં નોકરી કરતો એક પોલીસ કૉન્સ્ટેબલ અને લુધિયાણાના એક પંજાબી લાલા સાહેબ. પ્રકાશે ત્રણેના હાથ જોઈ લીધા—બધાને પાંચ આંગળીઓ બરાબર હતી! ગઇ રાતનો રૂમ પ્રકાશ ભૂલી ગયો હતો. એણે બધા જ ખાલી રૂમ ખખડાવી જોયા. ક્યાં ય ત્રણ આંગળીઓવાળા કોઈ માણસનું નામોનિશાન ન હતું. થોડી વારે ખાનસામાએ આવીને કહ્યું, 'હજૂર, અસબાબ કિધર હટાના હૈ—બસ પે કિ સ્ટેશન પર?'

'સ્ટેશન પર લે લો, હમ લોગ દેહલી જા રહે હૈં—પહલી ગાડીસે.'

ખાનસામા ચાલ્યો ગયો. પ્રકાશે કમરામાં આવીને જોયું ત્યારે અલકા ચા પી રહી હતી. એણે પૂછયુ. 'ક્યાં ગયો હતો—આટલી વાર?'

'ક્યાં ય નહીં, જરા જવાની તૈયારી કરતો હતો. કેમ છે તારી તબિયત?...રાતના તો મને પણ ગભરાવી મૂક્યો.' પ્રકાશ હસ્યો.

'મારે તને બધી વાત કહેવી છે, પણ હમણાં નહીં, ગાડી ઊપડે પછી. હું તારા નરક જેવા આ ડાક-બંગલામાં જિંદગીભર નહીં આવું.' અલકાએ એનું નાનું માથું ગુસ્સામાં હલાવતાં કહ્યું.

'હું કાલ રાતવાળા ડૉક્ટર સા'બની તપાસે ગયો હતો, પણ એ ફરવા ગયા લાગે છે. ક્યાં ય દેખાયા નહીં!'

'બસ. તું એ માણસની વાત મારી પાસે કરીશ નહીં.' અલકાએ જોરથી કહ્યું. એનાં ભવાં સંકોચાઇ ગયાં અને આંખોમાંથી ભયની એક ધ્રુજારી પસાર થઈ ગઈ.

પ્રકાશે અલકાને હાથ પકડીને ઊભી કરી. બહાર સામાન પડયો હતો અને પાસે એક તગડો કુલી છોકરો બીડી પી રહ્યો હતો. તાજગીભરી ઠંડી હવા ફૂંકાઇ રહી હતી. અલકાને બહાર સામાન પર બેસાડીને પ્રકાશે કહ્યું, 'તું અહીં હવામાં બેસ, હું પાંચેક મિનિટમાં હિસાબ ચૂકવીને આવું છું.'

પ્રકાશ ઝડપથી બંગલામાં ધૂસીને દરવાન પાસે ગયો. બુઢ્ઢો દરવાન હુક્કો ગડગડાવી રહ્યો હતો. પ્રકાશને જોઈને એણે નળી મોઢામાંથી બહાર કાઢી નાખી. પ્રકાશે પૈસા ચૂકવીને ધીમા અવાજે પૂછયું, 'ચાચા, અત્યારે બંગલામાં કેટલા માણસો રહે છે?'

દરવાનની આંખો પહોળી થઈ, 'ત્રણ માણસો છે–એક ફૉરેસ્ટ ઑફિસર છે, એક પોલીસનો માણસ છે, એક લાલા સા'બ છે. બાકી તો તમે બે જણાં હતાં.'

પ્રકાશે અચકાયા વિના સીધું જ પૂછી નાખ્યું, 'અહીં ત્રણ આંગળીવાળો કોઈ માણસ રહે છે?'

'કેમ?' દરવાન ચમકયો.

'જરા વાત સાંભળી હતી એટલે તમને પૂછયું.'

'જુઓ, મેં પોતે તો ત્રણ આંગળીવાળો કોઈ માણસ અહીં જોયો નથી, પણ અહીં ચાલુ આવતા જતા મુસાફરો કોઈ કોઈ વાર કહે છે કે મધરાતે ઉપર લૉબીમાં એક ભૂત સિગરેટ પીતુંપીતું આંટા મારે છે. એને એક હાથે ત્રણ આંગળીઓ છે. પણ કોઇએ કંઈ શિકાયત કરી નથી.' દરવાને દાઢી પર હાથ ફેરવતાં પૂછયું, 'તમને કંઇ અનુભવ થયો કે?'

પ્રકાશે કહ્યું, 'ના...ના...અમારી રાત તો બહુ આરામથી ગઈ.' એ સલામ કરીને ચાલતો થયો.

પાસે આવીને પ્રકાશે ભીનાશથી કહ્યું, 'ચાલ અલકા, છેલ્લી વખત જોઈ લે આ જગ્યાને. હવે આપણે ફરી આ સ્થળે આવવું નથી.'

પ્રકાશને જોઈને કુલી છોકરો બીડી ફેંકીને ઊભો થયો. અલકા પણ ડાકબંગલા તરફ જોતી ઊભી થઇ ગઇ.

પહાડોની હારમાળા પાછળ છોડીને ગાડી તેજગતિએ સૂકાં મેદાનો કાપી રહી હતી. હવા ગરમ થઇ ગઈ હતી અને રેલવે લાઈનને સમાંતરે ઊગેલાં એકલદોકલ વૃક્ષોને છોડતાં આંખ ફેંકાય ત્યાં સુધી તડકામાં તરસતી જમીન પડી હતી. દિલ્હી આવવાને હજુ વાર હતી અને ડબ્બામાં સારી ભીડ હતી.

પ્રકાશે ઊભા થઇને કાચનું શટર બંધ કરતાં કહ્યું, 'ચાલ હવે તું તારી વાત કર. મારે દિલ્હી જઈને વાત સાંભળવી નથી–અહીં જ કહેવા માંડ.'

અલકાએ અનિશ્ચિત દૃષ્ટિએ જોવા માંડયું.

'શું જુએ છે? પહાડપુર તો બહુ દૂર ચાલ્યું ગયું—દસ વાગ્યે તો દિલ્હી આવી જશે.'

અલકા અચકાઈ. છેવટે એણે બધી હિંમત ભેગી કરીને કહ્યું, 'આપણાં લગ્ન થયાં ત્યારથી જ હું તને આ વાત કહેવા માગતી હતી, પણ મને ડર હતો કે તને નહીં ગમે. તું મને નફરત કરીશ.'

'નહીં, નહીં, તું મને બેફિકર કહે. પછી તું ઘેર ગયા બાદ નહીં કહી શકે. હું અત્યારે જ સાંભળવા માગું છું.'

'વાત સાંભળ્યા બાદ તારો પ્રેમ ઓછો નહીં થઇ જાય?'

'શું નાદાનિયત કરે છે?'

'અચ્છા, સાંભળ.'

'બોલ.'

'લગ્ન પહેલાં હું એક છોકરાને પ્યાર કરતી હતી.'

પ્રકાશ કૃત્રિમરીતે હસ્યો, 'વાહ, સરસ!...પછી?'

પ્રકાશ તરફ જોયા વિના જ અલકાએ ચાલુ રાખ્યું, 'હું દિલ્હીની નૅશનલ મેડિકલ કૉલેજમાં હતી ત્યારે મારાથી એક વર્ષ આગળ એક નેપાળી રાણાનો છોકરો ભણતો હતો. એનું નામ મહેન્દ્ર વિક્રમ શાહ હતું. એના કાકા નેપાળી સેનામાં મેજર હતા. હમણાં બનારસમાં રિટાયર્ડ જિંદગી ગાળે છે. અમારી દોસ્તી થઈ ગઈ. દિલ્હીમાં અમે સાથે ફરતાં. અમે નિશ્ચય કરેલો કે પાસ થઇને અમે શાદી કરી નાખીશું.'

'મેં ચોથા વર્ષની પરીક્ષા આપ્યા બાદ મે વૅકેશનમાં અમારી કૉલેજની એક ટ્રિપ ગોઠવાઈ. અમે બધાંએ પંજાબની ટૂર કરવાનો વિચાર કર્યો. અમે ચાળીસેક છોકરાછોકરીઓ હતાં. અડધા પ્રવાસમાં અમારામાં બે ગ્રૂપ પડી ગયાં. એક ગ્રૂપ સિમલા જવાનું હતું અને બીજું ડેલહાઉસી. મેં સિમલા જોયું ન હતું એટલે મેં સિમલા પસંદ કર્યું. ટ્રેનમાં મેં મહેન્દ્રને કહ્યું કે આપણે હવે અમૃતસરમાં મળીશું.

'ડેલહાઉસીવાળુ ગ્રૂપ રાત્રે પહાડપુર ઊતરી ગયું. અમારે એ જ ગાડીમાં આગળ જવાનું હતું.

'મહેન્દ્ર સરસ તરતો હતો, અમારી કૉલેજનો ચૅમ્પિયન હતો. એણે મને છૂટાં પડતાં પહેલાં કહ્યું, 'અલકા, હું ડેલહાઉસીના લેકમાં ચાંદનીમાં તરતોતરતો તને યાદ કરીશ.' મેં કહ્યું, 'રાત્રે તરવાનું તારે એકદમ બંધ કરી દેવું પડશે. એ બહુ ખરાબ આદત પડી ગઈ છે. મહેન્દ્રે કહેવા માંડયું, 'તને ખબર નથી—આ તો ચાંદની છે. પણ હું તો અંધારી રાતે વરસતા વરસાદમાં તરું છું. શી મજા આવે છે—વાત નહીં.' મેં પૂછયું, 'પાણી જોઇને તું કેમ પાગલ થઈ જાય છે?' 'હું પાગલ થતો નથી' એણે કહ્યું, 'પાણી જ મને બોલાવે છે.'

'સિમલા પહોંચ્યાં ત્યારે સવારે અમને તાર મળ્યો કે પહાડપુરના તળાવમાં એ રાત્રે મહેન્દ્ર ડૂબી ગયો હતો.'

એક વિચિત્ર શાંતિ છવાઈ ગઈ. ગાડીના ડબ્બા અને લોકોના સામાનનું તૂટક સંગીત ભરી રહ્યું.

થોડી વારે પ્રકાશે પૂછયું, 'પછી?'

'મહેન્દ્ર ફાઇનલની પરીક્ષા આપીને આવ્યો હતો. એના અવસાન પછી રીઝલ્ટ બહાર પડયું—એ પાસ થઇ ગયો હતો.

'...હા, એક વાત કહેવી રહી ગઈ,' અલકાએ ચાલુ રાખ્યું, 'નાનપણમાં એક વાર મહેન્દ્ર એના કાકાની દેશી બંદૂકમાં દારૂ ભરતો હતો ત્યારે દારૂ ફાટયો હતો ને એના જમણા હાથની બે આંગળીઓ ઊડી ગઈ હતી...એના જમણા હાથ પર ખાલી અંગૂઠો ને બે આંગળીઓ જ હતાં.'

'હું.'

બંને ચૂપ થઈ ગયાં. પ્રકાશના દિમાગમાં વિચારો કરંટની જેમ દોડી રહ્યા હતા.

દિલ્હીનું સ્ટેશન આવવા માંડયું. ટ્રેન પાટાઓ બદલતી, ચીસો પાડતી, પુલો નીચેથી ધીરેધીરે દોડી રહી હતી. રેલવે લાઈનનાં મકાનો પર બ્લૂ રંગથી ચીતરેલી ઉર્દૂ જાહેરખબરો પસાર થવા માંડી. દૂર પ્લૅટફૉર્મ પર, દરમાંથી કીડીઓ નીકળી પડી હોય એમ, લાલ કુર્તા પહેરેલા કુલીઓનાં ટોળાં ઊભાં હતાં. ઉતારુઓમાં એક ચહલપહલ મચી ગઇ.

ગાડી પ્લૅટફાર્મ પર આવીને ઊભી રહી. અલકા નીચે ઊતરી ગઇ. કુલીઓએ ડબ્બામાં ધસારો કર્યો. લોકો પોતપોતાના સામાનની આસપાસ ઊભા રહી ગયા. એક કુલીએ સાફો લપેટતાં અલકાને પૂછયું, 'કિધર જાયેંગી, બહનજી?'

પ્રકાશ ડબ્બાની બહાર આવી ગયો અને ખાલી ડબ્બામાં નજર ફેરવતાં એણે કુલીને કહ્યું, 'ચલો.'

અલકાએ ડબ્બામાં જોતાં કહ્યું, 'અરે, કોઈની બૅગ રહી ગઈ છે!' એક બૅગ ડબ્બામાં રહી ગઈ હતી.

પ્રકાશે નાની બૅગ બહાર ખેંચી લીધી. બૅગને તાળું ન હતું. ઉપર એક નાનો લાલ ક્રૉસ કર્યો હતો. બૅગ ખોલતાં થોડી ફર્સ્ટ એઇડની દવાઓ નજરે પડી. સાથે એક નાની ચિઠ્ઠી હતી, લખ્યું હતું, 'અલકા–પ્રકાશને લગ્નપ્રસંગે સપ્રેમ ભેટ—મહેન્દ્ર વિક્રમ શાહ, એમ.બી.બી.એસ.'

'ચલીએ, બાબુજી!' કુલીએ સાફાના છેડાથી પસીનો લૂછતાં કહ્યું.



વાળો

માંદગીનાં મૂળ હપતો ૩૭મો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પીવાના પાણી સાથે સાયકલોપ્સ(cyclops)નામના સૂક્ષ્મ જીવો પેટમાં જઈ એના શરીરમાંનાં વાળાનાં નાનાં બચ્ચાં આપણાં શરીરમાં છૂટાં પડવાથી વાળાનો રોગ(guinea-worm) થઈ આવે છે. વાળો એકથી ત્રણ ફૂટ જેટલો લાંબો હોય છે. મોસીસના 'અગારિયા સર્પ' (Fiery Serpent) તરીકે પણ ઓળખાતો આ રોગ મદીનામાંથી હિંદમાં આવ્યો હોવાનું મનાય છે.

વાળાનો રોગ રાજસ્થાનમાં મેવાડ, ઉદેપુર, ખેરવારા, ડુંગરપુર, કોટા, બુંદી, અલ્વર, જયપુર વગેરેમાં ખાસ પ્રચલિત છે અને ગુજરાતમાં મોડાસા, દાહોદ અને બનાસકાંઠામાં. એ ઉપરાંત, દખ્ખણ, મધ્ય હિંદ અને મદ્રાસના પશ્ચિમ ભાગોમાં પણ તે સામાન્ય છે. રોગવાળા પગ ધોવાય અને વાસણો મંજાય એવાં વાવનાં બંધિયાર પાણી પીવાના કામમાં લેવાતાં વાળાનો રોગ થાય છે.

જ્યાં વાવનો વપરાશ હોય ત્યાં રોગિષ્ટ લોકો વાવના પાણીમાં પગ ધુએ છે ને વાસણો માંજે છે. પગ ધોતી વખતે વાળાનાં બચ્ચાં વાવનાં પાણીમાં પ્રવેશે છે કેમકે એમને પાણી વિશેષ પ્રિય હોય છે. વાળાનાં બચ્ચાંને સાયકલોપ્સ ગળી જાય છે. ગાળીને પાણી ન પીવાની ટેવથી પાણી સાથે સાયકલોપ્સ પણ પેટમાં જાય છે. હોજરીમાં હાઈડ્રોક્લોરિક ઍસિડથી ઘણા સાયકલોપ્સ મરણ પામે છે, પણ થોડાં બચી જતાં એમાં વસેલાં વાળાનાં બચ્ચાં છૂટાં પડી શરીરની પેશીઓમાં ઘૂસી જાય છે. અહીં નર અને માદાનું મિલન થાય છે. મોટા ભાગે નર મરી જાય છે, પણ પાણીની તરસી સગર્ભા માદા પ્રજનન માટે સુરક્ષિત સ્થાનની શોધમાં નવ મહિનાના ગાળામાં પગ ભણી પ્રયાણ કરે છે. અહીં માદા પોતાના મોંમાંથી ઝેરી લાળ કાઢે છે, જેના લીધે રોગીની ચામડી ઉપર ફોલ્લો ઊઠે છે. એમાં પુષ્કળ ચૂંટ આવે છે, સોજો આવે છે. એ ભાગ લાલ થઈ ખૂબ પીડા આપે છે. ખંજવાળવાથી ફોલ્લો ફૂટે છે ને ત્યાં ચાંદી પડે છે. આ ચેપી (infected) માણસ નાહવા, કપડાં ધોવાં, વાસણ માંજવા કે પાણી પીવા વાવ ને તળાવના બંધિયાર પાણીમાં ઊતરે ત્યારે પાણી-તરસ્યાં વાળાનાં બચ્ચાં (Larvoe) પગના ચાંદા વાટે વાવના પાણીમાં જાય છે. એમને સાયકલોપ્સ ગળે છે. ગાળ્યા વગરનું કે જેમતેમ ગાળેલું પાણી પીનારના પેટમાં પાણી સાથે સાયકલોપ્સ પણ પ્રવેશે છે, અને તેની સાથે વાળાના જીવાણુઓ પણ. આ રીતે એમના જીવનનું ચક્ર પૂરું થાય છે.

વાળાની માદા શરીરના નીચલા ભાગમાં ઊતરી સપાટી ઉપર આવી ફોલ્લો ઉઠાવે છે. ફોલ્લો ફૂટવાથી ચાંદું પડે છે. એની મધ્યમાં ધોળા તાંતણા જેવું વાળાનું માથું દેખાય છે. ફોલ્લો ઊઠતાં અગાઉ શરીરે શીળવા, ચક્કર, ઊબકા, ઊલટી, ખંજવાળ વગેરે થઈ આવે છે. જ્યારે વાળો પેશીઓમાં ઊંડો હોય કે સાંધા પાસે હોઈ સપાટી ઉપર ન આવી શકે ત્યારે ત્યાં સોજો થઈ આવે છે. સાથે તાવ, માથાનો દુખાવો અને ઊલટી પણ થાય છે. મોટા ભાગનાં રોગીઓને ચામડી નીચે સળવળતા વાળાની જાણ થાય છે. કોક ભાગ્યશાળી કિસ્સામાં પીડાના ચિહ્નો થયા વગર પણ વાળો શરીર બહાર નીકળી આવે છે.

લોકોને આરોગ્યનું શિક્ષણ આપી વાળાનો રોગ નિવારી શકાય છે. ચોખ્ખું પાણી પીવાથી વાળાનો રોગ થતો નથી. હજારો વર્ષો અગાઉ મનુ ભગવાન પણ કહી ગયા છે કે—**वस्त्रपूतम् जलं पिबेत।** કપડા વતી ગાળીને પાણી પીવું. ઝીણા કાપડ વતી ત્રણ-ચાર વાર ગાળ્યા બાદ પાણી પીવું. જ્યાં વાળાનો ઉપદ્રવ હોય ત્યાં કૂવા, વાવ અને તળાવનાં બંધિયાર પાણી ઉકાળીને શુદ્ધ કર્યા બાદ જ પીવાં. વાવમાં પગ ધોવા કે વાસણ માંજવા ઉપર પ્રતિબંધ મૂકવો. વાવ ને કૂવાનું પાણી ક્લોરિન કે પોટાસ પરમેન્ગેનેટ વતી જંતુશૂન્ય બનાવવું.

વાળો બહાર નીકળતાં અગાઉ મહાપીડા ઉપજાવે છે. રોજ એક વાલ હિંગ ગળવાથી વાળો જલદી બહાર નીકળી આવે છે. બીજો ઉપાય કુવેચની શિંગ ઉપરની થોડી રુવાંટી વાળો નીકળવાની જગ્યા ઉપર નાંખવાનો છે. વૈદ્ય ગુલામહુસેન એસ. મલમપટ્ટાવાળા વાળાને બહાર લાવવા પોટીસ બાંધવાનું કહે છે. ઘઉં કે બાજરીનો લોટ ૫ તોલા, દળેલું મીઠું ૧ તોલો, દળેલી હળદર ૧ તોલો, પાણી ૧૦ તોલા; વાડકામાં આ બધી વસ્તુઓ મેળવી ચૂલા ઉપર મંદ તાપે ચમચા વતી હલાવતા રહી પાણી બાળવું. શીરા જેવું ઘટ્ટ બને એટલે પોટીસ બની સમજવી. છ ઇંચ સમચોરસ કાપડના બે ટુકડામાં પોટીસના બે ભાગ કરી પોટીસ નાખવી, કપડું સંકોરી પોટલી બનાવી એના ઉપર દોરો લપેટવો. સઘડી ઉપર ગરમ થતા પાણીની તપેલી ઉપર ચારણી ઢાંકવી. ચારણીમાં પોટીસની પોટલીઓ મૂકવી. વરાળથી તે ગરમ થયે વાળાની જગ્યા ઉપર મૂકી અડધા કલાક સુધી શેક કરવો. દિવસમાં આવો શેક બે-ત્રણ વાર કરવો. આઠ દિવસ બાદ પોટીસની નવી પોટલીઓ બનાવવી.

વાળો જ્યારે થાપા કે ઘૂંટણના સાંધામાં ભરાય ત્યારે તેને બહાર કાઢવા માટે તે ભાગ પર બરફ કે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. વાળો ચામડી નીચે આવે એટલે દાક્તર પાસે ચીરો મુકાવી તેને બહાર ખેંચી લેવો.

ચાંદામાંથી વાળો બહાર દેખાય એટલે એને આંગળી વતી પકડી જરા ખેંચી દીવાસળી ઉપર વીંટવો. આ કામ માટે વપરાતી દીવાસળી કે લાકડાની સળી ગરમ પાણીમાં ઉકાળી કે સ્પિરિટ વતી શુદ્ધ બનાવેલી હોવી જોઇએ. જાળવવાનું એટલું કે વાળાને બહુ ખેંચવો નહિ. વાળાને સળી ઉપર થોડો લપેટી લેવો. પછી તેના ગૂંચળા વાળી ચામડી ઉપર ઠંડા પાણી કે બરફનાં પોતાં મૂકવાં અગર તો એરંડિયા તેલ વતી ધીમા હાથે માલિસ કરવું. આમ કરતાં વાળો નીકળતો જાય તેમતેમ તેને સળી ઉપર લપેટવો, અગર તો આસ્તેથી ખેંચવો. વાળો પૂંછડી વતી પેશીઓમાં એવો તો વળગી રહે છે કે તે સહેલાઈથી ખેંચાઈ નથી આવતો. માટે થોડા કલાક કે દિવસ આરામ આપવો. વાળો લપેટેલી સળી ઉપર ભીનું કરેલું દવાખાનાનું રૂ મૂકી પાટો બાંધવો. થોડા વખત પછી ઠંડાં પોતાં મૂકી માલિસ કરી વાળાને ખેંચવો. જો સહેલાઈથી ખેંચાઈ ન આવે તો જોર ન કરવું. આમ કરતાં તે તૂટી જવાની બીક છે. તૂટેલો વાળો શરીરના બીજા ભાગોમાં ત્રાસ અને પીડા ઉપજાવે છે.

વાળો નીકળી જતાં સુધી રોજ તેલનું માલિસ કે ઠંડા પાણીનાં પોતાંનો ક્રમ જાળવવો. ધીરજપૂર્વક ધીમેધીમે અને આંતરેઆંતરે માલિસ અને ઠંડા પાણીના પોતાંના ઉપયોગથી વાળાને શરીર બહાર આસ્તેથી ખેંચી કાઢવામાં રોગીને રોગમુક્ત બનાવવાનું રહસ્ય રહેલું છે.

ઉદેપુરમાં ગિનીવર્મ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ છે. અહીં શોધાએલી વાળાની દવાઓથી–ગિનેઈટ ટેબલેટ્સ ને ડી.સી.એમ. ઈન્જેક્શન વાપરવાથી ફાયદો થાય છે.



સાયક્લોપ્સ

વૈજ્ઞાનિકોએ જેની પૂરી ઓળખ મેળવવાની હજી બાકી છે તે

અંતરીક્ષ કિરણો

લેખક - ગિરીશચન્દ્ર દેસાઇ

સામાન્ય માનવી 'પદાર્થ' (મૅટર) ને 'શક્તિ' (એનર્જી) બંનેને ભિન્ન સમજે છે. દાખલા તરીકે ટેબલ પર સ્થિર પડેલો દડો નુકસાનકારક નથી; પરંતુ એ જ દડો જ્યારે જોરથી હવામાં ફેંકાય છે ત્યારે ભયજનક બની જાય છે. 'ગતિ'(મોશન)ને કારણે તેમાં આવેલી શક્તિ એને માટે જવાબદાર છે. અહીં દડો એ પદાર્થ છે ને તેને ગતિ આપવાથી શક્તિ ઉત્પન્ન થાય છે; પરંતુ આમાં એક રસિક પ્રશ્ન ઉભો થાય છે: ઈજા કોણ પહોંચાડે છે? દડો? કે તેમાં આવેલી શક્તિ? આપણે ખાલી શક્તિને જ ફેંકીએ તો? શક્તિને ખાલી ફેંકવી શકય નથી, કારણકે તેનું વહન કરવા માટે પદાર્થની જરૂર પડે જ છે. આ ઉત્તરમાં પહેલા પ્રશ્નનો ઉત્તર પણ સમાએલો છે.

ગતિથી આવેલી શક્તિનો દાખલો આપણે જોયો. આ ઉપરાંત પણ શક્તિના અનેક પ્રકાર છે: જેવા કે ચુંબકીય શક્તિ, વિદ્યુત-શક્તિ, ગરમીની શક્તિ તથા અણુશક્તિ. સૌથી છેલ્લી શક્તિનો પરિચય હજી થોડાં વર્ષો પર જ થયો છે. એને લગતા પ્રા. આઇનસ્ટાઈનના સિદ્ધાંતો સામાન્ય માનવીના ખયાલોની વિરુદ્ધ છે. તેમના સિદ્ધાંત પ્રમાણે તો અણુશક્તિની દૃષ્ટિએ પદાર્થ અને શક્તિ વચ્ચે કોઈ જ પ્રકારનો ભેદ નથી. બંનેનું એકબીજામાં સહેલાઇથી રૂપાંતર થઈ શકે છે.

પ્રા. આઇનસ્ટાઈનનો ઉપર્યુક્ત સિદ્ધાંત કિરણોત્સર્ગી પદાર્થોના વિભાજન પર રચાએલો છે. સૌ જાણે છે કે રેડિયમ 'આલ્ફા' બીટા અને ગામા કિરણો બહાર ફેંકે છે. આ સૌ કિરણોમાં ગામા કિરણો અત્યંત શક્તિશાળી છે. તેઓની ઝડપ સેકંડના ૧,૮૬,૦૦૦ માઇલની છે; પરંતુ આ કિરણોથી યે વધુ શક્તિશાળી કિરણો અવકાશમાંથી નિરંતર પૃથ્વી પર ધસી આવે છે. આ છે 'અંતરીક્ષ કિરણો'.


એ અંતરીક્ષ કિરણોની શોધનું મૂળ આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં નંખાયું હતું. બ્રિટિશ વૈજ્ઞાનિક સી. ટી. આર. વિલ્સનને અચાનક એક દિવસ ખયાલ આવ્યો કે પોતાની પ્રયોગશાળામાં રાખવામાં આવેલું વિદ્યુતભારદર્શક (ઇલેક્ટ્રોસ્કોપ) 'કોઈ અજાણબળ'ને લીધે પોતાનો વિદ્યુતભાર (ઇલેક્ટ્રિકલ ચાર્જ) ગુમાવી રહ્યું છે. ઇલેક્ટ્રોસ્કોપમાંથી વિદ્યુતભાર ત્યારે જ જતો રહે, જ્યારે તેના ઢાંકણની અંદર રહેલી હવાનું વિભાજન (આયોનાઇઝેશન) થઈ જાય, અને તેમાંથી વિદ્યુત પસાર થઈ શકે. આ પ્રકારનું હવાનું વિભાજન પ્રકાશના કણોને લીધે યા રેડિયમના કિરણોને કારણે જ થઈ શકે. વિલ્સને ઉપર્યુક્ત કિરણોની અસરને દૂર કરવા માટે તેને પાણીની અંદર તેમજ સીસાની પેટીમાં રાખ્યું, છતાં પણ પરિણામ તો એનું એ જ રહ્યું.

આ ઉપરથી એમ પુરવાર થયું કે ઈલેક્ટ્રોસ્કોપની અંદરની હવાનું વિભાજન 'કોઈ અત્યંત શક્તિશાળી પણ અજાણ કિરણો'ને પરિણામે થાય છે, ને તેની સાથે જ 'આ કિરણો કયાંથી આવે છે? તેમનું સ્વરૂપ કેવું છે?' વગેરે પ્રશ્નો પણ વૈજ્ઞાનિકો સમક્ષ ઉપસ્થિત થયા. પહેલાં તો તેઓને એમ લાગ્યું કે આ કિરણો ખડકોમાંથી આવે છે, એટલે ઇલેક્ટ્રોસ્કોપને દૂર દરિયામાં લઈ જવામાં આવ્યું; પણ પરિણામમાં કંઈ જ ફેર ન પડયો. પછી, આ કિરણો પૃથ્વીના પડમાંથી નીકળતાં હશે એમ માની ઇલેક્ટ્રોસ્કોપને બલૂનની મદદ વડે ઉપર મોકલવામાં આવ્યું. ઈ. ૧૯૧૨-૧૩માં હેસ ને કોલ્હેરેસ્ટરે કરેલા આવા પ્રયોગોને આધારે પુરવાર થયું કે 'કોઈ અજાણ કિરણો'ની શક્તિને લીધે ૨½ માઈલ (૪ કિલોમીટર) ઊંચે ઇલેક્ટ્રોસ્કોપની અંદરની હવાનું વિભાજન વધ્યું હતું; ને ૬ માઈલ(૯ કિલોમીટર)ની ઊંચાઇએ તો કિરણોની શક્તિ દરિયાની સપાટી પરની તેમની શક્તિ કરતાં વીસગણી વધારે નોંધાઈ। આને આધારે હેસે આ 'અજાણ શક્તિ'ને 'અંતરીક્ષ કિરણો' એવું નામ આપ્યું.

હવે વૈજ્ઞાનિકો સમક્ષ નવા પ્રશ્નો ઊભા થયા. અંતરીક્ષ કિરણોની ઉત્પત્તિ ખૂબ ઊંચે વાતાવરણમાં થાય છે? કે પછી તેઓ અંતરીક્ષમાંથી જ આવે છે? 'અંતરીક્ષ' શબ્દની સાથે જ સૌની દૃષ્ટિ સૂર્ય તરફ દોડે એ સ્વાભાવિક છે; પરંતુ આ કિરણોની શક્તિ રાત્રે તેમજ દિવસે એકસરખી જણાઈ. તેથી અંતરીક્ષ કિરણોનો જન્મદાતા સૂર્ય તો નથી જ એમ પુરવાર થયું. તો પછી, વિશ્વમાં નિરંતર ચમકતા તારા યા આકાશગંગાઓ આ શક્તિશાળી કિરણોનો ધોધ પૃથ્વી પર મોકલી આપે છે? આ એક શકયતા સંભવી શકે ખરી.

અણુ અને તેનો ગર્ભ (ન્યુકલીઅસ) રચતા દરેક કણમાં તેનો વિરોધી પ્રતિ-કણ હોય છે. દાખલા તરીકે પ્રોટોન સામે પ્રતિ-પ્રોટોન છે. આવા બે કણો સામસામા અથડાય છે ત્યારે તેઓ ફૂટે છે (એટલેકે તેમનો ધડાકો થાય છે) અને પરિણામે તેમનો 'પદાર્થ' લગભગ સંપૂર્ણ રીતે 'શક્તિ'માં રૂપાંતર પામે છે. આવા પ્રતિ-કણો અંતરીક્ષમાં વિપુલ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. તેઓમાં થતા ઉલ્કાપાતોને પરિણામે અંતરીક્ષ કિરણોની ઉત્પત્તિ થતી હોય એ સંભવિત છે. અત્યાર સુધી વૈજ્ઞાનિકો ઉપર રજૂ કરેલા પ્રશ્નોના ઉત્તરો મેળવી નથી શકયા, પરંતુ સંભવ છે કે અવકાશમાં ભ્રમણ કરનારા બે રુસી ચંદ્રોએ હવે આને લગતી માહિતી ત્યાંના વૈજ્ઞાનિકોને આપી હોય.


હેસ અને કોલ્હેરેસ્ટરના પ્રયોગો દ્વારા પણ કિરણો અંગેની પૂરી માહિતી તો ન મળી શકી. વધારામાં કિરણોના ઉત્પત્તિસ્થાનના પ્રશ્નો



ઇલેક્ટ્રોસ્કોપ

વિદ્યુતભારદર્શક(ઇલેક્ટ્રોસ્કોપ): કોઈ પણ વસ્તુમાં રહેલી વિદ્યુત શોધવા માટે વિદ્યુતભારદર્શકનો ઉપયોગ થાય છે. તેની રચના એટલી સાદી છે કે તે ઘેર પણ સૌ કોઈ બનાવી શકે. બૂચના દટ્ટામાંથી પસાર કરેલા ધાતુના(મોટે ભાગે પિત્તળના) એક સળિયાને નીચલે છેડે સોનાનો કે એલ્યુમિનિયમનો ⅛ ઇંચ પહોળો ને દોઢેક ઇંચ લાંબો ખૂબ જ પાતળો વરખ આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ચોડી તેને કાચના વાસણમાં ઊતારવામાં આવે છે. (કાચના વાસણમાં એટલા માટે કે બહારની હવાની એક આછીશી લહેરખી પણ પેલા અતિનાજુક વરખને હલાવી ન નાખે.) સળિયાને ઉપરને છેડે એ જ ધાતુની રકાબી, ગોળ પતરું કે ગોળો લગાડાય છે—ન લગાડાય તો યે ચાલે. હવે વિદ્યુતભારવાળી કોઈ પણ વસ્તુ એ સળિયાના ઉપરના છેડા નજીક લઈ જતાં વરખના બંને છેડે અપાકર્ષણ થઈ તે એકબીજાથી દૂર ખસશે. આ સાધનથી વિદ્યુતભારનો પ્રકાર તથા તેનું પ્રમાણ જાણી શકાય છે.

વિલ્સનની ક્લાઉડ ચેમ્બર: પુષ્કળ ભેજવાળી પણ રજરહિત સ્વચ્છ હવાને જો વિસ્તરવા (exdand) દેવામાં આવે તો તેનાં અણુઓ (ions) પર ભેજ બાઝી જાય છે. આ હવા જો ૦·૩૮ ગણી ફૂલે તો તેમાંથી પાણીનાં ટીપાં બહાર આવ્યા વગર એકદમ વાદળ (cloud) રચાય છે. આ વાદળમાંથી કિરણોત્સર્ગી પદાર્થોનાં કિરણો પસાર કરવામાં આવે તો તેના માર્ગમાંથી પાણીનાં ટીપાં બહાર નીકળી આવે. આ ટીપાંને પ્રકાશિત કરીને તેના ફોટાઓ પાડી શકાય છે. નીચે એવી રીતે લીધેલા ફોટોગ્રાફ પરથી કરેલા આલેખમાં તીરકસ દેખાતી લીટી એ 'મેસોન' કણના માર્ગની છે. નીચેની આકૃતિમાં अ ચેમ્બરની કાચની છત છે. ब એ ચેમ્બર છે જેમાં ભેજવાળી ધૂળરહિત હવા ભરવામાં આવે છે. ત્યાર બાદ क ગોળામાંથી વાતશોષક (વૅક્યુમ) પંપ વડે બધી હવા કાઢી લઇને અવકાશ પેદા કરવામાં આવે છે ને પછી વાલ્વ ड ખોલીને ચેમ્બરમાંની હવાને વિસ્તરવા-ફૂલવા દેવામાં આવે છે. આ ફુગાવો ફક્ત ૦·૩૮ ગણો જ હોય છે. તેથી ચેમ્બરમાં વાદળ રચાય છે. નીચે રાખેલું પાણી હવાને ભેજવાળી રાખે છે. લાકડાનાં ટુકડા इ તળિયે ઓછામાં ઓછી હવા રાખવામાં મદદ કરે છે. ચેમ્બરની એક બાજુ અબરખની બારી હોય છે જેમાંથી કિરણોત્સર્ગી પદાર્થનું કિરણ પસાર કરવામાં આવે છે. ફોટો પાડતાં પહેલાં ચેમ્બરની છત अ અને ઉપરના ભાગ વચ્ચે વિદ્યુતપ્રવાહ પસાર કરી ions ઓછા કરાય છે.



ઉપરાંત બીજા પણ ઘણા પ્રશ્નો વૈજ્ઞાનિકોને ગૂંચવી રહ્યા. 'શું અંતરીક્ષ કિરણો શક્તિશાળી ક્ષ-કિરણો (એક્સ-રેઇઝ) છે?' કે પછી 'પ્રકાશનાં કિરણો જેવાં વિદ્યુતભાર વગરનાં તેમજ ટૂંકી વેવલેંગ્થનાં બનેલાં છે?' કે પછી 'રેડિયમના વિભાજનને કારણે પેદા થતા કણોના જેવા કણોના બનેલાં છે?' આ પ્રશ્નોના ઉકેલ માટે વૈજ્ઞાનિકો વધુ પ્રયોગો ન કરી શકયા, કારણકે અચાનક શરૂ થએલા પહેલા વિશ્વયુદ્ધે તેમના કાર્યમાં ઘણાં વર્ષો સુધી ખલેલ પહોંચાડી.

એ યુદ્ધ બાદ સાત વર્ષ પછી એટલે કે ઈ.સ. ૧૯૨૫માં મિલિકને ૧૫ કિલોમીટર જેટલે ઊંચે બલૂનો મોકલીને પ્રયોગો કર્યા ને શોધી કાઢયું કે પૃથ્વીનું વાતાવરણ તો અંતરીક્ષ કિરણોનું ઉત્પત્તિસ્થાન નથી જ. ત્યાર પછી રેન્જર તેમજ અન્ય વૈજ્ઞાનિકોએ પણ અનેક પ્રયોગો કરીને સાબિત કરી આપ્યું કે ૩૦ કિલોમીટરની ઊંચાઇએ તેની શક્તિ ૨૦૦ ગણી વધી જાય છે. આ ઉપરાંત પાણીની અંદર ૨૩૫ મીટર જેટલી ઊંડાઇએ પણ તેમનું અસ્તિત્વ તો જણાયું છે.

થોડાં વર્ષો બાદ વિલ્સને 'ક્લાઉડ-ચૅમ્બર'ની રચના કરી, અંતરીક્ષ કિરણોના કણોના ફોટોગ્રાફ પાડયા. એ પરથી માલૂમ પડયું કે એ 'કણો' ચુંબકીય શક્તિની અસરને લીધે પોતાનો માર્ગ બદલે છે.

આ જ અરસામાં પૃથ્વીને ફરતા ચુંબકીય ક્ષેત્ર(મૅગ્નેટિક ફિલ્ડ)ની નોંધ કરવામાં આવી, જેને લીધે વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રને ભેદનારાં કિરણોની શક્તિ અમાપ હોવી જોઈએ, અને બંને ભૌગોલિક ધ્રુવો પાસે તેમનું પ્રમાણ વિષુવવૃત્ત પર જેટલું હોય તેનાં કરતાં વધારે હોવું જોઈએ. પ્રયોગોને પરિણામે જાણવા મળ્યું કે વિષુવવૃત્ત પાસે તેમનું પ્રમાણ ૧૪ ટકા જેટલું ઘટે છે; પરંતુ કોઇએ રસિક પ્રશ્ન ઊભો કર્યો: વાતાવરણને કારણે તો આ ઘટાડો ન હોઈ શકે? વૈજ્ઞાનિક કૉમ્પટને આનો જવાબ મેળવવાનો નિશ્ચય કર્યો. તેણે અક્ષાંશ ૧૯ ડિગ્રી ઉત્તર અને અક્ષાંશ ૧૯ ડિગ્રી દક્ષિણ પર ૨,૩૦૦ મીટરની ઊંચાઇએ આવેલાં બે શહેરોમાં અંતરીક્ષ કિરણોનું પ્રમાણ માપ્યું. ૧૯ ડિગ્રી ઉત્તર અક્ષાંશ (=૨૯ ડિગ્રી ચુંબકીય અક્ષાંશ)†ના સ્થળે ૧૯ ડિગ્રી દક્ષિણ અક્ષાંશ(=૨૯ ડિગ્રી ચુંબકીય અક્ષાંશ)ના સ્થળ કરતાં કિરણોની શક્તિ વધુ હોવાનું જાણવા મળ્યું. આ ઉપરાંત વાતાવરણનો પ્રશ્ન ઉકેલવા માટે જેમજેમ ઊંચાઇએ માપ લેવામાં આવ્યું તેમતેમ 'અક્ષાંશ'ની અસર વધારે ને વધારે દેખાઈ. આવો વધારો છેક ધ્રુવ સુધી નહિ, પરંતુ ફક્ત ૪૫ યા ૫૦ ડિગ્રી અક્ષાંશ સુધી જ નોંધાયો. આમ પ્રશ્ન ઉકલવાને બદલે વધુ ગૂંચવાયો. આનો ઉત્તર હજી સુધી વૈજ્ઞાનિકો મેળવી શકયા નથી.

પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રની અસર તળે આવતાં અંતરીક્ષ કિરણો વિદ્યુતભાર ધરાવતાં હોવાં જોઈએ એમ વૈજ્ઞાનિકો નક્કી કરી શકયા. પરંતુ કયો વિદ્યુતભાર, ઋણ (નેગેટિવ) કે ધન (પૉઝિટિવ)? 'ક્લાઉડ ચૅમ્બર'ના વધુ પ્રયોગોને પરિણામે પૉઝિટિવ ઇલેક્ટ્રોન*નું અસ્તિત્વ જાણવા મળ્યું. આ કણને 'પૉઝિટ્રોન' એવું નામ આપવામાં આવ્યું.

ઈ. સ. ૧૯૩૫માં જાપાનના ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક યુકાવાએ જાહેર કર્યું કે અણુના ગર્ભમાં રહેલા ન્યુટ્રોન તથા પ્રોટોનને એકબીજા સાથે ચીટકાવી રાખવા માટે, ઇલેક્ટ્રોન કણ કરતાં ૨૦૦ ગણું દળ ધરાવતો તથા અત્યંત ટૂંકી જિંદગીવાળો એક કણ જવાબદાર છે. 'ક્લાઉડ ચૅમ્બર'ના ફોટોગ્રાફોએ આ કણને જાહેર કર્યો. તેનું અસ્તિત્વ ફક્ત ૦·૦૦૦૦૦૨ સેકંડ જેટલું જ હોય છે. એને 'મેસોન' નામ આપવામાં આવ્યું. કેટલાક મેસોન ધનવિદ્યુતનો ભાર વહે છે જ્યારે કેટલાક ઋણ વિદ્યુતનો. તેનું દળ ઇલેક્ટ્રોન ને પ્રોટોનની વચમાં છે. (ઇલેક્ટ્રોનના દળ કરતા ૨૧૦ યા ૨૭૯ ગણું વધારે.) તેનું રૂપાંતર ઝડપથી ઇલેક્ટ્રોનમાં થાય છે અને તે વખતે 'ન્યુટ્રીનો' નામના એક કણનો જન્મ થાય છે.

અંતરીક્ષ કિરણોની શક્તિ સૂર્યને બાદ કરતાં વિશ્વના સઘળા તારાઓના પ્રકાશમાંથી ઉત્પન્ન થતી શક્તિ બરોબર છે. તેઓ એક સેકંડમાં વીસ વખત આપણા શરીરને ભેદે છે, પરંતુ સઘળાં કિરણો નિરુપદ્રવી છે. આ કિરણો પ્રકાશની ઝડપે પૃથ્વી પર ધસી આવે છે. તેઓ દરિયાની સપાટી પર છ ઇંચ જાડી સીસાની લાદીને ભેદી શકે છે. તેમની શક્તિનું માપ કરોડો ઇલેક્ટ્રોન વોલ્ટમાં લખાય છે. એક વોલ્ટના દબાણ વડે ઝડપથી પોતાની ધરી ફરતો ઇલેક્ટ્રોન જેટલી શક્તિ મેળવે છે તે 'ઇલેક્ટ્રોન-વોલ્ટ' તરીકે ઓળખાય છે. પ્રા. આઈન્સ્ટાઈનના ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે, (અનુસંધાન પૃષ્ઠ ૯૮)

† પૃથ્વીનું ચુંબકીય વિષુવવૃત્ત, ભૌગોલિક વિષુવવૃત્ત કરતાં ૧૦ ડિગ્રી દક્ષિણે હોય છે.

* ઇલેક્ટ્રોન ઋણ-વિદ્યુતનો ભાર વહે છે.

ઓછી શક્તિ અને વધારે ઉમરવાળા માણસો માટેનાં સરળ યોગાસનો

લેખક · દામુભાઈ શુકલ


ભણેલા વર્ગોને શરીરસ્વાસ્થ્ય માટે યોગાસનો ઉત્તમ ઉપાય છે એ પણ સમજાઇ ગયું લાગે છે, નહિ તો (કુમાર કાર્યાલયે પ્રકટ કરેલી) 'યોગાસનો' ઉપરની પુસ્તિકા થોડા જ સમયમાં ઊપડી જાય અને એને માટેની સતત માગ ચાલુ રહે એ કઈ રીતે બની શકે?

બીજી આવૃત્તિ બહાર પાડવાનો નિર્ણય કરીને 'કુમાર'ના તંત્રીશ્રીએ મને સૂચન કર્યું, 'નવી આવૃત્તિમાં થોડાં વધારે આસનો ઉમેરીએ તો?' પહેલાં તો એ સૂચનાનો સ્વીકાર કરતાં હું થોડો અચકાયો. બે કારણે: એક તો એ, કે પુસ્તિકામાં આપ્યાં છે તે સિવાયનાં બીજાં આસનો કરવાનો મને જાતઅનુભવ નથી; અને બીજું એ, કે એમાં આપ્યાં છે એ બધાં આસનો 'હાથીના પગ' જેવાં છે, એમાં બીજાં અનેક પુસ્તકોમાં વર્ણવેલાં સેંકડો આસનો સમાવિષ્ટ થઈ જાય છે.

પણ તંત્રીશ્રીનો આગ્રહ ચાલુ જ રહ્યો: 'એ પુસ્તિકા ઉપયોગી અને લોકપ્રિય પુરવાર થઈ છે, એને વધારે ઉપયોગી અને વધારે લોકપ્રિય બનાવવાનો પ્રયત્ન ન કરવો જોઇએ?' એટલે, મેં યોગાસનો ઉપરનાં નવાં ને જૂનાં પુસ્તકો જોવાં માંડયાં અને નવાં ઉમેરવાનાં આસનોની પસંદગી કરવા માંડી. કામ વિકટ લાગ્યું. એક જ આસન અનેક નામે દેખવા લાગ્યું. દા. ત. શીર્ષાસન, કપાલાસન, મસ્તકાસન, વૃક્ષાસન, હસ્તવૃક્ષાસન. વળી, એક જ આસન થોડા ઘણા ફેરફારો સાથે જુદે-જુદે નામે જણાવા લાગ્યું, જેમકે કપાલી આસન, વિપરીતાસન, વિપરીતકરણી, અર્ધ વૃક્ષાસન, મુક્તહસ્તવૃક્ષાસન, સર્વાંગાસન, ઊર્ધ્વ પદ્માસન વગેરે ઘણાંખરાં આસનોના ફાયદા પણ એક જ પ્રકારના લાગ્યા. વિચાર આવ્યો, 'ફક્ત કદ વધારવા અમુક આસનો ઉમેરવાં એ યોગ્ય છે?' અને કોઈ સ્વીકાર્ય કારણ ન સૂજે તો આ પ્રયત્ન બંધ કરવો એમ પણ મેં મનોમન નક્કી કર્યું.

પરંતુ આનંદની વાત છે કે થોડી ઘડભાંગને અંતે જે સકારણતા હું શોધતો હતો તે મળી ગઈ: (૧) આગલી પુસ્તિકામાં જે આસનો આપ્યાં છે તે ફક્ત નીરોગી અને સશકત માણસો જ કરી શકે એવાં છે; અને (૨) એ આસનો 'માસ્ટર ડિગ્રી' માટેનાં છે. થોડાં પ્રાવેશિક, સરળ આસનો ન આપી શકાય, જે ઓછી શક્તિવાળા અને વધારે ઉમરવાળા માણસો પણ સહેલાઇથી કરી શકે?

દૃષ્ટિ મળી ગઈ, એટલે અન્વેષણનું કામ સહેલું થઇ ગયું અને નવાં ઉમેરેલાં આસનોની પસંદગી પણ ઝડપથી થઈ ગઇ. નવાં આસનો સરળતાથી કરી શકાય એવાં છે કે નહિ એ જોવા તથા લેખિત સૂચનો યથાક્રમ આપી શકાય તે માટે એ બધાં આસનો મેં કરી જોયાં અને જોકે એમનું સેવન લાંબા સમય સુધી કર્યું નથી, છતાં એમનાથી ફાયદો જ થઈ શકે એમ છે, એમ કહેવા પૂરતી ખાતરી કરી લીધી છે.



૧-૨ ગરુડાસન
૩-૪ તાડાસન

આસનોની સાચી સંખ્યા કેટલી? ૮૦થી શરૂ કરીને ૮૪ લાખ સુધીની એમની સંખ્યા એ વિષયના પુસ્તકોમાં લખેલી જોવામાં આવે છે! તો સાચું શું? સત્ય એ લાગે છે કે માણસોએ પશુપક્ષીઓની ઊઠવા-બેસવાની રીતોનું નિરીક્ષણ કરીને અને એમની સામાન્ય રોગરહિતતા જોઇને એવું ઠરાવ્યું છે કે જેટલાં પશુપક્ષીઓ એટલાં આસનો બગલો, હંસ, બિલાડી, કૂતરો, વાઘ, સિંહ, મગર, ઊંટ, વીંછી, સાપ વગેરે ગમે તે પ્રણીની જીવનરીતિનો અભ્યાસ કરવામાં આવે તો જણાઇ આવે છે કે એમની ઊઠવાબેસવાની, સૂવાની ને આળસ મરડવાની સ્વાભાવિક રીત જ એમને તંદુરસ્ત રાખે છે, અને કોઈ પણ ઝીણવટભર્યો આભ્યાસી જોઈ શકે એમ છે કે મોટા ભાગનાં આસનો એ એમની સ્વાભાવિક રીતોનાં જ અનુકરણો છે.

વિજ્ઞાન કહે છે કે ગર્ભમાં માણસનું શરીર અનેક પ્રાણીશરીરોની ભૂમિકામાંથી પસાર થતુંથતું વિકસે છે. ગર્ભમાંથી બહાર નીકળ્યા પછી પણ માણસ એ ભૂમિકાઓનો મહાવરો આસનો દ્વારા રાખે તો શું ખોટું? વળી નવાં પ્રાણીઓની રીતરસમોનો અભ્યાસ અત્યારે મોટા પાયા ઉપર થઈ રહ્યો છે. તો એ ઉપર નવાં નવાં આસનો રચાય તો કેમ?

બધાં આસનોમાં અમુક અવયવોનું ખેંચાણ કરવાનું હોય છે ને પછી યથાવત્ સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે. બધાં જ પ્રાણીઓમાં નજરે પડતી આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે ને એનાથી રુધિરાભિસરણ સારું થાય તથા આરામ અને સ્ફૂર્તિ મળે એ પણ એક સ્વાભાવિક પરિણામ છે. આ પરિણામ મેળવી આપવા ઉપરાંત આ પછી ક્રમશઃ પ્રકટ થતાં નવાં આસનો અગાઉ આવી ગએલાં (અને મૂળ પુસ્તિકામાં પ્રકટ થઈ ગએલાં) આસનો માટે સાધકને સારી રીતે તૈયાર કરશે અને એ અઘરી ક્રિયાઓ તે ખૂબ સરળતાથી કરી શકે એવો એને બનાવશે.

જેમણે એ અગાઉનાં આસનો, કે મૂળ પુસ્તિકા ન જોઈ હોય તેઓને તો વળી વધુ ફાયદો છે. તેઓ પ્રથમ પગલા તરીકે આ સહેલાં અને ફાવી જાય એવાં આસનોથી શરૂઆત કરે. પછીથી એ અઘરાં આસનો તેઓ સહેલાઈથી કરી શકશે. (ટૂંક વખતમાં જ એ પુસ્તિકાની નવી આવૃત્તિ બહાર પડવાની છે.) યોગાસનોથી તન, મન ને મગજની અદ્‌ભુત સ્વસ્થતા પ્રાપ્ત થાય છે એ સમજાવવાની હવે જરૂર છે ખરી?

તાડાસન

આ આસનમાં ફક્ત ઊંચા તાડની જેમ ઊભા રહેવાનું છે માટે એને તાડાસન કહે છે. બે પગ સહેજ પહોળા રાખીને ઊભા રહો. હવે બંને હાથ એક પછી એક ઊંચા કરો. અદ્ધર લટકાવેલી કોઈ વસ્તુને પહોંચવું હોય એવી રીતે હાથને ખેંચો પગ ઉપર ઊંચા ન થઈ જવાય એની કાળજી રાખો. જો પાછળ ભીંત કે પાટિયું હોય તો પગની પીંડી, નિતંબ, બરડાનો પાછળનો ભાગ તથા માથાનો પાછળનો ભાગ તેમને અડે એવી રીતે સીધાં રાખો. પાંચ સેકંડ એ પ્રમાણે રહીને હાથને એમના સ્વાભાવિક સ્થાને પાછા મૂકો. આ પ્રમાણે શરૂઆતમાં ઓછાંમાં ઓછું બે વખત કરો. વધારીને સાત સુધી જઈ શકાય અને ઓછામાં ઓછી એક મિનિટ ને વધારેમાં વધારે ત્રણ મિનિટ ઊભા રહી શકાય.

ભોંય પાથરેલા આસન ઉપર બેસીને પણ ઉપર પ્રમાણે હાથ ઊંચા કરવાથી આસન થઈ શકે છે. આ આસનથી હાથમાં બળ વધે છે, નીચે લચી પડવાની પેટની સ્વાભાવિક વૃત્તિ રોકાય છે; પેટના સ્નાયુ મજબૂત બને છે; આખા શરીરમાં ચેતના સ્ફૂરે છે. જો લાંબો વખત કરવામાં આવે ને બીજા અનુકૂળ સંજોગો હોય તો ઊંચાઇમાં પણ ફેર પડી શકે છે.

ગરુડાસન

ગરુડની મૂર્તિઓ જોઈ છે ને? એમાંની એક મૂર્તિની જેમ ઊભા રહેવાનો પ્રયત્ન કરવો એટલે ગરુડાસન થાય. ગરુડમાં શક્તિ અને સ્ફૂર્તિ તો ખૂબ છે એ જાણીતી વાત છે. એટલે તો વિષ્ણુ ભગવાને એને પોતાના વાહન તરીકે સ્વીકાર્યું હતું.

ગરુડાસન બે રીતે થઇ શકે છે: (૧) બે પગ સાથે રાખીને સ્થિર ઊભા રહો. હવે પછી જમણા પગનો ઢીંચણ ડાબા પગના ઢીંચણ ઉપર રાખો, અને પછી ડાબા પગનો પંજો જમણા પગની ઘૂંટીની ઉપરના ભાગમાં ભેરવો. બે વેલ કે બે ડાળીઓ એકબીજીને વીંટળાય છે એવી રીતે પગ વીંટળાવા જોઇએ, હવે બંને હાથ ઊંચા કરો, અને ડાબા હાથના વચલા ભાગ પર જમણા હાથની કોણીનો ઉપરનો ભાગ રાખો. શરૂઆતમાં મુશ્કેલી લાગશે અને પગ છૂટી જતા લાગશે, પણ થોડા જ સમયમાં સ્થિરતા આવી જશે. હવે બંને હાથના પંજાઓને એકબીજામાં ભેરવો અને તે લગભગ આંખ સામે આવે એવી રીતે રાખો, એટલે આસન પૂરું થશે.

(૨) ઉપલી રીત અઘરી લાગે તો થોડી સહેલી રીત આ પ્રમાણે છે: સ્થિર ઊભા રહો. બંને પગ સાથે જ રાખો. હવે શરીરને જમણા હાથ તરફ ધીમેધીમે વાળો. બંને હાથ ઊંચા કરો ને માથા આગળ તેમને કોણીમાંથી ડાબા હાથ તરફ ધીમેધીમે વાળો એટલે ગરુડાસન થશે.

માલિશ (મસાજ) કરવાથી જે ફાયદો થાય તે ફાયદો આ આસનથી હાથ અને પગને થાય છે. આખું શરીર હલકું ફૂલ જેવું થઇ જાય છે ને આળસનો નાશ થાય છે. આ આસનથી વૃષણવૃદ્ધિની બીમારીની શરૂઆત હોય તો દૂર થઈ શકે છે તથા ઢીંચણ અને ઘૂંટણનો દુખાવો પણ દૂર થાય છે. (આ આસનો આવડી ગયા પછી, અગાઉ આવી ગએલા શીર્ષાસન, સર્વાંગાસન અને વિપરીતકરણી કરી શકાશે.)

અંતરિક્ષ કિરણો (અનુ. પૃષ્ઠ ૯૬થી) રેડિયો-ઍક્ટિવ પદાર્થોનું વિભાજન થાય છે તે વખતે જે શક્તિ ઉત્પન્ન થાય છે તે નીચે મુજબ દર્શાવી શકાય: $E=mc^2$. E=શક્તિ (એનર્જી). m=દળ (માસ) તથા c=પ્રકાશની ઝડપ, જે એક સેકંડની ૩×૧૦^{૧૦} સેંટીમીટર છે. અંતરીક્ષ કિરણોને પણ આ નિયમ લાગુ પાડવામાં આવે છે. આ પરથી વિદિત થશે કે તેઓ કેટલાં શક્તિશાળી છે.

અંતરીક્ષ કિરણોની શક્તિનો આધાર તેઓ કેટલા ઇલેક્ટ્રોન કણો જાળવી શકે છે તેના પર છે. જેમ ઇલેક્ટ્રોન કણોનું પ્રમાણ વધારે તેમ તેમની શક્તિ વધારે. આ હિસાબે સૌથી શક્તિશાળી કિરણો (બીજા શબ્દોમાં જોઈએ તો સૌથી વધારે ઇલેક્ટ્રોન કણો ધરાવતાં કિરણો) જ પૃથ્વીના વાતાવરણને ભેદી શકે છે. વૈજ્ઞાનિકોની ગણતરી પ્રમાણે એક અબજ ઇલેક્ટ્રોન વોલ્ટ કરતાં ઓછાં શક્તિશાળી અંતરીક્ષ કિરણો સૂર્યના ચુંબકત્વને કારણે પૃથ્વીથી દૂર ખેંચાઇ જાય છે, ને ૬૦ અબજ ઇલેક્ટ્રોન વોલ્ટ કરતાં ઓછી શક્તિ ધરાવતાં કિરણો પૃથ્વીના ચુંબકત્વને કારણે પાછાં ફેંકાય છે.

અંતરીક્ષ કિરણો આટલી શક્તિ ક્યાંથી મેળવે છે? પ્રા. આઇન્સ્ટાઇનના મત પ્રમાણે હેલિયમના સમગ્ર અણુનું શક્તિમાં રૂપાંતર કરવામાં આવે તો તેની શક્તિ ફક્ત ૪૦,૦૦૦ લાખ ઇલેક્ટ્રોન વોલ્ટ જેટલી જ થાય છે. ઈટલીના જાણીતા વૈજ્ઞાનિક ફર્મીની ધારણા પ્રમાણે અવકાશમાં રહેલા પદાર્થોના ચુંબકત્વને કારણે અંતરીક્ષ કિરણોની શક્તિ ધીરેધીરે વધતી જાય છે,–જાણેકે ઝડપથી જતા ટેનિસ બૉલને 'રૅકેટ' વડે ધક્કો મારીને કોઇ બળ આપતું ન હોય! આ બધી ધારણાઓ છે. સાચી માહિતી હજી સુધી ઉપલબ્ધ નથી થઇ.

ફ્રેંચ પ્રા. વિયરીની શોધ પ્રમાણે વાતાવરણમાં રહેલા અણુઓ અંતરીક્ષ કિરણોની અથડામણ થવાને કારણે ઇલેક્ટ્રોનનો ધોધ વહે છે. આ અથડામણને કારણે પ્રકાશનાં કિરણોનું 'ફોટોન' નામના કણોમાં વિભાજન થાય છે અને તેઓ ગરમી પ્રસારિત કરે છે. 'ફોટોન'નું વિભાજન થતાં ધન વિદ્યુતનો ભાર વહેતો ઇલેક્ટ્રોન (પોઝિટ્રોન) તથા ઋણ વિદ્યુતનો ભાર વહેતો ઇલેક્ટ્રોન છૂટા પડે છે. પોઝિટ્રોનની વાત આગળ આપણે કરી ગયા. આની શોધ અમેરિકાના ડૉ. કાલ ઍન્ડરસન નામના વૈજ્ઞાનિકે કરી હતી.

અંતરીક્ષ કિરણોની વિગતોએ વૈજ્ઞાનિકો સમક્ષ પડેલા અણુરહસ્ય પર પ્રકાશ પાડચો છે અને તેમાં યે કૃત્રિમ ચંદ્રને અવકાશમાં મોકલવામાં મળેલી સફળતા પછી તો બાકી રહેલાં અનેક રહસ્યોના ઉકેલો પણ મળી આવે તો આશ્ચર્ય નહિ ગણાય.

અંતરીક્ષ કિરણોની શોધખોળ મુખ્યત્વે અમેરિકા, ગ્રેટબ્રિટન, ફ્રાંસ ઑસ્ટ્રિયા, જર્મની તથા જાપાનમાં થઈ છે. તેમાં ભારતના મશહૂર અણુવૈજ્ઞાનિક ડૉ. ભાભાનો ફાળો ઘણો મોટો છે. ભવિષ્યમાં માનવી આ અંતરીક્ષ કિરણોનો ઉપયોગ પોતાના લાભાર્થે કરી શકશે એવી આશા વિશ્વના અણુશક્તિ-વિશારદો, આગે છે; પરંતુ આ ઉપયોગ કેવો હશે? વિનાશ માટે કે પછી સર્જન માટે? માનવીના મન પર એનો આધાર છે.

વાયવ્ય માર્ગની શોધ (અનુસંધાન પૃષ્ઠ ૧૧૬થી)

બ્લેશરે ધ્રુવપ્રદેશમાં છોડી દીધેલાં ચારે વહાણ બરફની ભીંસમાં ભાંગીને ભુક્કો થઈ ગયાં હશે અને ડૂબી ગયાં હશે એમ માની લેવામાં આવ્યું. બીજાં વહાણોનું તો એમ જ બન્યું હશે; પણ સંજોગવશાત્ કૅલેટનું વહાણ 'રેઝોલ્યુટ' એ પછીના શિયાળા દરમિયાન બરફ સાથે ખસતુંખસતું લૅન્કેસ્ટર ખાડીમાં થઇને બેફિન સમુદ્રમાં, અને ત્યાંથી ડેવિસ સામુદ્રધુની સુધી આવી પહોંચ્યું! એક અમેરિકન વ્હેઈલ-શિકારીએ સમુદ્રમાં ખાલી તરતા એ વહાણને જોયું. એ એને પોતાની સાથે અમેરિકા લઈ ગયો. અમેરિકાની સરકારને એ વાતની ખબર પડતાં તેણે એની પાસેથી એ વહાણ ખરીદી લીધું અને એની મરામત કરાવી બ્રિટીશ સરકારને ભેટ તરીકે એ પાછું સોંપ્યું. પોતાનું વહાણ પાછું આવ્યું છે એ જાણી કૅલેટને અત્યંત હર્ષ થયો. એ 'રેઝોલ્યુટ'ને જોવા ઊપડચો. અલબત્ત, 'રેઝોલ્યુટ'નાં રૂપરંગ બદલાઈ ગયાં હતાં, પરંતુ જેની સાથે મમતા બંધાઇ ગઈ હતી એવા પોતાના પ્યારા ને નષ્ટ થએલા મનાતા વહાણને ફરી જીવતું જોતાં કૅલેટની આંખમાંથી ઝળઝળિયાં આવી ગયાં!

દેશદેશની કહેવતો

તમારી પત્નીને આંખથી પસંદ કરવા કરતાં કાનથી પસંદ કરજો. (રશિયન)

ઘોડાનાં વખાણ મહિને અને સ્ત્રીનાં વખાણ વર્ષે કરવાં. (ચેકોસ્લોવાકિયન)

જે પોતાની ગરીબાઇથી સંતુષ્ટ છે, તે મોટામાં મોટો માલદાર. (કોરિયન)

જેનો જવાબ ઝડપી તેનું જ્ઞાન ઓછું. (ફ્રેન્ચ) દુર્ભાગ્ય કાંઈ રોજ આક્રમણ નથી કરતું. (ઈટાલિયન)



પાનાંની રમત

[૪] ભજિયું કે ઝબ્બો યા લટ્ટો

લેખક
સાધુરામ દવે

આપણે ત્યાં આ રમત સારી પેઠે પ્રચલિત છે એમ હું માનું છું. પાનાંની એક જોડ ('પૅક'-*Pack*) લઈ તેમાંથી હલકામાં હલકું પાનું ખેંચનાર ચીપ શરૂ કરે. ચારથી સાતઆઠ જણ આ રમત રમી શકે છે. આમાં ભિલ્લુઓ નથી. રમનાર સૌ વર્તુળમાં બેસે અને ચીપનાર એકએક પાનું વહેંચી, પાનાં પૂરાં કરે. કોઈકને બીજા કરતાં એક પાનું વધુ આવશે તેનો કાંઈ જ બાધ નથી. આ રમતને કેટલાક 'ઝબ્બો' યા 'લટકો' પણ કહે છે.

ચીપનારને જ પહેલું પાનું ઊતરવાનું. આ રમતમાં તમે ગમે તે પાનની ઊતર કરી શકો. એ એક વખતની ઊતરમાં જેનું પાનું ભારેમાં ભારે હોય તેનો તે હાથ સમજવો. આ રમતમાં સર નથી એટલે જ્યારે જે ભાત ઊતરાઈ હોય ત્યારે તમારામાં તે ઊતરાએલી ભાતનાં પાનાં હોય તો તેમાંથી તમે મનગમતું પાનું આપી શકો. એટલે કે દરેક વખતે, પ્રથમ જે પાનું ઊતરાએલું હોય તે જ ભાતનું પાનું બધાએ રમતા જવાનું, જ્યારે કોઈનામાં એ ભાત ન હોય ત્યારે જ તે પોતાનું મન ગમતું બીજી ભાતનું પાનું તેમાં ફેંકે યા આપે. જ્યારે કોઈ ખેલાડી, પોતાનામાં પહેલી ઊતરનું પાનું ન હોય ને બીજી ભાતનું પાનું તેમાં નાખે યા આપે ત્યારે તે હાથ ત્યાં જ પૂરો થઈ જાય છે. ત્યાર પછીના ખેલાડીને એ ઊતરમાં રમવાનું નથી. અને નવી ભાતના પાન સાથે, પ્રથમ ઊતરાએલી ભાતના સૌથી ભારે પાનવાળો ખેલાડી તે બધાં પાનાં લઇ લે ને તે પાનાં (ઊતરમાં આવેલા બીજી ભાતના પાના સાથે) પોતાના હાથમાંનાં પાનાંમાં મેળવી લે. એ જુદી ભાતનું જે પાન તેને મળ્યું તે 'ભજિયું' કહેવાય. દસ્સો કે તેથી હલકું પાન મળે તો આપણે તેને કેળાનું ભજિયું-જરા ગળ્યું-કહીશું. દસ્સાથી રાણી સુધીના પાનને ડુંગળીનું-જરા તીખું-ભજિયું કહીએ અને એક્કો કે બાદશાહને, ખાસ સુરતી મરચાંનું જ ગરમાગરમ લસલસતું ભજિયું કહીશું! પાનાંની રમતમાં આ એક જ રમત કદાચ એવી છે કે જેમાં તમે વધારેમાં વધારે આનંદ યા હાસ્ય મેળવી શકો, અલબત્ત નિર્દોષ જ. આવું ભજિયું આપતી વખતે, તમે એ પાનને તમારા પૂરા જોરથી પછાડીને (પત્તું વળે નહિ કે ફાટી ન જાય તે ધ્યાનમાં રાખવું) પણ નાખી શકો. કેટલાક રમનારાઓનો તે વખતનો અભિનય પણ ખૂબ જ આનંદ ઉપજાવે તેવો હોય છે. કેમ જાણે કોઇ આબાદ ચીજ ચખાડી ન હોય તેમ 'લે ભાઇ, લેતો જા, ચાખતો જા આ ભજિયું.' ખાસ સુરતી, ખંભાતી યા ભરૂચી ભજિયાનું પડીકું કોઇને ભેટ આપતા હોઇએ, તેમ રૂઆબથી તમારો કોઈ એક્કો કે બાદશાહ બીજાને પરખાવીને અનેરો આનંદ માણી શકાય છે.

હવે જેણે ભજિયું આપ્યું, તેણે જ ત્યાર પછીની ઊતર કરવાની હોઇ ભજિયાનું પાનું આપતી વખતે ભારેમાં ભારે પાનું આપવાનું એવો જ માત્ર ખયાલ ન રાખતાં, પછીની આપણી ઊતરનો પણ ખયાલ રાખવો.

આમ રમત ચાલ્યા કરે. જ્યારે બધાય રમનાર, ઊતરાએલી ભાતમાં પાનું પુરાવે ત્યારે એ હાથ રદ થએલો ગણવો, અને એ પાનાં એક બાજુ ઊંધાં મૂકી રાખવાં. પાછળથી આ પાનાં જોવાનો કોઇને પણ હક નથી. એ હાથમાં જેનું ભારેમાં ભારે પાનું પડ્યું હોય તે, પછીની ઊતર શરૂ કરે. આમ જ્યારે છેલ્લા જે એક જ રમનારના હાથમાં પત્તાં રહી જાય ત્યારે તે ખેલાડી હાર્યો ગણાય અને તેણે પણ બિચારે ભજિયું ખાધું ગણાય! છેવટનું ભજિયું ખાનારની જ ચીપ અને બીજી બાજીમાં તેણે જ રમત શરૂ કરવાની.

દૃષ્ટાંત રૂપે अ, ब, क, ड, इ અને फ એમ છ જણ રમે છે. અને अ ♥J, ब ♥K, क ♥8, ड ♥7 અને इ ♦A એમ રમે છે; તો આ હાથ પૂરતી રમત અહીં इના આગળ જ પૂરી થઇ. फએ આ હાથમાં રમવાનું નથી. લાલની પ્રથમ ઊતર અને તેમાં ભારેમાં ભારે बનો ♥નો K છે, માટે बએ બધાં પાનાં, ♦Aની સાથે, ભેગાં કરી, પોતાના હાથમાં જે પાનાં હોય તેમાં મેળવી લેવાનાં. ♦A અહીં સુરતી ભજિયું! પછીની ઊતર इ કે જેણે ભજિયું આપ્યું, તે જ કરે. આમ રમત ચાલ્યા કરે.

આ રમતમાં કેટલીક વાર એવું બને છે કે જ્યારે છેલ્લા બે જ ખેલાડીઓ રમતમાં રહ્યા હોય ત્યારે છેલ્લાં બે પાનાં, બંનેમાં જુદી જ ભાતનાં રહી જાય છે. દાખલા તરીકે એકનામાં લાલ ને ફુલ્લી તથા બીજાનામાં કાળી ને ચોકડી. એક લાલનું પાનું રમે તો બીજો તેમાં કાળી આપે, પછી તેની ચોકડીની ઊતર થાય ત્યારે બીજો ફુલ્લી આપે, આમ જાણે રમત પૂરી ન થાય! આ પરિસ્થિતિને અંગ્રેજીમાં 'ડૅડલૉક (Deadlock) કહે છે. તે વખતે રદ થએલા હાથનાં, નીચે ઊંધાં મૂકી રાખેલાં પાનાં સારી રીતે ચીપીને, એ બંને રમનારને, એક એક કરીને, પાંચ પાન વહેંચવા અને પછી એ બંનેમાં જેની ઊતર બાકી હોય ત્યાંથી રમત શરૂ થાય. છેલ્લાં જેના હાથમાં પાનાં રહી જાય તે હાર્યો.

કોઈ ખેલાડી પોતાનાં પાન બીજાને આપી જ ન શકે. રીતસર ભજિયા તરીકે એ જવાં જોઇએ યા આપોઆપ રદ થએલાં હોવાં જોઇએ. જેના હાથમાં પાનાં થઈ રહે તે આખી બાજી પૂરી થતા સુધી ચૂપ જ બેસી રહે. કોઈ તદ્દન કાચો ખેલાડી હોય તો પણ તેણે બીજાની સલાહ માગવી નહિ. અને પોતાની અંગત આવડત મુજબ જ રમવું, નહિ તો પક્ષાપક્ષમાં બંને બાજુ સલાહ આપનારાઓ નીકળી પડશે!

આ રમતમાં પણ તમે બુદ્ધિ અને યાદશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી શકો. રદ થએલાં પાનાં યાદ રાખવાં. ધારોકે સાત જણ રમે છે ને ફુલ્લીનાં પત્તાં, એક વાર રદ થયાં છે, એટલે સાત પાનાં તો ગયાં. તમારામાં બીજી ત્રણ ફૂલ્લી છે એટલે ફૂલ્લીનાં કુલ ૧૦ પાનાંની ગણતરી થઈ તો હવે પછીની તે ભાતની ઊતરમાં ચોક્કસ કોઈ ભજિયું ચખાડવાનો જ! માટે ઊતરમાં સાચવવું. કોઈ ખેલાડીને A K મળ્યાં હોય તો તે યાદ રાખીને, તે મુજબનો રમતનો ઢંગ યોજવો. દા. ત. તમારામાં કોઈ પણ ભાતનાં J 10 9 એમ પાનાં છે તો તમારે J જ રમવો. સળંગ પાનાં હોય તો ભારેમાં ભારે પાનું જ રમવું.

ધારો કે છેલ્લા બે જ રમનાર રહ્યા છે અને સામાવાળો ♦2 રમે છે. તમારા હાથમાં તે વખતે ♠K અને ♥3, 2 એમ ત્રણ પાનાં હોય તો ચોક્કસ ♥ની 3 જ આપવી. કારણ તમે પાનું યા ભજિયું આપો ત્યાર બાદ ઊતર તમારી રહેવાની અને તે વખતે તમે ♠K આપી દીધો હોય તો તમારી પાસે લાલ જ રહેશે અને સામાવાળો

કદાચ તે ભાતમાં ભજિયું પધરાવતો પણ હોય. માટે લાલની 3 જ આપવી. પછી તમે ♥ની 2 રમો એટલે સામાવાળાને ચોક્કસ ઊતર જવાની. તે ગમે તે પાનું હવે રમે તો પણ, તમારામાં હવે એક જ પાનું હોઈ, કાંઈ વાંધો જ નથી. તમારું છેલ્લું પાનું, સામાવાળા કરતાં કદાચ ભારે હોય તો પણ, તમારે હવે રમવાનું. બીજું પાનું જ નહિ હોવાથી તમે રમતમાંથી નીકળી ગયા; અને સામાવાળો હારે—જો તેની પાસે હજી યે પાનાં રહી ગયાં હોય તો.

એક બીજો દાખલો લઇએ. અમુક જણ રમે છે અને કોઇ પણ એક રદ થએલ હાથમાં ગનું પાનું સૌથી ભારે પડેલું તો હવે તેની જ ઊતર આવે, પણ તેની પાસે એ છેલ્લું જ પાનું હતું એટલે કે હવે તેના હાથમાં એકે પાનું રહ્યું નહિ તો તે હાથમાં, બીજા નંબરનું સૌથી ભારે જેનું પાનું હોય તેણે હવે ઊતર કરવાની આવે એમ સમજવું.

રમત શરૂ થતાં પહેલાં, બધા રમનાર પત્તાંની જોડ ઊંધી રાખીને, એક એક પાનું ખેંચે. સૌથી ભારે પત્તું લેનાર, શરૂમાં જ પોતાની બેઠક પસંદ કરે અને ત્યાર બાદ પોતાના ખેંચેલા પાનના અનુક્રમમાં જ બધાએ ગોળાકારમાં બેસવાનું. એક વાર બેઠા બાદ, જગાની ફેરબદલી થઈ ન શકે. હલકામાં હલકું પાનું ખેંચનાર, બરાબર ચીપીને પાનાં પૂરાં થતાં સુધી એક એક પાનું દરેકને વારાફરતી વહેંચે. પહેલી ઊતર કે રમતની શરૂઆત પણ આ ચીપનાર જ કરે.

આ રમતમાં A, K, Q જેવાં ભારે પાનાં આપણને મુશ્કેલીમાં મૂકી દે તેવી જ રીતે તીરી, દુરી જેવાં હલકાં પાન આપણને બચાવી લે. એટલે જેમ A, K વગર વિચાર્યે ન રમવાં તે જ રીતે હલકાં પાનાં ધડાધડ વેડફી ન નાખવાં. ગણતરી કરીને, તે હલકાં પાનનો 'સંકટ સમયની સાંકળ' તરીકે ઉપયોગ કરવો. અગાઉ મેં જણાવ્યું છે કે પાનાં-ની રમતમાં બુદ્ધિના ઉપયોગને પૂરો અવકાશ છે એટલે તીરી અને દુરી એ બંને તદ્દન હલકાં પાનની રમતમાં પણ ગણતરીથી જ રમવું. તીરીને બદલે દુરી રમવાથી પણ ભારે ફેર પડી જાય છે તે તમે રમત દરમિયાન ખાતરી કરી શકશો. સર્વ રમનારાઓ પોતાનાથી શક્ય એટલી સાવધાની અને હોશિયારીથી રમે તો જ રમતનો રંગ જામે.

આ રમતનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આપણને ભજિયું ન મળે; માટે આપણી પાસે પાનાં એવી રીતે જમા ન થઈ જાય તે ધ્યાનમાં રાખવું. કોણ કયી ભાતમાં ભજિયું આપે છે તે બરાબર યાદ રાખવું.

જ્યારે કોઈના હાથમા છેલ્લું એક જ પાનું રહ્યું હોય તો મોટે ભાગે હલકું જ પાનું હશે એમ માની, તેની પાસેથી ભજિયું મળે તો બહુ ચિંતા નહિ સમજી, ભવિષ્યના લાભ ખાતર તે વખતે ભારે પાનું ઊતરી ભજિયું ખાઈ પણ લેવું. આવી શક્યતાઓનો ખયાલ કરીને રમવું.

ભજિયું આપનાર જ ફરીથી ઊતર કરે. પણ ધારો કે તેની પાસે હવે બીજું પાનું જ નથી, તો હવે ભજિયું આપનારના પછીના જ રમનારે ઊતર કરવી.

ધારો કે કોઈ પણ ઊતરમાં, આપણને છેલ્લું રમવાનું આવે અને આપણા હાથમાં તે વખતે, તે ભાતનો A યા K અને બીજું છક્કો કે સત્તો એવું જરા હલકું પાનું હોય તો A કે K જ ફેંકી દેવો એટલે એ રદ થવાના હાથમાં આપણું પાનું ચાલ્યું જાય. જો એ ભાતનાં ત્રણ પાનાં હોય તો, તમે A કે K ન નાખો તો પણ, બીજાને ખરે વખતે કદાચ પધરાવી શકાય! પરંતુ બે જ પાનાં, તે ભાતનાં હોય, અને એક જ ભારે પાનું તે ભાતનું આપણા હાથમાં રહી જાય તો પાછળથી આફત.આવી પરિસ્થિતિનો ખયાલ કરીને જ રમવું.સાદી રમત સમજીને ગમે તેમ રમ્યા કરતાં,બુદ્ધિપૂર્વક કુશળતાથી રમવાનો દરેકે સાચો પ્રયત્ન કરવો. રમતમાં ધ્યાન આપશો અને સારી રીતે રમવાની કાળજી રાખશો તો રમતમાં ઘણી જ મજા આવશે. આમાં પાનાંની ગણતરી જ આવશ્યક છે અને તેની ટેવ પડ્યા પછી રમવામાં ઑર જ આનંદ મળશે.

આપણામાં કેટલીક વાર ભારે પાનાં હોય તો રમતમાં ફેંકી ન દેતાં ભજિયું ચખાડવા કોઇક વાર રહેવા પણ દેવાં અને વખત આવ્યે આનંદથી પધરાવવાં. એમ વ્યૂહ ગોઠવવા જતાં, કોઇક વાર આપણે જ તેમાં ફસાઇને ભજિયું ખાવાનો વખત પણ આવી જાય! તે વખતે કોઇએ જરા પણ ચિડાયા સિવાય આનંદથી સાચે જ ત્રણ દિવસનો અપવાસ સમજી, પૂરેપૂરું પેટ ભરી ભજિયાં ખાવાં. ભજિયાંનો સ્વાદ ગમે તેવો હોય તો પણ મોઢા ઉપર સ્મિત જ રાખવું.

ફેબ્રુઆરી અંકના કોયડાનો ઉકેલ

દક્ષિણ ♦K રમે છે. તેમા ઉત્તર ♣9ની ફિશ નાખે છે. પૂર્વ પશ્ચિમવાળા તેમાં ચોકડી જ નાખે છે. પછી દક્ષિણ ♠8 રમે છે એટલે પશ્ચિમના ♠10નો ફરજિયાત હાથ થાય છે. હવે પશ્ચિમને લાલ કે ફૂલ્લી રમ્યા સિવાય છૂટકો જ નથી. ગમે તે રમે તો પણ હાથ ઉત્તરના ♥K યા ♣Aનો જ થવાનો, અને ઉત્તર પહેલાં ♥K પછી ♣A યા તો પહેલાં ♣ A અને પછી ♥ K રમી, તેની ઉપર દક્ષિણના ♠AJની ફિશ છોડી દે છે એટલે ઉત્તરનાં બાકીનાં કાળીનાં હલકાં પાનાં (હવે કોઈનામાં લાલના સરનું પાનું નહિ રહેવાથી) બધા હાથ કરી જશે. આ રીતે ઉત્તર દક્ષિણવાળા છ હાથ કરી જશે.

નવો કોયડો

♠ 10 7
♥ A K J 8 3
♦ —
♣ 6

♠ —	ઉ	♠ J 8
♥ Q 10 9 6	પ પૂ	♥ 7 5 4 2
♦ 8		♦ 7 3
♣ Q 10 9	દ	♣ —

♠ Q 9
♥ —
♦ J 2
♣ 8 7 5 4

સર કાળીના છે. દક્ષિણની ઊતર છે. ઉત્તર દક્ષિણ ભિલ્લુઓએ આઠ પાનાંમાંથી, સાત હાથ કરવાના છે. પૂર્વ-પશ્ચિમ ભિલ્લુઓ તેમ નહિ થવા દેવા પોતાની સઘળી આવડત અજમાવશે. તો સાત હાથ શી રીતે થાય? ઉત્તરના પાનાંનું સંચાલન, દક્ષિણ જ કરે છે (જુઓ 'ઉઘાડી ગ્રિમ'નો લેખ) એ ખયાલમાં રાખવું. જવાબ આવતા અંકે.

ગયા ડિસેમ્બર માસમાં ('કુમાર' અંક ૪૦૮માં) આપેલા કોયડાના જવાબમાં જે સંખ્યાબંધ વાચકોએ રસ લીધેલો તેમાંનાં અમુક જ ભાઈ-બહેનોનાં નામ આ જગ્યાએ પ્રકટ કર્યાં હતાં; કારણકે સ્થળસંકોચને લીધે એ સૌનાં નામ આપી શકાયાં નહોતાં. છતાં ઠેક આફ્રિકા જેટલે દૂરથી અને પાકિસ્તાનથી પણ એમાં રસ લઇને પોતાના જવાબો મોકલી આપનાર ભાઇઓએ મને આ લેખમાળા માટે ઘણો વધુ પ્રોત્સાહિત કર્યો છે. એ ભાઇઓનાં નામ આ પ્રમાણે છે: સર્વશ્રી મગનલાલ પટેલ, એમ. જે. સંઘવી, જશભાઇ પટેલ, બી. એચ. મહેતા, એચ. જે. શાહ, વલ્લભદાસ મારવણીઆ અને હરિભાઇ પટેલ (આફ્રિકા) તથા અશરફ હિરાણી, અબ્દુલ અ. એ. કરીમ અને બદરુદ્દીન (પાકિસ્તાન).

પૂર્વ-ભારતીય દ્વીપો

૧ યવદ્વીપ

લેખક અને ફોટોકલાકાર **નવનીત પારેખ**



'સમુદ્ર-ચુલુક' મહર્ષિ અગસ્ત્ય, જેમણે ઇંડોનેશિયામાં ભારતી
હતો સ્થાપીને ત્યાં આર્ય-સંસ્કૃતિ પ્રસારી. (જકર્તામાં પ્રમ્બ
મંદિરની દીવાલ પરનું શિલ્પ) જાવી પુરાણોમાં એમનું સ્થાન
રહી તેઓ 'ભટ્ટાર-ગુરુ'ને નામે ઓળખાયા છે, અને દેવોની
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કરતાં પણ તેમનું પદ ઊંચું ગણાતું હ


સિંહપુરથી નીકળ્યા ત્યારે માત્ર મલયૂને જ નહિ, પરંતુ આખા ઉત્તર ગોળાર્ધને પાછળ મૂકીને અમે પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં પ્રવેશ કર્યો. મલાક્કાની સામુદ્રધુનિ ઉપરથી જઈ રહ્યા હતા તેવામાં વિમાનના કપ્તાને સંજ્ઞાથી જણાવ્યું કે અમે પૃથિવીની કેડ ઉપરના કાલ્પનિક કંદોરા સમાન વિષુવવૃત્ત ઉપરથી ઊડી રહ્યા હતા. થોડી વારમાં જ પરિચારિકા આવીને ગ્રીક વાયુ-દેવતા એઇઓલસ-ની સહીવાળું વિષુવવૃત્ત ઓળંગ્યાનું પ્રમાણપત્ર દરેક પ્રવાસીને આપી ગઈ. વિષુવવૃત્ત છે તો એક કાલ્પનિક રેખા, છતાં તે ઓળંગતાં કાંઈક રોમાંચ જરૂર અનુભવ્યો. થોડી વારમાં પરિચારિકાએ જણાવ્યું કે અમે બંકા દ્વીપ ઉપરથી ઊડી રહ્યા છીએ. આ નાના દ્વીપ ઉપર ડચ શાસન દરમ્યાન ડૉ. સુકર્ણોને કેદ રાખ્યા હતા. તે પછી વિમાન દક્ષિણ સુમાત્રા ઉપર થઇને ઊડયું અને થોડી જ વારમાં અમે જાવાના વાયવ્ય કિનારા પર આવી પહોંચ્યા. રાત્રિના દસ વાગ્યા હતા ને નીચે ઈંડોનેશિયાના પાટનગર જકર્તા(જયકર્તા)ના અસંખ્ય દીવા ટમટમતા હતા.

એક ચક્કર મારીને વિમાન કેમાયોરન વિમાની મથકે ઊતર્યું. ઉત્સાહ અને આવેશથી થડકતા હૃદયે યવદ્વીપની કલાતૃપ્ત પુણ્યભૂમિ ઉપર ધનતેરશના શુભ દિને પગ મૂકયો. આકાશમાંથી જાણેકે આશિષ અને આવકાર આપવા માટે ધીમો વરસાદ પડી રહ્યો હતો. વર્ષાબિંદુ-ઓનો તડતડ અવાજ જાવાના ગમેલન્ વાદ્યો વતી સૂર પુરાવી રહ્યો હતો અને વિમાની મથકની આસપાસનાં ઘટાદાર વૃક્ષો બોરોબુદુરના સ્તૂપો અને પ્રમ્બાનનનાં મંદિર-શિખરોની યાદ આપતાં હતાં. અહીં આવવાના મહાભાગ્ય માટે તે સર્વ દેવો, બોધિસત્ત્વો તેમજ મારા પુરોગામી, समुद्र-चुलुक મહર્ષિ અગસ્ત્યની માનસિક વન્દના કરી. વિમાની મથકે સસ્મિત વદને આમતેમ ફરી રહેલી, પચરંગી બાટીક-ના સારોંગમાં શોભતી જાવાની વનિતાઓ, ને માથે કાળી ફેઝ-ટોપી ધારણ કરેલા પુરુષો જોઇને મારા શંકાશીલ મનને ખાતરી થઇ કે હું સાચે જ યવદ્વીપની ભૂમિ ઉપર આવી ઊભો છું. મને જોઇને ગરુડ ઍર-વેઝના પ્રતિનિધિ શ્રી મિગોકે દૂરથી જ બૂમ મારી: 'સલામત (ક્ષેમ–આગમન). આ ઈંડોનેશિયાનું આવકારનું ઉદ્બોધન ં

અહીંના કસ્ટમ્સનું કામકાજ ઈંડોનેશિયામાં હાલ પ્રવર્તતી ગેરવ્યવસ્થાનો કાંઈક પરિચય આપતું હતું. કોઈ પણ ઠેકાણે ઢીલ ને કડકાઇનો અનુભવ નહોતો થયો. મારા સદ્ભાગ્યે કે.એ ઍર લાઈન્સ, ગરુડ-ઍરવેઝ તેમજ જાવાની સૌથી પ્રતિષ્ઠિત એજન્સી નીટુરના પ્રતિનિધિઓ લેવા આવ્યા હતા તેથી ઝા પરછ ન થઈ; છતાં બધું પતાવતાં રાતના સાડાબાર તો થયા

જકર્તાની બીજી સમસ્યા છે રહેવાસની. ઇંડોનેશિયાનું રાષ્ટ્ર થયા પછી જકર્તા તેનું પાટનગર બન્યું છે અને બધી મુ કારી કચેરીઓ તેમજ સરકારી અધિકારીઓનો અહીં સમાવે પડયો છે. મહાયુદ્ધના વિનાશ પછી નવાં મકાનો ઘણાં જૂ થયાં છે ને તેથી શહેરની મુખ્ય બે-ત્રણ હે ઘણા ઓરડા સરકારી અધિકારીઓ માં લેવાયા છે. આથી વિદેશના પ્રવાસીરં મોટી આપત્તિ આવી પડી છે. એટલે જર સાથે મારા જૂના સિંધી મિત્ર શ્રી ગોવર્ં બીનું આમંત્રણ સ્વીકારીને તેમને ત્યાં જ ગોઠવ્યું. તેઓએ વ્યાપારી દીર્ઘદૃષ્ટિ તથા સારી પ્રતિષ્ઠા સંપાદન કરી છે.

શરૂઆતના બે દિવસ તેમના જાવી (શ્રી સેદીઓનો સાથે ઈંડોનેશિયાનું ' જોવામાં ગાળ્યા. તેઓ મૂળ જોગ્જાકત કર્તા)ના છે અને સ્વાતંત્ર્યની લડતમાં ડઃ બારથી તેમને ગંભીર ઈજા થએલી. તે હિંદુ સંસ્કૃતિના ઊંડા અભ્યાસી હતા.




એક કાળે પૂર્વ-ભારતનો જ ભાગ ગણાતો ઈંડોનેશિયાનો દ્વીપસમૂહ

'ઈંડોનેશિયા' શબ્દ મૂળ બે-ગ્રીક શબ્દો (પૂર્વ ભારતીય) અને 'નેસોસ'(દ્વીપ)મ

ભળ્યો છે. તેનો અર્થ સ્પષ્ટ દર્શાવે છે કે તે કાળે આ દ્વીપ-સમૂહ પૂર્વ-ભારતનો જ એક ભાગ ગણાતો હશે. ત્રણ હજારથી પણ વધારે ટાપુઓની આ હારમાળા વિષુવવૃત્ત આસપાસ ત્રણ હજાર માઈલ સુધી પથરાએલી છે, જાણે કે એશિયા અને ઑસ્ટ્રેલિયા વચ્ચેનો એક પ્રચંડ સેતુ! ઇંડોનેશિયાનો કુલ વિસ્તાર ૭,૩૫,૦૦૦ ચોરસ માઇલનો છે, તેમાં સુમાત્રા, કલિમંથન(બૉર્નિયો), જાવા તથા શ્લવેષી (સેલીબીસ) મુખ્ય દ્વીપો છે. ઇંડોનેશિયાની કુલ વસતિ આઠ કરોડની ગણાય છે, પરંતુ તેમાંના સાડા ત્રણ કરોડ તો એકલા નાના જાવા દ્વીપ પર જ રહે છે! જગતના સૌથી ગીચ વસતિવાળા વિસ્તારોમાં જાવા ને તેની પડખેના મદુરા દ્વીપ ગણાય છે.

આ સેંકડો દ્વીપોની વિવિધ સંસ્કૃતિનું મૂળ એક હોવા છતાં પણ ભૌગોલિક કારણોને લીધે દરેક દ્વીપની પોતાની સાંસ્કૃતિક વિશિષ્ટતા છે. દરેકની બોલી પણ ભિન્ન છે અને આખા ઇંડોનેશિયામાં આશરે બસો જેટલી ભાષાઓ બોલાય છે!! દરેક વિસ્તારના પહેરવેશ, કલા-પ્રણાલિકાઓ તેમજ રીતરિવાજો પણ ભિન્ન છે. આપણા દેશમાં પણ આવું વૈવિધ્ય ક્યાં નથી? પરંતુ આવા નિર્દોષ વ્યક્તિ-સ્વાતંત્ર્યની છૂટ લીધા છતાં ઇંડોનેશિયાના લોકોએ રાષ્ટ્રીય તેમજ સાંસ્કૃતિક ઐક્યનો અફર નિર્ધાર કરેલો છે. આપણા 'सत्यमेव जयते'ની જેમ તેમનું રાષ્ટ્રીય સૂત્ર છે: 'भिन्नेक तुंगल इक।' (ભિન્નતામાં પણ એકતા); છતાં પણ આ અસંખ્ય ટાપુઓમાં વહેંચાએલા દ્વીપ-સમૂહના લોકોમાં ઘણી વાર પ્રાદેશિક અભિમાન જોર પકડે છે અને તેથી રાજકીય એકતા શિથિલ બની જાય છે. હાલ પણ સુમાત્રા, કલિમંથન તથા શ્લવેષી દ્વીપોના લોકો રાષ્ટ્રીય સરકારની અવગણના કરીને પ્રાદેશિક સ્વાતંત્ર્ય માગી રહ્યા છે.




જાવાના બોરોબુદુરના પ્રાચીન મંદિર ઉપર ભારતીય વહાણનું શિલ્પ

આ દ્વીપસમૂહના ઇતિહાસની શરૂઆત તો પ્રાગૈતિહાસિક યુગના ધુમ્મસમાં ઢંકાએલી જ છે, પરંતુ સૌથી પ્રાચીન માહિતી પ્રમાણે છેક પ્રાગૈતિહાસિક સમયથી આ દ્વીપ-સમૂહ તથા ભારત વચ્ચે નાવિકો તથા વસાહતીઓની આવ-જા હતી. આપણાં પુરાણોમાં વર્ણવાએલી સમુદ્ર-મંથનની કથા પણ તેની જ સાક્ષી પૂરે છે. રામાયણ-મહાભારતમાં તો યવદ્વીપ(જાવા) તથા સુવર્ણદ્વીપ(સુમાત્રા)નો સ્પષ્ટ ઉલ્લેખ છે જ. સીતાના હરણ પછી તેમની શોધ માટે રામે યવદ્વીપ-સુવર્ણદ્વીપનો પણ વિચાર કરેલો એમ આખ્યાયિકા કહે છે.


ઈ. સ. ૧૮૯૦માં યુરોપના પુરાતત્ત્વવેત્તાઓએ જાવાના પ્રાગૈતિહાસિક માનવી (Java-Man) તેમજ જાવાના પાષાણ યુગના બીજા અવશેષો શોધ્યા પછી આપણા નર્મદા-કાંઠાના પ્રદેશોમાં મળી આવેલા સમકાલીન પ્રાગૈતિહાસિક અવશેષો સાથે તેની સરખામણી કરી, ને એવી માન્યતા ઉપર આવ્યા કે પ્રાગૈતિહાસિક યુગમાં પણ ભારત અને જાવા વચ્ચે નિકટના સંબંધો હશે. ઐતિહાસિક પુરાવાઓ પણ જે હૈં આપણને ભૂતકાળમાં લઈ જઈ શકે છે, તે બધા જ દર્શાવે છે કે તે કાળે હિંદુ સંસ્કૃતિ અને ભારતના વસાહતીઓ કયારના યે સુવર્ણ દ્વીપ અને યવ-દ્વીપમાં સ્થાયી થઈ ગયાં હતાં. મલયૂમાં તથા શ્યામ(સિયામ)માં મળી આવેલા અવશેષો એમ પણ દર્શાવે છે કે ભારતના લોકો કેવળ સમુદ્રમાર્ગે જ નહિ પરંતુ ભૂમિ-માર્ગે થઇને પણ જાવાસુમાત્રા ગએલા.

આપણાં પુરાણોમાં તો કથા છે જ કે દેવો તેમજ દાનવો સમુદ્રનું



હિંદુ સંસ્કૃતિ દૃઢ થયા પછી આ વિસ્તારમાં બૌદ્ધ ધર્મ પણ ફેલાયો અને ગંગા-યમુનાના પ્રવાહ પેઠે બંને સંપ્રદાયો ભળીને એકબીજામાં પૂરક બની ગયા. જાણે તેના પ્રતીક રૂપે જ 'શિવ-બુદ્ધ'ની મૂર્તિ ઉદ્ભવી જેમાં બુદ્ધમુદ્રાવાળા શિવનું નિરૂપણ હતું. (પ્રંબાનનનું એક શિલ્પ) અરે, જાવાની શ્રેષ્ઠ કલાકૃતિઓ રૂપ બૌદ્ધધર્મી 'બોરોબુદુર' અને બ્રાહ્મણધર્મી 'પ્રંબાનન'નાં મંદિરો એક જ કાળે એક જ પ્રદેશમાં બંધાયાં!











મથાળે : ભારતથી આવેલા રાજકુમારનો સત્કાર કરતા જાવાના લોકો(બોરોબુદુરનું એક શિલ્પ); વચ્ચે : પોતાની જાતનો ભોગ આપતા કપોતની જાતક-કથા(બોરોબુદુર); નીચે : 'ગજલક્ષ્મી' (યોગ્યકર્તા કલાભવન); જમણી બાજુ નીચે : પ્રંબાનન(જાવા)ના મંદિર પાસે ચતુરાનન બ્રહ્માની ભવ્ય મૂર્તિ; મથાળે : બૌદ્ધ મંદિર બોરોબુદુરમાં સૂર્યની મૂર્તિ. પ્રાચીન જાવામાં દેવદેવીઓ અને બોધિસત્ત્વોની અસંખ્ય મૂર્તિઓનું નિર્માણ થયું છે. તેમાં શિવ, ગણેશ, કાર્તિકેય, પાર્વતી, નંદી, વિષ્ણુ, ગરુડ, લક્ષ્મી, દુર્ગા, કાલિ, ભૈરવ, બ્રહ્મા, ઇન્દ્ર, તારા, બોધિસત્ત્વ પદ્મપાણિ, વજ્રપાણિ, પ્રજ્ઞાપારમિતા, હારિતી આદિ મુખ્ય છે.





જાવાના પ્રાચીન બ્રાહ્મણમંદિર પ્રંબાનનના શિવાલય સામેનો મહાનંદી. એની આંખ કેટલી સજીવ લાગે છે તે જુઓ!

←બોધિસત્ત્વ પદ્મપાણિ: બોરોબુદુરમંદિરનું એક શિલ્પરત્ન

મંથન (ઉલ્લંઘન) કરીને પ્રશાન્ત સાગરના દ્વીપોમાં જઈ વસ્યા અને ત્યાંથી અનેકવિધ વસ્તુઓ સ્વદેશ લઇ આવ્યા. જેમ શિવ ઉત્તરમાં હિમાલય ઓળગીને તિબેટમાં કૈલાસ ગયા અને પર્વતરાજ હિમાલયની પુત્રી પાર્વતીને પરણીને ત્યાં જ સ્થિત થયા, તેમ વિષ્ણુ દક્ષિણમાં ગયા અને સમુદ્ર ઓળંગીને સાગર-રાજની કન્યા લક્ષ્મીને પરણ્યા ને ત્યાં જ સસરાને ઘેર રહી ગયા. આમ અત્યંત પ્રાચીન કાળમાં આપણા બંને દેવો જુદીજુદી દિશામાં પ્રસ્થાન કરી ગયા અને વિદેશમાં આપણાં ધર્મ અને સંસ્કૃતિ ફેલાવ્યાં તથા ત્યાંની જ કન્યા પરણીને શ્વસુર-દેશે જઇ વસ્યા! આ ઉપરથી જ એક કવિએ વિનોદમાં લખ્યું કે

"असारे खलु संसारे, सारं श्वसुर-मंदिरम्।
क्षीराब्धौ च हरिः शेते शिवः शेते हिमालयम्॥"

કવિએ ભલે ટીખળ કરવા વિષ્ણુ તેમજ મહેશ બંનેને ઘર જમાઈ ગણી કાઢ્યા હોય, પણ વાસ્તવિકરીતે તો તે બંને ભારતમાંથી અવનિ-ભર પર વિસ્તરેલા આપણા અધિનિવેશકો, વસાહતીઓના અગ્રણી, પુરોગામી હતા. તેમને જ પગલે આપણાં બીજાં દેવ-દેવીઓ, ઋષિઓ, રાજાઓ, વ્યાપારીઓ તેમજ કલાકારો દેશ-પરદેશમાં જઈ વસ્યા ને સમગ્ર માનવ-સંસ્કૃતિને સમૃદ્ધ કરી દીધી.

આ સમુદ્ર-મંથનની કથા જો એકલા આપણા દેશમાં જ રહી હોત તો તો શંકાશીલ ઇતિહાસકારો કદાચ તેને કાલ્પનિક ગણી કાઢત, પરંતુ આ કથાની મુખ્ય ભૂમિકા ગણી શકાય તે જાવા-કમ્બોજના લોકોમાં યે આ કથા એટલી જ રૂઢ થએલી છે. જાણેકે ઇતિહાસકારોને સંતોષવા માટે, કમ્બોજના અંકોરથૉમના પ્રવેશદ્વાર સામે જ સમુદ્રનું મંથન કરતા દેવ તથા દાનવોની હાર પ્રાચીન શિલ્પકારોએ ખડી કરી છે ને જાવાનાં જગખ્યાત બોરોબુદુરનાં શિલ્પોમાં ભારતથી અધિનિવેશકોને લાવતી નૌકાઓ આલેખીને આ કથા અમર કરી છે. (જુઓ ચિત્ર.)



←જાવી સ્ત્રીના પોશાક સારોંગ અને 'કેબયા' (કબજા)માં જાવાની વનિતા (મધ્ય જાવા)

નીચે: જાવાનો ભદ્રપુરુષ



દેવ-દાનવોનો સમૂહ પ્રશાન્ત સાગર-વિસ્તારમાં ફેલાઇને સ્થિત બની ગયા પછી સૈકડો વર્ષે મહર્ષિ અગસ્ત્યની આગેવાની નીચે ભારતીય અધિનિવેશકોનો બીજો જુવાળ ફરી આ પ્રદેશમાં ફરી વળ્યો. મહર્ષિ અગસ્ત્ય ભારતના લોકોને પાછા વળવાનો વાયદો આપીને જાવા આવ્યા તે આવ્યા; પાછા ભારત કદી ન ગયા. તેમણે જાવાને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું ને આખા યે પ્રશાન્ત મહાસાગરના અસંખ્ય દ્વીપોમાં આર્ય ધર્મ તથા સંસ્કૃતિ ફેલાવ્યાં.



જાવામાં યોગ્યકર્તા પાસે આવેલું બૌદ્ધોનું પ્રાચીન મહામંદિર 'બોરોબુદુર' દુનિયા સમસ્તની કલાકૃતિઓમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેના પ્રદક્ષિણામાર્ગની ભીંતો પર જે પ્રલંબ ભાસ્કર્ય નાનીનાની તકતીઓમાં કંડારેલાં છે, તે જગતભરની શિલ્પકૃતિઓમાં માગ મુકાવે એવાં છે. 'કુમાર'માં છૂટક છૂટક રીતે અમે એની કૃતિઓ અવારનવાર આપતા રહ્યા છીએ, અને આ લેખમાળા સાથે બીજી ઘણી આવવાની છે. ઉપર આપી છે તે તકતીમાં કુમાર સિદ્ધાર્થે મહાભિનિષ્ક્રમણ કર્યાથી વ્યથામાં ડૂબેલા રાજા શુદ્ધોદનનું નિદર્શન છે.

જાવામાં મળી આવેલો સૌથી પ્રાચીન શિલાલેખ ઈ.સ. ૭૩૨નો રાજા સંજયનો છે. તે જણાવે છે કે જાવામાં સૌથી પ્રથમ શૈવ મંદિર અગસ્ત્ય-ગોત્રના એક બ્રાહ્મણે બંધાવ્યું હતું. આ શિવાલય દક્ષિણ ભારતમાં તુંગભદ્રાને કાંઠે કુંજરકુંજ સ્થળે આવેલા શિવ-મંદિરની પ્રતિકૃતિ હતું.

ભારતીય વસાહતીઓના અગ્રણી અંગસ્ત્ય ઋષિનું સ્થાન જાવી પુરાણોમાં મોખરે રહી તેઓ ભટ્ટાર-ગુરુને નામે ઓળખાતા ને દેવો-ની ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) કરતાં પણ તેમનું પદ ઊંચું હતું.

ઈસવી સનની શરૂઆતમાં તો જાવાની હિંદુ સંસ્કૃતિની ખ્યાતિ છેક ગ્રીસ, મિસર અને રોમના લોકો સુધી પહોંચી ગઈ હતી અને બીજા સૈકાના વિખ્યાત ગ્રીક ભૂગોળવેત્તા ટૉલેમીએ પોતાના અહેવાલ-માં યબદ્દીઉ(યવ-દ્વીપ)નો પણ વિગતથી ઉલ્લેખ કર્યો છે. આ વિસ્તારમાં મળેલા સૌથી પ્રાચીન શિલાલેખોમાં એક તો કલિમંથન(બૉર્નિયો)માં યૂપ સ્થળે ઈ.સ. ચોથી સદીનો શિલાલેખ છે, જે રાજા અશ્વવર્મન્‌ના પુત્ર મહારાજા મૂલવર્મન્‌નો છે. આવો જ શિલાલેખ તરુમા(પશ્ચિમ જાવા)ના રાજા મૂલવર્મન્‌નો છે જે સંસ્કૃત ભાષામાં છે, પરંતુ દક્ષિણ ભારતની પલ્લવ લિપિમાં લખેલો છે. ચોથા-પાંચમા સૈકામાં પશ્ચિમ જાવાના બધા હિંદુ રાજાઓ પોતાના નામની પાછળ વર્મન્ જોડતા. આ પ્રથા પછી કમ્બોજના રાજાઓએ પણ અપનાવેલી.

આઠમી સદીમાં જાવામાં 'દેવ-રાજા'ની માન્યતા ઉદ્‌ભવી. રાજા પોતે જ દેવ(ઘણુંખરું વિષ્ણુ)નો અવતાર છે એવી માન્યતા પ્રચલિત બની. કમ્બોજ અને ચંપાના રાજાઓએ તે પ્રણાલિકા અપનાવી. પૂર્વ જાવાના રાજા એર્લંગની મૂર્તિ વિષ્ણુ સ્વરૂપે ગરુડ ઉપર બેઠેલી મળી છે. (ચાલુ)

કલાવાર્તા

લાડોલનાં પ્રાચીન શિલ્પો

(જુઓ આ અંકના પાછલા પૂઠે)

ભારતવર્ષમાં અનેક પ્રાચીન શિલ્પો ખંડિત કે અર્ધખંડિત દશામાં ખૂણેખૂણે વેરાએલાં પડયાં છે. પુરાતન સંસ્કૃતિ, સમૃદ્ધિ અને કલાસાધનાનાં દ્યોતક આ શિલ્પો આજે દેશની કંગાલ ને કલાવિમુખ દશાનાં પ્રતીક સમાં આથડતાં રહ્યાં છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકાના લાડોલ ગામમાં આવી નવ મૂર્તિઓ એક ખૂણામાં—ધૂળથી આચ્છાદિત, સૌથી ઉપેક્ષિત અને પુરાતન શિલ્પના અભ્યાસીઓથી અપરિચિત—પડી છે. જોકે હાલ તે ગામના રામજી મંદિરના ઓટલા ઉપર એક બાજુએ ખૂણામાં વ્યવસ્થિતરીતે ગોઠવીને મૂકવામાં આવી છે.

આ પ્રત્યેક મૂર્તિ લગભગ સાડા ત્રણથી પોણા ચાર ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા આરસના પાષાણ-ફલક ઉપર કોઈ સિદ્ધહસ્ત શિલ્પીના હાથે કંડારાએલી છે, અને કોઈ ભવ્ય મંદિરની દીવાલ ઉપર સુશોભન તરીકે જડવામાં આવતી તકતીઓ હશે એમ જણાય છે.

આ નવે મૂર્તિઓ તેના નાનાવિધ ભાવો, જુદીજુદી અંગભંગીઓ, વિવિધ વાહનો અને જુદાંજુદાં આયુધોને લીધે એકબીજીથી જુદી તરી આવે છે. આઠ મૂર્તિઓ માતૃકાઓની છે જે પૈકી સાત માતૃકાઓ સ્પષ્ટ ઓળખાય છે; જ્યારે એક (મૂર્તિ નં. ૮) સ્પષ્ટ ઓળખાતી નથી. નવમી પુરુષાકૃતિ મૂર્તિ રુદ્રની છે.

અમર કોષમાં સાત માતૃકાઓનો નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

ब्राह्मी माहेश्वरी चैव कौमारी वैष्णवी तथा।
वाराही तथेन्द्राणी चामुण्डा सप्त मातृकाः॥

તો બીજા એક શ્લોકમાં આઠ માતૃકાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

ब्राह्मी माहेश्वरी चैन्द्री वाराही वैष्णवी तथा।
कौमारी चर्ममुण्डा च कालसंकर्षणीति च॥

ઉપરના શ્લોકોમાં ઉલ્લેખાએલી આ માતૃકાઓ જેવી એકીસાથે અને બહુ જ ઓછી ખંડિત દશામાં અહીં મળી આવી છે તેવી બીજે ભાગ્યે જ હશે. તેમનું યથાશક્તિ વિગતવાર વર્ણન આપવા પ્રયત્ન કરીશ:

મૂર્તિ નં. ૧: આ બિહામણી, રૂક્ષ અને જુગુપ્સા જેનો સ્થાયી ભાવ છે તેવા બીભત્સ રસના મૂર્ત સ્વરૂપ સમી ચામુણ્ડા(ચર્મમુણ્ડા, શવમુણ્ડા)ની મૂર્તિ હાડપિંજર સમી કૃશકાય છે. માથેનો જટાકૃતિ મુકુટ ખોપરીઓની માળાથી વીંટાએલો છે. પયોધર શુષ્ક અને લબડી પડેલા છે. ઉપલા ડાબા ખંડિત હાથમાં કોણી વચ્ચે મોટી ખોપરીવાળો દણ્ડ છે. નીચલા ડાબા હાથમાં ખપ્પર કે મદિરાપાત્ર છે, જે થોડુંક ખંડિત છે. ઉપલો જમણો હાથ તદ્દન ખંડિત છે અને નીચલા જમણા હાથમાં અસિધેનુકા(કટારી)ની મૂઠ પકડી છે, જેનું પાનું ખંડિત થએલું છે. નીચલા જમણા હાથના કાંડા ઉપર અસ્થિકંકણ, કોણી ઉપર મણકાઓવાળો બાજુબંધ તથા તેની ઉપર વલયાકૃતિ અલંકાર છે. કંઠમાં આંતરડાંની સર્પાકૃતિ માળા છે અને કમરબંધ ઉપર અસ્થિરજ્જુ વીંટી છે. બે પગ વચ્ચે ઢીંચણ સુધી જતી કમરબંધની પાટલી અસ્થિશકલોની બનેલી ઝૂલને સ્પર્શે છે. માતૃકાએ પહેરેલો ચણ્ડાતક (ચડ્ડી) બંને પગની જંઘા ઉપર સ્પષ્ટ દેખાય છે અને પગ નીચે ઊંધા સૂતેલા શબનું વાહન છે, જેને ડાબા ચરણ વડે ચાંપ્યું છે. બન્ને પગ પાસે બે પાર્શ્વદો ઊભા છે, જે પૈકી ડાબા પગ પાસેના પાર્શ્વદના જમણા ઊંચા કરેલા હાથમાં ખડગ છે ને ડાબા હાથમાં ખોપરી છે, જેને નિકટવર્તી કૂતરો સતૃષ્ણ જોઈ કે ચાટી રહ્યો છે.

મૂર્તિ નં. ૨ બ્રાહ્મી(બ્રહ્માણી)ની છે. એનાં ત્રણ મુખ દેખાય છે ને ચોથું પાછળ છે એમ કલ્પતાં આ ચતુર્મુખી પ્રતિમા ગણી શકાય. માથાના જટા આકારના મુકુટ વચ્ચે ચૂડામણિ શોભી રહ્યો છે. મુખ ઉપર સૌમ્ય ભાવ છે. કંઠમાં ત્રણ માળાઓ અને એક રત્નહાર ધારણ કર્યા છે અને નીચે એક સૂત્ર લટકે છે, જે બંને સ્તનોની વચ્ચેથી પસાર થતા ઉરઃસૂત્રની બરાબર મધ્યમાં આવી એક સુંદર આકૃતિ રચે છે. ઉપલા જમણા હાથમાં વજ્રનું આયુધ છે. નીચલા જમણા હાથમાં માળા તથા તેના કાંડા ઉપર બે કંકણો અને કોણી ઉપર સુંદર કેયૂર શોભી રહ્યાં છે. ઉપલા ડાબા હાથમાંનું આયુધ ખંડિત હોઇ સ્પષ્ટ ઓળખાતું નથી. નીચલા ડાબા હાથે તેડેલા બાળકનું માથું ખંડિત છે. નિમ્ન નાભિ અને સ્થૂલ ઉદર નીચેની કટિમેખલામાંથી બંને પગની જંઘાઓ ઉપર અર્ધવર્તુલાકારે લટકતી મોતીની સેરો સુંદર આકૃતિઓ રચે છે. બંને પગ વચ્ચે કમરબંધમાંથી લટકતી પાટલી ડાબા પગના ઢીંચણને જરાક સ્પર્શે છે. કમર પાછળથી વળાંક લઇ આવતી ઝૂલ ઢીંચણ નીચે અર્ધવર્તુલાકાર રચી મૂર્તિના નીચલા અર્ધા ભાગને સીમિત કરે છે. ડાબા પગ પાસે હંસનું વાહન છે, જે આ મૂર્તિ બ્રાહ્મીની હોવાનું સૂચવે છે. જમણા પગ પાસે એક સ્ત્રી પાર્શ્વદ બેઠી છે.

મૂર્તિ નં. ૩: માથા ઉપર જટા-આકાર મુકુટ ધારણ કરેલી આ માહેશ્વરી કે રુદ્રાણીની મૂર્તિના કંઠમાં હાંસડી, મૌક્તિકમાળા અને રત્નહાર છે. ઉરઃસૂત્ર સ્તનાન્તરાલેથી પસાર થઈ બન્ને સ્તનોની નીચે સુંદર વર્તુલ રચે છે. નિમ્ન નાભિ નીચે ઉદર ઉપર ત્રિવલ્લી દૃષ્ટિગોચર થાય છે. ઉદર કંઈક ઊપસેલું અને નીચે ઢળતું બતાવાયું છે. ઉપલા જમણા હાથમાં ત્રિશૂળ છે અને એના કાંડા ઉપર કંકણ છે. નીચલો જમણો હાથ કોઈક વિશિષ્ટ મુદ્રા દર્શાવે છે. ઉપલા ડાબા હાથમાં ફણીધર સર્પ છે, અને નીચલા ડાબા હાથે બાળક તેડયું છે. જંઘા ઉપરની રત્નમાળાઓ, પગ વચ્ચેની પાટલી અને વસ્ત્રની ઝૂલ બ્રહ્માણીની મૂર્તિ જેવી જ છે. જમણા પગ પાસે વૃષભનું વાહન છે, જેના મુખ આગળ શંકુ આકારે ગોઠવેલા મોદકોનો રાશિ છે. ડાબા પગ પાસે વીરાસન જમાવીને બેઠેલો પાર્શ્વદ છે.

મૂર્તિ નં. ૪: વરાહનું મોં તથા કાન ધરાવતી વારાહી માતાની આ પ્રતિમા લગભગ અખંડિત છે, એ તેની વિશિષ્ટતા છે. તેના માથા ઉપર શંકુ આકારનો રત્નજડિત મુકુટ છે, અને ભાલપ્રદેશ રત્નગુંફિત પટ્ટીથી વીંટાએલો છે. ગળામાં એક હાંસડી અને બે રત્નમાળાઓ છે તથા સ્તનો ઉપર વીંટેલા બારીક વસ્ત્રની ગ્રંથિ સ્તનાન્તરાલે બાંધી છે, જેમાંથી ઉરઃસૂત્ર પસાર થાય છે. ઉપલા જમણા હાથમાં હરિણાકૃતિ આયુધ (કે ક્રીડનક?) ધારણ કર્યું છે અને નીચલા જમણા હાથે બાળક તેડયું છે. નીચલા ડાબા હાથને ઉદર ઉપર જમણી તરફ વાળી બાળકના જમણા પગને ઝાલ્યો છે. ઉપલા ડાબા હાથમાં ઘંટા નજરે પડે છે. નીચલા ડાબા હાથનું કાંડું ત્રણ કંકણોથી અને કોણી ઉપરનો ભાગ કેયૂરથી વિભૂષિત થએલાં છે. કટિમેખલામાંથી બંને પગો પર લગભગ ઘૂંટણ સુધી લટકતી બે પાટલીઓ સાથે બને જંઘાઓ પર અર્ધવર્તુલાકારે લટકતી રત્નમાળાઓ સુંદર તોરણાકૃતિ રચેછે. કટિપ્રદેશ પાસેથી નીકળી ઢીંચણ નીચે વળાંક લેતી ઝૂલ આ પ્રતિમાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. પગ પાછળ વૃષભનું વાહન છે, જેણે આગલો જમણો પગ જરા ઉપાડયો છે, આથી તે જાણે જીવન્ત અને ગતિશીલ લાગે છે.

મૂર્તિ નં. ૫ ઐન્દ્રીની છે, જેને માથે શંકુ આકારનો રત્નજડિત મુકુટ ને ડાબા કાનનું કુંડલ આકર્ષક છે. ગળામાં મોતીની બે સેર તથા રત્નહાર છે, જેના મધ્યમાંથી નીકળી નાભિની

ડાબી બાજુ સુધી જતું સૂત્ર બંને સ્તનોવચ્ચેથી પસાર થાય છે, અને ઉરઃપ્રદેશ ઉપર લટકતા ઉરઃસૂત્ર સાથે સ્તનો પર સુંદર ત્રિશૂલાકૃતિ રચે છે. ઉપલા જમણા હાથમાં ચક્ર છે અને નીચલા જમણા હાથે બાળક તેડચું છે, જ્યારે ઉપલા ડાબા હાથમાં વજ્ર ને નીચલા ડાબા હાથમાં ફળ છે. કટિમેખલાની વચ્ચેથી નીકળતી પાટલીની બન્ને બાજુએ બને જંઘાઓ ઉપર રત્નમાળાઓ શોભી રહી છે અને લચી રહેલી ઝૂલ ઢીંચણ નીચેથી અર્ધવર્તુલાકારે દેહના અધોભાગને ઘેરી વળે છે. ડાબા પગ પાસે સૂંઢને કલાત્મક વળાંક આપતા હાથીનું વાહન આ મૂર્તિ ઐન્દ્રી હોવાનું પ્રતીત કરાવે છે. જમણા પગ પાસે પાર્શ્વદ છે.

મૂર્તિ નં. ૬ : કૌમારી માતૃકાની આ પ્રતિમાના માથા ઉપર ચૂડામણિયુક્ત મુકુટ તથા ગળામાં એક હાંસડી, ત્રણ મૌક્તિક સેર અને એક રત્નહાર છે. રત્નહારમાંથી નીકળતું સૂત્ર સ્તનોની વચ્ચેથી પસાર થઈ નાભિની જમણી બાજુએ ઉદરને સ્પર્શે છે. ઉપલા જમણા હાથમાંનું આયુધ ખંડિત થએલું છે. નીચલા જમણા હાથમાં બીજોરા જેવું ફળ છે. ઉપલા ડાબા હાથનું આયુધ અને નીચલો તો આખો ડાબો હાથ ખંડિત છે. કટિમેખલાની બન્ને બાજુ જંઘાઓ ઉપર અર્ધવર્તુલાકારે રત્નમાળાઓ લટકે છે. ઉદર કંઈક સ્થૂલ ને જમણી તરફ ઢળતું છે, જેની અંદર ત્રિવલ્લી સ્પષ્ટ દેખાય છે. ડાબો પગ ખંડિત છે, પણ જમણા પગે નૂપુર સ્પષ્ટ વર્તાય છે, જેની પાસે જ મયૂરનું વાહન છે. ડાબા પગ પાસે જે સ્ત્રીપાર્શ્વદ ઉત્કટિકાસને બેઠેલી નજરે પડે છે તે પણ સુ-અલંકૃત છે.

મૂર્તિ નં. ૭ : વૈષ્ણવી માતૃકાની આ મૂર્તિને માથે ચૂડામણિયુક્ત, ઈરાની ટોપી આકારનો મુકુટ અને કંઠમાં હાંસડી જેવો અલંકાર તથા રત્નહાર છે. ભરાવદાર સ્તનો ઉપરથી ત્રણ સેરવાળું ઉરઃસૂત્ર પસાર થાય છે. પયોધર એકબીજાને એવા ગાઢરીતે ઉત્પીડન કરે છે કે તે જોઇને કાલિદાસના કુમારસંભવના નીચેના શ્લોક(સર્ગ૧ શ્લો.૪૦)નું સ્મરણ થઈ આવે છે:

अन्योन्यमुत्पीडयदुत्पलाक्ष्याः
स्तनद्वयं पाण्डु तथा प्रवृद्धम्।
मध्ये यथा श्याममुखस्य तस्य
मृणालसूत्रान्तरमप्यलभ्यम्॥

ઉપલા જમણા હાથમાં ગદા છે, ને નીચલો જમણો હાથ મધ્યમાં અંગુલિ ઉપર મૂકેલા અંગુષ્ઠથી કોઈક મુદ્રા સૂચવે છે. ઉપલા ડાબા હાથમાં ચક્ર અને નીચલા જમણા હાથમાં બાળક છે, જેનું માથું ખંડિત છે. કટિમેખલામાંથી જંઘાઓ ઉપર રત્નમાળાઓ લટકે છે. જમણા પગ પાસે શંખાકૃતિ મૂકેલી છે ને ડાબા પગ પાસે એક સ્ત્રીપાર્શ્વદ ઊભેલી છે.

મૂર્તિ નં. ૮માં કઈ માતૃકા છે તે સ્પષ્ટ થતું નથી. માથે શંકુ આકારનો મુકુટ ધારણ કર્યો છે. ગળામાં મૌક્તિકમાળા ને રત્નહાર ધારણ કર્યા છે. ઉરઃપ્રદેશ ઉપર વીંટેલા દુકૂલ વસ્ત્રની ગ્રન્થિ સ્તનાન્તરાલે દશ્યમાન થાય છે. ઉપલા જમણા હાથમાં કમળ છે ને નીચલા જમણા હાથે બાળક તેડચું છે. બાળકની બેસવાની રીત કલાત્મક છે. ઉપલા ડાબા હાથમાંનું આયુધ ખંડિત છે. નીચલા ડાબા હાથમાં શ્રીફળ જેવું કંઈક ફળ દેખાય છે. કટિબંધની નીચે જંઘાઓ ઉપર રત્નમાળાઓ લટકે છે. જમણા પગ પાસે કોઈ પ્રાણીનું વાહન છે.

મૂર્તિ નં.૯: આ મૂર્તિ માતૃકાની નથી, પરંતુ તે પુરુષાકૃતિ છે એ સ્તનોના અભાવ ને ડાબા સ્કન્ધ પરથી લટકતા યજ્ઞોપવીત ઉપરથી સહેજે અનુમાની શકાય છે. એ રુદ્રની લાગે છે. માથા ઉપર જટામુકુટ છે. જમણી બાજુએ સહેજ ઢળેલી સ્થિરદૃષ્ટિ અને સૌમ્ય મુખાકૃતિ મૂર્તિને પ્રભાવશાળી બનાવે છે. કંઠમાં ત્રણ મૌક્તિકમાળાઓ અને એક રત્નાહાર શોભે છે. ઉપલા જમણા હાથમાં ત્રિશૂળનું આયુધ છે, જેને પકડવા માટે અંગૂલીઓના કરેલી મુદ્રા બહુ આકર્ષક છે. નીચલા જમણા હાથમાં પકડેલો દંડ થોડોક ખંડિત છે. આ બંને હાથોનાં કાંડાં ઉપર બબ્બે સુવર્ણ-વલયો (કડાં) પહેર્યાં છે. નીચલા જમણા હાથની કોણી ઉપરનો સરસ ઘાટદાર મોટો કેયૂર ખાસ ધ્યાન ખેંચે છે. બંને ડાબા હાથ બહું જ ખંડિત છે. તૂટેલા નીચલા ડાબા હાથ નીચે વળાંક લેતું સર્પનું પુચ્છ નજરે પડે છે તે ઉપરથી કલ્પના કરી શકાય કે એકાદ હાથમાં સર્પ હોવો જોઇએ. ડાબા ખભા ઉપરથી લટકતું યજ્ઞોપવીત છાતી ઉપરથી સુંદર વળાંક લેતું જમણી બાજુ કમરબંધ ઉપરથી પસાર થાય છે. ઉદર ઉપર ત્રિવલ્લી સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. કમરબંધ નીચે બંને વચ્ચેથી પસાર થતી પાટલી ઠેઠ ઢીંચણ નીચે લગભગ પગની ઘૂંટી સુધી પહોંચે છે. ઝૂલ ઉપર બીજી એક વિશિષ્ટ વર્તુલાકાર ઝૂલ જંઘા ઉપર દૃષ્ટિગોચર થાય છે. પગમાં પણ સુવર્ણવલય પહેર્યાં છે. પ્રતિમાનો દેહ સુદૃઢ, માંસલ અને સપ્રમાણ છે. જમણા પગ પાસે વૃષભનું વાહન છે. વૃષભના મુખ આગળ મોદકોનો રાશિ ગોઠવ્યો છે. ડાબા પગ પાસે એક પાર્શ્વદ બેસાડેલો છે.

આ બધી પ્રતિમાઓનું સમગ્ર અવલોકન કરતાં એક વસ્તુ નિઃશંકરીતે કહી શકાય કે



રુદ્ર

આ બધી મૂર્તિઓ બહુ જ ઉત્કૃષ્ટ પ્રકારની શિલ્પાકૃતિઓ છે. માતૃકા-પૂજાનો મહિમા જે જમાનામાં આ પ્રદેશમાં વ્યાપક હશેતે જમાનાની આ કલાકૃતિઓ હશે. ઑગસ્ટ અને ઑક્ટોબર ૧૯૫૫ (અંક ૩૮૦–૩૮૨)ના 'કુમાર'-માં કોટેશ્વર અને આબુમાંથી મળી આવેલી જે માતૃકાઓની મૂર્તિઓનું વર્ણન શ્રી ઉમાકાન્ત શાહે કર્યું છે તેમની સાથે આ મૂર્તિઓ સરખાવતાં જોઈ શકાય છે કે તે બધી માતૃકાઓ બેઠેલી કે અર્ધ બેઠેલી સ્થિતિમાં છે, જ્યારે આ માતૃકાઓ બધી ઊભી છે. એ સિવાય અલંકારો, આયુધો, વાહનો વગેરેની બાબતમાં બંને વચ્ચે ઘણું જ સામ્ય નજરે પડે છે. વિશેષમાં બીજેથી મળી આવેલી (કુમારમાં પ્રગટ થએલી) માતૃકાઓની મૂર્તિઓ કરતાં પ્રમાણમાં આ મૂર્તિઓ બહુ જ ઓછી ખંડિત અને સારી રીતે સચવાએલી છે. આઠમી કે નવમી સદીથી વધારે અર્વાચીન નહિ હોય એમ એ સમયની મૂર્તિઓ સાથે સરખાવતાં અનુમાન ઉપર આવવું વધુપડતું તો નહિ ગણાય. આ પ્રતિમાઓ સુરક્ષિત સ્થળે પુરાતત્ત્વના અભ્યાસીઓને તેમના અભ્યાસમાં મદદરૂપ થઈ પડે તેમ વ્યવસ્થિત રીતે જળવાય એવી આશા પણ વધુપડતી તો નહિ જ ગણાય.

લક્ષ્મીશંકર અ. જોષી

પચ્ચીસ વર્ષ પહેલાં



ફાગણ ૧૯૮૯ અંક ૧૧૧ કુમાર ૧૧૧

આ જે તો 'એવરેસ્ટ' જિતાઈ ગયું છે, પણ એ સર્વોચ્ચ શિખર પર આરોહણ કરવા માટે જગતના નામી શિખરિણીઓએ જે સાહસો ને કુરબાનીઓ વેઠી છે તેનો સારભૂત અહેવાલ શ્રી ચન્દ્રવદન મહેતાની કલમે પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં હપતે હપતે આપેલો તેનો પરિચયાત્મક આસ્વાદ અમે કરાવતા આવ્યા છીએ. આ વખતે આરોહણની તૈયારીઓ તથા શરૂઆતના સારની સાથે રસમય ચિત્રાલેખ પણ છે:

"હવેની આખી વાતનો નાયક વીર મૅલરી જ છે. ઈ. ૧૯૨૧માં ફ્રાન્સિસ યંગહસબંડના આશીર્વાદ લઇને નીકળેલી એ પહેલી ટોળીમાં ડૉકટર કેલ્લાસ, એક વનસ્પતિશાસ્ત્રી, એક વાયુશાસ્ત્રી, એક ભુસ્તરશાસ્ત્રી, એક ભૌગોલિક ગણતરી કરનારો, એક આખી ટોળીના ખાનપાન સંબંધી ગોઠવણ કરનારો, એમ વિવિધ શક્તિ અને ધર્મ ધરાવતા એ સૌની સાહસટુકડી ઘણી સુસજ્જિત હતી. તિબેટ ઓળંગી ઉત્તર દિશામાંથી છેક એવરેસ્ટની તળેટીએ પહોંચ્યા, પણ રસ્તે ડૉકટર કેલ્લાસને ગુમાવ્યા.

આ સફર વખતે મૅલરીએ શોધ કરી કે નેપાળ તરફથી તો પહાડ ચડવો અશક્ય છે. ૨૩,૦૦૦ ફૂટ ઊંચી લાપકાલા નામની એક ખીણ પસાર કરતાં બીજી એક ભૂલ થએલી એણે એ શોધી કાઢી કે રૉંગબક ગ્લેશ્યરના રસ્તે સીધા આવતાં એક મોટો ચકાવો ફરવો મટી જાત; અને એ ઊંચાઇએથી એણે એ પણ નિર્માણ કર્યું કે ઉત્તર-પશ્ચિમ ખૂણામાંથી જ એવરેસ્ટ સર કરી શકાય, અને એ જ એક રસ્તો શક્ય છે. છેવટની ટોચ પર જતાં અગાઉ ૨૩,૦૦૦ ફૂટ ઊંચો એક હિમડુંગરો પણ ચડવો આવશ્યક લાગ્યો. એ ચડવો અતિશય કપરો હતો; પરંતુ આ ટુકડી તો તીવ્ર કાર્યસાધક બુદ્ધિથી નીકળેલી હતી. અનેક ભીષણ સંકટોને પગતળે ચાંપતો ને આગળ ને આગળ ધપતો વીર મૅલરી મહામુસીબતે એ ડુંગરો ચડયો.

પણ આટલું કરતાં તો હવામાં એકાએક ફેરફાર થવા માંડયા, એટલે ત્યાંથી જ પાછા ઊતરવું પડયું. ઋતુ હેરાન કરવા માંડી. વરસાદ પછીની ઋતુ માફક છે, અને ઉનાળો નહિ એ પણ નક્કી થયું. મૅલરીની સાથે ડૉકટર કેલ્લાસની સહાય રહી હોત તો એ ટોળી અફળ ન જ જાત એમ હજી ઘણાનું માનવું છે. મૅલરી જબરો બહાદુર. એનું મનોબળ પણ અથાગ. શ્રમ તો એ જાણે જ નહિ. કોઈ પણ ડુંગરની કોઈ પણ ઊંચાઇએથી એ ગભરાય નહિ, અને હિંમત—તે છેક ઉદ્ધતાઈની હદ સુધી—તો એની જ; અને શરીરે પણ એવો મજબૂત! પૂરો સશક્ત ને ખડતલ. વળી એનામાં એકલું રાઠોડી બળ જ નહિ, પરંતુ વિશાળ કલ્પનાશક્તિ અને હૃદયની ઉદારતા પણ હતાં. જીદ અને મમત પણ એનાં જ. ધાર્યું તો એ જરૂર કરવાનો જ. એકાંત એને વધારે ગમતું. એવરેસ્ટ સાથે જાણે એને ભવોભવની લેણાદેણી જ જામેલી. એની નોંધપોથીઓ વાંચો: ઉમાશિખર સાથે જાણે એણે તાદાત્મ્ય જ સાધ્યું હતું. એનું સર્વસ્વ એણે એવરેસ્ટને ચરણે ધર્યું હતું.

૧૯૨૨માં બીજો પ્રયાસ થયો જનરલ બ્રૂસની સરદારી નીચે. બ્રૂસ જેવો બીજો સરદાર ભાગ્યે જ હોઈ શકે. કારાકોરમ ને હિંદુકુશના ખૂણેખૂણા એણે ખૂંદેલા. હિમાલય-પ્રદેશની ભાષાનો ભોમીઓ ને આજન્મ નેતા. પાછો સૌએ રૉંગબક ખીણ આગળ પડાવ નાખ્યો ને શિખર સર કરવાનો પ્રયાસ શરૂ થયો.

૨૩,૦૦૦ ફૂટ ઊંચો બરફનો પેલો વિરાટ દુર્ગમ ડુંગર ફરી પાછો સન્મુખ જ ઊભો હતો. એની નીચે ઊભા રહેતાં એ ચોસલો એવો તો વિષમ લાગે કે ભલભલાની છાતી બેસાડી દે. પણ એ ચડયા સિવાય છૂટકો જ નહિ; એ વગર શિખર સર જ ન થાય. એ ખડક પર છાવણી નંખાય તો જ આગળ જવાની આશા.

મૅલરી, મૉરશેડ, નૉર્ટન અને સોમરવેલ એ ચાર જણે શિખર સર કરવાનું બીડું ઝડપ્યું. પેલો બરફનો ખડક તો જેમતેમ કરી ચડી ગયા. એક દિવસમાં મૅલરીએ ૩૦૦ પગથિયાં કાપ્યાં, ને બીજે દિવસે ૨૫,૦૦૦ ફૂટ! મનુષ્યે ઊંચામાં ઊંચી જગ્યાએ તે દહાડે પોતાના પગ મૂક્યા.

મૅલરી રસ્તો બતાવતો ને રસ્તો બનાવતો ચડે. શ્વાસોચ્છ્વાસ લેવાની એની રીત ગૂઢ છતાં સાદી અને સરળ હતી. એની જીતની ચાવી જ એ. ધીમેધીમે ૨૬,૦૦૦ ફૂટ પર સૌ પહોંચ્યા. હવે શિખરનો રસ્તો અહીંથી સીધો દેખાતો હતો. બપોરે સવા બે વાગ્યે ૨૬,૮૦૦ ફૂટ અંકાયા. હવે તો સ્થિતિ એવી થઇ કે પાંચ મિનિટ શ્વાસ લે ત્યારે એક ડગલું માંડ કપાય. પાછા ફર્યા. મૉરશેડની તબિયત તદ્દન લથડી ગઇ હતી. એને ઊંચકવો પડતો. નૉર્ટનનો કાન સહેજ ઉઘાડો રહી ગયો એટલે ફૂટી ગયો! બીજે દિવસે ફિન્ચ ને બ્રૂસ થોડો સામાન લઈ ૨૬ કે ૨૭ હજાર ફૂટે છાવણી નાખવાના ઇરાદે ગયા. ત્યાં અચાનક હિમપ્રપાત તૂટી પડયા.


આ અકસ્માતે દરેકને હરાવ્યા. પ્રયત્ન પડતો મૂકવાનો નિર્ણય થયો. પણ એને શું હાર્યા કહેવાય? એ માહિતી, એ અવલોકનો, એ અનુભવ કંઇ ઓછાં મૂલ્યવાન છે? શિખરિણીઓ તો એને જ જીત ગણે છે.

ફરી ઊપડયા ૧૯૨૪માં. પ્રયાસ ન કરે તે મનુષ્ય શાનો? ઉત્તરધ્રુવ ઓળંગાયો, દક્ષિણધ્રુવ જવાયું, ઍમન્ડસન, સ્કૉટ, શૅકલ્ટન વિજય કલગીઓ લઈ આવ્યા, તો હિમાલયની શી તાકાત છે કે વારંવાર હરાવે? પૃથ્વીની શિખરટોચ પર માનવજંતુને નહિ જ ચડવા દે? કંઈ કારણ? સરજનહારે સરજેલી અદ્ભુત સૃષ્ટિનાં મનુષ્યની આંખે દર્શન પણ નહિ કરવા દે? એને ઘટે તે ભોગ લે, ઇચ્છે તે કિંમત લે, પણ એ સૌંદર્ય નિહાળવાનો હક્ક તો મનુષ્યને છે જ, અને તે સિદ્ધ કરશે જ. કુદરતને વશ કરવા મનુષ્ય વલખી રહ્યો છે. વીજળી વશ કરી, ધૂધવતા સાગરો વશ કર્યા, અગ્નિને વશ કર્યો, વાયુને વશ કર્યો, તો શા માટે ગિરિરાજ નહિ? મનુષ્ય જીતતો જાય છે, કુદરત હારતી જાય છે. સરવાળે ભલે મનુષ્ય હારે, પરંતુ પ્રયત્નશીલ મનુષ્ય નવરો તો નહિ જ બેસે.

શિખરો સર કરવાં એ કંઇ સહેલી વાત નથી. અને એ કંઈ એક જણનું કામ પણ નથી. આખી ટોળીમાં એકબીજાના સહકાર વિના, દિલોજાની વિના, એકબીજાના સ્વભાવના અભ્યાસ વિના કંઈ જ શક્ય નથી. વળી પર્વત પર અમુક ઊંચાઈ પછી મગજમાં લોહીના વહેવામાં ફેરફાર થવા માંડે છે અને એથી સ્વભાવ એકદમ ચીડિયો થઇ જાય છે. એવે વખતે એકબીજાને નભાવી લેવા જ પડે. એટલે શિખરારોહણમાં સાહસના ગુણની સાથોસાથ શાંત સ્વભાવ પણ તેટલો જ આવશ્યક છે.

બીજી મુસીબત હિમ-અંધાપાની. લીલાં કે ઘેરાં ચશ્મા વિના ઉપર ગયા કે આંધળા થયા જ સમજો. ચોગરદમ જ્યાં માઇલોના માઈલ લાંબા બરફના વિશાળ આરસા પર સૂર્યકિરણો પડે ત્યાં શું થાય?

વળી કાન, માથું ને હાથ બરાબર ઢંકાએલાં રહેવાં જ જોઇએ; જરાક ખુલ્યાં કે જુઓ મજા! એકાએક આંગળાંમાં લોહી જામી જાય, પછી ચિરાડા પડે અને લોહી ટપકવા માંડે! જોડા પણ ઘૂંટણ સુધીના, ખીલાવાળા, મજબૂત ચામડાના, ને બેચાર મોજાં ઉપર પહેરી શકાય



એવરેસ્ટની ચડાઇનો માર્ગ, તેમાં વચ્ચે આવતી હિમસરિતાઓ (ગ્લેશ્યરો), કરાડો, રસ્તાની છાવણીઓ વગેરેનો સ્પષ્ટ ખયાલ આપતો પ્રાકૃતિક નકશો. સામે, દૂર ઊંચામાં ઊંચું દેખાય તે જગતભરનું સર્વોચ્ચ (૨૯,૦૦૦ ફૂટ) શિખર એવરેસ્ટ. છેક નીચે જમણા ખૂણામાં તળેટીની છાવણી. એની ઊંચાઈ ૧૬,૫૦૦ ફૂટ. ત્રણચાર અઠવાડિયાં અહીં હવા માફક કરવા રહેવું પડે. અહીંથી શિખરનો રસ્તો બાકી ચડવાનો સીધી ઊંચાઇએ ૧૨,૪૦૦ ફૂટ ઊંચે; પણ ચાલવાનું ચઢાણ ગણતાં થાય લગભગ ૧૩ાા માઈલ. તળેટીની છાવણીથી ઊંચે જતી દેખાય છે એ નદી-હિમસરિતા-તે રૌંગબક ગ્લેશ્યર. એ બરફનો મોટો પહાડ જ સમજો. ધીમેધીમે નીચે સરે, પણ કેટલો વિકટ રસ્તો! એ રૌંગબકનો પૂર્વ ફાંટો તે એવરેસ્ટ પર ચડવાનો માર્ગ. ત્યાં જુઓ લગભગ મધ્યમાં છાવણી નં. ૧, ૧૮,૦૦૦ ફૂટ ઊંચી ને તળેટી-છાવણીથી ૩ાા માઇલ દૂર; અહીંથી જીવને જોખમે બરફની નદી ઓળંગવાની, ને જરા ઊંચે જાય એટલે આવે છાવણી નં. ૨, ૧૯,૩૦૦ ફૂટ; તળેટીથી ૬ાા માઇલ. પછી ૨૧,૦૦૦ ફૂટ ઊંચે છાવણી નં. ૩, તળેટીથી ૧૦ માઇલ દૂર; અને તે પછી ૨૩,૦૦૦ ફૂટે છાવણી નં. ૪. અહીં જ આવી પેલી ભયંકર બરફની દીવાલ ચાંગ લા, નૉર્થ કોલ; જે ચડતાં નવ નેજાં થયાં, જે મૅલરીએ અંતે સર કરી, ને આગળ ૨૫,૦૦૦ ફૂટ પર છાવણી નં. ૫ નાખી. ત્યાંથી ઊંચે છાવણી નં. ૬ અને ૭, ૨૭,૫૯૦ ફૂટ ઊંચે અને તળેટીથી ૧૨ાા માઈલ દૂર; અને તે પછી ઊંચે મૅલરી અને અર્વિન જ્યાં છેલ્લા દેખાયા હતા તે જગ્યા; ૨૮,૨૩૯ ફૂટ ઊંચે છે. શિખર ત્યાંથી રહ્યું ફક્ત ૭૯૨ જ ફૂટ દૂર. આજે તો માનવશક્તિ ત્યાં પહોંચી છે.


એવા જોઇએ. શરીર પર તો પુષ્કળ ગરમ કપડાં ને જાકીટો. સૂવા માટે ખાસ કોથળાઓ: અંદરથી ગરમ ને પગ આગળથી સાંકડા. અંદર ડપકાયા કે બધ. નાક આગળ હવા માટે જાળિયું. તળેટી (એટલે ૧૬,૦૦૦ ફૂટ) સુધી તો ઠીક; પણ પછી તો ગમેતે પચાવે એવાં આંતરડાં જોઈએ. મોટે ભાગે બિસ્કિટ અને ટિન કરેલો ખોરાક જ અહીં લેવો પડે છે. ઊંચાઈ પર પેટમાં ઍસિડ વધારે થાય છે અને એકાએક ખોરાક પચતો પણ નથી. થર્મૉસમાં રાખેલી ગરમ ચા જ વારંવાર ચારી આપ્યા કરે છે. બરફના ડુંગરો ખોદી, એમાં ગુફાઓ બનાવી છાવણી નાખવી પડે. એને માટે પણ દોરડાં, કોદાળી, દોરડાંની નિસરણી વગેરે કૈં કૈં સરંજામ જોઇએ.

આ ઉપરાંત હાથ વડે નિશાનીઓ કરવાની તથા સમજવાની ભાષા પણ શીખી લેવી પડે. વળી ઉપર ઑક્સિજનનું પ્રમાણ ઘટતાં ફેફસાંને ટેવાતાં કરવાં પડે. સાથેનો દાકતર અવારનવાર ફેફસાં કેટલો ઑક્સિજન સંઘરી શકે છે એ જો તપાસતો ન રહે તો હૃદયરામ એકાએક અટકી યે પડે! બરફના પહાડોનો તથા એની ચાલનો પણ પૂરો અભ્યાસ હોવો જોઇએ; નહિ તો ખેંચાયા જ છો નીચે.

૨૫,૦૦૦ ફૂટ પછી સ્મરણશક્તિ નબળી પડે છે, ખાવાનું ભાવતું નથી;–તેમાં યે માંસ તો નહિ જ. દૂધ, મુરબ્બો, બિસ્કિટ ને ચા પર જ ભાવ રહે છે. ગળપણ ઠીક ગમે છે. અલ્ટ્રાવાયોલેટ કિરણો અનેક રીતે નુકસાનકર્તા થઈ પડે છે. પવનની ગતિ કલાકના ૧૫૦ માઈલ અને કદીક તો એથી પણ વધારે રહે છે. સળેકડા જેવાના તો ત્યાં પગ જ ન ઠરે.”

આને જાદુઇ ચોરસ બનાવવાની કરામત સમજાવતો બીજો હપતો પણ ઉતારવા જેવો છે:

“જેની પ્રત્યેક હારમાં એકી સંખ્યાનાં ખાનાં હોય એવા ચોરસના ખાનામાં અંકો ગોઠવવાની એક બીજી રીત નીચે આપવામાં આવી છે:



(૧) નીચે આકૃતિમાં જાડી લીટીથી બતાવ્યા મુજબ, પ્રથમ, જેટલાં ખાનાંનો ચોરસ બનાવવો હોય તે પ્રમાણેની ખાલી આકૃતિ તૈયાર કરી, પછી તેની દરેક બાજુ ઉપર, જાડી લીટીની બહારની બાજુએ ચોમેર દર્શાવ્યા પ્રમાણે વધારાનાં ત્રણત્રણ ખાનાં બનાવો.

(૨) તેવી રીતે તૈયાર થએલી આકૃતિમાં કર્ણરેષામાં (એટલે ત્રાંસી લીટીમાં), આકૃતિમાં માંડ્યા પ્રમાણે અંકો એક પછી એક લખી જાઓ. [આવી લેખનપદ્ધતિનો આરંભ ચાર જુદેજુદે સ્થળેથી થઈ શકે છે; અને તે આરંભ પ્રમાણે લેખનગતિની દિશા પણ બદલાય છે. તે દિશા તીરનાં ચિહ્નથી દર્શાવેલી છે. એ દિશા પ્રમાણે કર્ણરેષા ગોઠવતા જવાથી ચાર જુદીજુદી બાજુએથી અંકો ગોઠવીને ચારજુદીજુદી રચના કરી શકાય.] હવે સ ર બાજુની બહારના અંકો, જે આ કિસ્સામાં ૪, ૫ અને ૧૦ છે, તેને છે તે જ સ્થિતિમાં ખસેડીને, મ ગ બાજુ ઉપરનાં એ સ્થિતિનાં ત્રણ ખાલી ખાનાંમાં લાવો: એટલે કે ૧૨ અને ૧૮ વચ્ચે ૫; ૧૧ ને ૧૭ વચ્ચે ૪; અને ૧૭ અને ૨૩ વચ્ચે ૧૦ આવે એમ મૂકો. એ જ પ્રમાણે ર ગ બાજુની બહારના અંકોને સ મ બાજુની અંદર; મ ગ બાજુની બહારના અંકોને સ ર બાજુની અંદર; ને સ મ બાજુની બહારના અંકોને ર મ બાજુની અંદર ગોઠવવાથી આખોય ચોરસ અહીં દર્શાવ્યા પ્રમાણે તૈયાર થશે.–મો. હ. પંચોળી”

૩	૧૬	૯	૨૨	૧૫
૨૦	૮	૨૧	૧૪	૨
૭	૨૫	૧૩	૧	૧૯
૨૪	૧૨	૫	૧૮	૬
૧૧	૪	૧૭	૧૦	૨૩

અણજાણ ઉજ્જડ ટાપુ ઉપર વહાણ ભાંગીને ફસાઇ પડેલા સાધનહીન તથા નિરાધાર માનવીઓ પોતાની તરતબુદ્ધિ, સૂઝ અને ચાતુર્યથી રોજિંદી અગત્ય અને જરૂરતનાં સાધનો કેવીરીતે બનાવતા જાય છે તે દર્શાવીને જીવન જોગવવાના પ્રત્યક્ષ પાઠ રૂપ લખાએલી ‘રૉબિન્સન ક્રૂઝો’, ‘સ્વિસ ફૅમિલી રૉબિન્સન’ વગેરે સાહસકથાઓ જાણીતી છે. એવી જ એક કથા ‘ભેદી ટાપુ’ પચ્ચીસ વર્ષ પર ‘કુમાર’માં આવતી. તેમાં પર્વતની ઊંચાઈ માપવાની જરૂર ઊભી થતાં, ટુકડીના નેતા કેવીરીતે તેનો તોડ લાવે છે એ બતાવતો નીચેનો ફકરો એ વાર્તાની રસમયતાનો પુરાવો આપશે:

હર્બર્ટ: પહાડની ઊંચાઈ માપવા તો યંત્ર જોઇશેને? તે ક્યાંથી લાવશો?

હાર્ડિંજ: ના, યંત્રની કશી જરૂર નથી. તું તારે જોયા કરને. હું બધી વ્યવસ્થા કરી લઉં છું.

એમ કહી હાર્ડિંજે બાર ફૂટ લાંબો અને સીધો એક લાકડાનો કટકો લીધો. પોતાની ઊંચાઈની તો તેને બરોબર ખબર હતી, તેથી બાર ફૂટનું માપ કાઢવું મુશ્કેલ ન પડ્યું. પછી ઝાડની છાલની દોરી બનાવી તેને છેડે એક પથ્થરનો કટકો બાંધી ઓળંભો બનાવ્યો. એ ઓળંભો અને બાર ફૂટની લાકડી લઈ હાર્ડિંજ અને હર્બર્ટ આગળ ચાલ્યા.

સમુદ્રકિનારેથી લગભગ ત્રીસ ફૂટ દૂર અને પહાડથી આશરે પાંચસોક ફૂટ દૂર એક જગ્યાએ હાર્ડિંજે ૨ ફૂટ જેટલો ઊંડો ખાડો ખોદી તે બાર ફૂટની લાકડી જમીનમાં દાટી. પછી ઓળંભાની મદદથી જોઇ લીધું કે લાકડી બરોબર સીધી જમીનને કાટખૂણે ઊભી કરાઈ છે કે નહિ. ત્યાર પછી નીચે જમીન ઉપર સૂઇને હાર્ડિંજ ધીમેધીમે પાછળ ખસવા લાગ્યા, ને જ્યાં સુધી ખોડેલી લાકડીનો છેડો ને પહાડનું શિખર એક લીટીમાં ન આવ્યાં ત્યાં સુધી તેમણે ખસ્યા જ કર્યું. પછી તે જગ્યાએ એક નાની ખૂંટી ખોડી નિશાની કરી.

હવે ઊઠીને તેમણે હર્બર્ટને કહ્યું: હર્બર્ટ! ભૂમિતિ યાદ છે? બે નાનામોટા પણ સમાનખૂણ ત્રિકોણની અનુરૂપ ભુજાઓનું ગુણોત્તર સરખું હોય છે તે તો સાંભરે છે ને?

હર્બર્ટ: હા, એવું કંઈક યાદ છે તો ખરું.

હાર્ડિંજ: ત્યારે જો, મેં બે સમકોણ ત્રિકોણ તૈયાર કર્યા છે. પહેલો આ નાનો ત્રિકોણ લઇએ. તેની એક બાજુ આ લાકડી ઊભી છે તે; બીજી બાજુ તે લાકડીના તળિયાથી આ ખૂંટી સુધીનું અંતર; અને ત્રીજી બાજુ તે ખૂંટીથી લાકડીની ટોચનું અંતર. મોટા ત્રિકોણમાં એક બાજુ ગણાશે પહાડની ઊંચાઈ; બીજી બાજુ ખૂંટીથી પહાડની તળેટી સુધીનું અંતર, અને ત્રીજી બાજુ થશે ખૂંટીથી પહાડની ટોચ સુધીનું અંતર. વળી પહાડની આ બાજુ તળિયાથી તે ટોચ સુધી સીધી ધારકદ્ધા છે, એટલે તળેટીથી ટોચ બરાબર સીધી ઊંચી છે.

હર્બર્ટ ઉત્સાહથી બોલી ઊઠ્યો: બરોબર, હવે મને સમજાયું. ખૂંટીથી લાકડીનું અંતર અને ખૂંટીથી પહાડની તળેટીનું અંતર એ બેનું જે ગુણોત્તર છે તે જ ગુણોત્તર પહાડની ઊંચાઈ અને લાકડીની ઊંચાઈનું થશે.

ઊભી લાકડી જમીનની બહાર બરાબર દસ ફૂટ ઊંચી હતી. પછી લાકડીની જ મદદ વડે માપી જોતાં જણાયું કે ખૂંટીથી લાકડીનું અંતર પંદર ફૂટ અને ખૂંટીથી પહાડની તળેટીનું અંતર પાંસસો ફૂટ હતું. આ માપ પૂરું કરી હાર્ડિંજ હર્બર્ટ સાથે ચીમનીમાં પાછા ફર્યા અને એક સાફ પથ્થર પર કોલસા વડે ત્રિરાશિનું પ્રમાણ માંડ્યું: ૧૫ : ૫૦૦ : : ૧૦ : જ $(૩૩૩\frac{૧}{૩})$ આમ ખાતરી થઈ કે પર્વત ૩૩૩ ફૂટ ઊંચો છે.

વાયવ્ય માર્ગની શોધ (અનુ.પૃ.૯૦થી) સંકટોનો સામનો કરવાનો હતો. પાછા વળવામાં તો સહીસલામત ઘેર પહોંચવાનું હતું. મૅકલ્યોરે પોતાના સાથીદારોને પૂછી જોયું અને સૌએ એક જ સૂર વ્યક્ત કર્યો : 'ગમે તે સંકટો આવી પડે, આ સ્થળેથી અમે એક માઈલ પણ પીછેહઠ કરવાના નથી.' અને તેમણે માત્ર આ એક ધ્યેય પાર પાડવાની આશાએ શિયાળાની અકલ્પ્ય યાતનાઓ સહન કરી. શિયાળો પૂરો થતાં જ તેમણે બરફગાડીઓ સાથે પ્રવાસ આરંભી દીધો. અતિશય શ્રમ ખેડીને સમુદ્રના ઊંચાનીચા બરફનો પ્રદેશ ઓળંગી તેમણે ૬૦ માઈલનું અંતર પૂરું કર્યું અને લગભગ લૅન્કેસ્ટરની ખાડી સુધી તેઓ આવી પહોંચ્યા. આ રીતે વાયવ્ય દિશાનો અધૂરો માર્ગ તેમણે સંપૂર્ણ કર્યો.

પણ મૅકલ્યોરની ઇચ્છા એટલેથી સંતોષાઈ નહોતી. એ તો પોતાના વહાણને પણ લૅન્કેસ્ટરની ખાડી મારફત ઈંગ્લંડ લઈ જવા માગતો હતો. અભેદ્ય બરફમાંથી પોતાના વહાણને આગળ લઈ જવા માટે એણે બધી જ જગ્યાએથી પ્રયત્ન કરી જોયા; પરંતુ એમાં તે ફાવ્યો નહિ એટલું જ નહિ, પણ એનું વહાણ એક ખાડીમાં બરફમાં ગંભીર રીતે સપડાઈ ગયું. હવે એમાંથી નીકળવું જ તેને માટે અશક્ય થઈ પડયું. આ ખાડીનું નામ મૅકલ્યોરે 'ગૉડ્ઝ મર્સી' (ઈશ્વરની કરુણા) રાખ્યું. આમ અહીં જ તેમને બીજો શિયાળો ગાળવાની ફરજ પડી, એથી તેઓ વધારે મુશ્કેલીમાં મુકાઈ ગયા. એક તો તેમની પાસે ઓછો ખોરાક હોવાથી તેમને ખોરાકથી તંગી અનુભવવી પડતી હતી. તેમાં વળી તેમનો કેટલોક ખોરાક ડબ્બા બરાબર નહિ બંધાવાને લીધે સડી ગયો હોવાથી એ પણ તેમને નાખી દેવો પડયો. પરિણામે ખોરાકની અછત પ્રવર્તવા લાગી અને ભૂખનું મોટું દુઃખ શરૂ થયું. આટલું સંકટ જાણે ઓછું હોય તેમ રક્તક્ષયની અસર પણ તેમનામાંના કેટલાકને જણાવા લાગી.

આ સંજોગોમાં એક જ ઉપાય હતો : વહાણનો ત્યાગ કરી ચાલી નીકળવાનો અને નજીકમાં નજીકને બંદરે પહોંચી કોઈ જતાઆવતા વહાણમાં બેસી ઘેર પહોંચી જવાનો; પણ તદ્દન સારી હાલતવાળું, મજબૂત અને કીમતી વહાણ ધ્રુવપ્રદેશમાં એમ ને એમ પડતું મૂકીને જવાની મૅકલ્યોરની બિલકુલ ઇચ્છા નહોતી. મૅકલ્યોર પોતાના વહાણને ખૂબ ચાહતો હતો, અને એથી જ વહાણ પડતું મૂકવાના પોતાના સાથીદારોના વિચારનો એણે સખત વિરોધ કર્યો. ઉનાળો શરૂ થવાની સાથે વહાણ બરફમાંથી મુક્ત થઈ જશે અને વહાણ દ્વારા જ સૌ સહીસલામત ઘેર પહોંચી જશે એવી આશા તે સૌને આપતો હતો.

ઉનાળો આવ્યો અને ઘડીકમાં ચાલ્યો પણ ગયો. ન એથી સમુદ્રનો બરફ ઓગળ્યો કે ન બરફમાંથી વહાણ મુક્ત થયું. ઊલટાનું, વહાણની આસપાસ બરફના વધારે મોટા થર જામવા લાગ્યા અને વહાણ વધારે મજબૂતરીતે બરફમાં જકડાઇ ગયું. આનો અર્થ તો એ થયો કે વળી એક વધુ શિયાળો પોતાને એ જ સ્થળે પસાર કરવો પડશે. પ્રતિકૂળ હવામાન અને ઓછા ખોરાકની અસરને લીધે માંદા માણસોની હાલત વધારે ગંભીર થઈ અને બીજા કેટલાક જે સાજા હતા તે પણ હવેમાંદા પડયા. શિયાળા દરમિયાન તેમની સ્થિતિ કફળી ગઈ, કારણ કે મોતનો ભય તેમનામાંના કેટલાકને માથે હવે તોળાઈ રહ્યો હતો. વહાણ પરના દાક્તરે મૅકલ્યોરને ચેતવણી આપી દીધી હતી કે વહાણ નહિ છોડવામાં હવે ભયંકર જોખમ છે. એટલે મૅકલ્યોરને નછૂટકે વહાણ છોડવાની યોજના કરવી પડી. ઉનાળો શરૂ થતાંવેંત વહાણ છોડીને બરફગાડીઓમાં સામાન મૂકી લીઓપોલ્ડ બંદર સુધી પહોંચી જવાનું અને ત્યાંથી કોઇ વ્હેઇલ-શિકારીના વહાણમાં બેસી ઇંગ્લંડ પહોંચી જવાનું તેમણે નક્કી કર્યું.

ઉનાળો શરૂ થવાનાં ચિહ્ન હજુ દેખાવા લાગ્યાં, ત્યાં તો વહાણ પરના એક માણસનું અવસાન થયું. આથી પરિસ્થિતિનું ગાંભીર્ય તેમને સમજાઈ ગયું. તરત મૅકલ્યોરે અશક્ત અને માંદા એવા ત્રીસ માણસોની પહેલી ટુકડી બીજે જ દિવસે રવાના કરી દેવાનો હુકમ આપી દીધો. હુકમ પ્રમાણે તૈયારી થઇ ગઈ અને અશક્ત માણસો માટેનો સામાન વહાણમાંથી ઉતારી બરફગાડીઓમાં ગોઠવાવો શરૂ થઇ ગયો. માંદા અને અશક્ત માણસો લીઓપોલ્ડ બંદર સુધીની મુસાફરીની તૈયારી કરી રહ્યા હતા, પણ ત્યાં સુધી પોતે જીવતા પહોંચી શકશે કે કેમ એ વિશે તેમને શંકા હતી, કારણ કે એટલું બધું અંતર પગે ચાલીને કાપવાની હવે તેમનામાં શક્તિ નહોતી. બધી તૈયારી થઇ ગઈ હતી. મૅકલ્યોર વહાણની બહાર બરફ પર ઊભો ઊભો માંદા માણસોના વહાણમાંથી ઊતરવાની રાહ જોઈ રહ્યો હતો અને આગલે દિવસે અવસાન પામેલા માણસના મૃતદેહને કયાં કેવી રીતે દફનાવવો તેની સૂચના એક ઑફિસરને તે આપી રહ્યો હતો, એવામાં દૂરદૂર ક્ષિતિજ પર કોઇ માનવ-આકૃતિ તેને દેખાઈ. તે પોતાની તરફ ઝડપથી દોડતો આવતો દેખાતો હતો. મૅકલ્યોરને લાગ્યું કે પોતાનો કોઈક માણસ એ બાજુ રખડવા ગયો હશે, અને કાં તો આ માંદા માણસોને વિદાય આપવાનું યાદ આવ્યું હશે એટલે, અથવા એની પાછળ કોઈ જંગલી રીંછ પડયું હશે માટે આટલો ઝડપથી એ દોડતો આવી રહ્યો હશે.

પણ આવનાર માણસ નજીક આવવા લાગ્યો ત્યારે એને જણાયું કે એ પોતાની ટુકડીનો માણસ નહિ પણ કોઈ અજાણ્યો મુસાફર છે. દૂરથી એ પોતાને બૂમ પાડતો હતો, પરંતુ પવનના સુસવાટામાં એની બૂમ ભયંકર ચીસ જેવી સંભળાતી હતી. આવનાર માણસનો ચહેરો માર્ગના શ્રમને લીધે કાળો પડી ગયો હતો. એના ચહેરા પર બરફની કરચો ઊડેલી હતી. થોડી વારમાં એ અજાણ્યો માણસ પાસે આવી પહોંચ્યો. આવતાંની સાથે એણે પૂછ્યુ, 'કૅપ્ટન મેકલ્યોર?'

'હા, હું જ મેકલ્યોર છું.' મૅકલ્યોરે જવાબ આપ્યો.

'હું લેફ્ટેનન્ટ પીમ છું. રેઝોલ્યુટ વહાણ પરથી હું આવું છું. કૅપ્ટન કૅલેટ અત્યારે વહાણમાં છે.'

'કૅપ્ટન કૅલેટ? અહીં કયાંથી? કયાં આગળ?

'અહીં તદ્દન પાસે જ, ડિલી ટાપુ નજીક.'

'એમ! ત્યાં કયાંથી?'

'બેરિંગ સામુદ્રધુનીમાં તમને વિદાય આપી, તમારી રાહ જોઈ તેઓ ઇંગ્લંડ પાછા ફર્યા; પણ અત્યાર સુધી તમારો કંઈ પત્તો નહોતો એટલે ખાસ તમારી શોધ માટે તેઓ નીકળ્યા છે.'

'ખરેખર?!'

'હા; અમને તમારો પત્તો લાગત નહિ, પણ લેફ. મૅકામને પૅરીનો પથ્થર જોવાની ઇચ્છા થઈ; અને એની નીચે જોતાં એને અચાનક તમારી માહિતી મળી આવી. એટલે કૅપ્ટન મૅક્લિન્ટૉકે તમારી ભાળ કાઢવા માટે મને તાબડતોબ અહીં મોકલ્યો છે.'

'તમે બહુ જ સમયસર આવી પહોંચ્યા, કારણ કે અમારા માંદા માણસોને લીઓપોલ્ડ બંદર સુધી પહોંચાડવા માટે જ અમે અત્યારે જઈ રહ્યા છીએ. અમે તો ધારતા હતા કે ધ્રુવપ્રદેશમાં અત્યારે આ બાજુ કોઈ કયાંથી હોય?'

એટલામાં વહાણમાંથી બધા માણસો દોડતા આવ્યા અને પીમની આસપાસ વીંટળાઈ વળ્યા. એક અજાણ્યો માણસ તેમને માટે રાહતના સમાચાર લઇને આવ્યો છે એ જાણી તેમના આનંદનો પાર રહ્યો નહિ. કુતૂહલપૂર્વક તેઓ પીમને બધી વાત પૂછવા લાગ્યા. લીઓપૉલ્ડ બંદર સુધી હવે ચાલવાનું નથી એ આનંદના સમાચાર જાણી માંદા માણસોના ચહેરા પર તેજ પથરાયું. પોતાની જિંદગી સમય-

સર બચી જશે એમ તેમને હવે લાગ્યું.

લીઓપૉલ્ડ બંદરે જવાની યોજના પડતી મુકાઈ અને કૅપ્ટન મૅકલ્યોર તરત જ પીમની સાથે કૅપ્ટન કૅલેટને મળવા ઊપડચો. 'રેઝોલ્યુટ' વહાણ પર કૅપ્ટન કૅલેટને ત્રણ વર્ષના ગાળા પછી જોઇને મૅકલ્યોરના આનંદનો પાર ન રહ્યો. બીજી બાજુ ફ્રૅન્કલિનને શોધવા જતાં ગુમ થઈ ગએલા મૅકલ્યોરનો પત્તો મેળવી શકવાને માટે કૅપ્ટન કૅલેટનો આનંદ પણ માતો નહોતો.

'કેમ, કયાં ગુમ થઈ ગયા હતા?' કૅપ્ટન કૅલેટે પૂછ્યું.

'સર ફ્રૅન્કલિનની શોધમાં અમે ખૂબ રખડયા, પણ કયાંય પત્તો લાગ્યો નહિ. એમની શોધ કરતા કરતા અમે ઠેઠ બૅરો સામુદ્રધુની સુધી પહોંચી ગયા, પણ પછીથી બૅન્કસ ટાપુ આગળ ગૉડસ મર્સીની ખાડીમાં અમારું વહાણ બે વર્ષથી બરફમાં સપડાઇ ગયું છે.'

"કૅપ્ટન કૉલિન્સનનું 'એન્ટરપ્રાઈઝ' મળ્યું?"

'ના; અમને અત્યાર સુધી નથી એનો કંઇ સંપર્ક થયો, કે નથી એને વિશે કંઇ માહિતી મળી.' 'તમારી હાલત કેવી છે?'

'થોડા દિવસ પહેલાં એક માણસનું અવસાન થયું, અને બીજા ત્રીસેકને રક્તક્ષયની અસર થઇ છે.'

"તો એ માંદા માણસોને અમારી સાથે મોકલી દો. એમને તરત ઘેર પહોંચાડવાની વ્યવસ્થા હું કરું છું, અને તમે બધા પણ 'ઈન્વેસ્ટીગેટર' ખાલી કરી અમારી સાથે આવી જાઓ."

'એટલે! ઈન્વેસ્ટીગેટર અહીં પડતું મૂકવું છે?' 'હા.'

'ના; ઈન્વેસ્ટીગેટર છોડવાનું મને બિલકુલ ગમતું નથી. માંદા માણસોને હું મોકલી આપું છું.' 'ઈન્વેસ્ટીગેટર કેમ નથી છોડવું?'

'અમારામાંના ઘણાની તબિયત સારી છે અને વહાણ પણ તદ્દન સારી હાલતમાં છે. એટલે અમે એમાં રોકાઈશું અને વહાણ બરફમાંથી મુક્ત થશે એટલે બૅરો સામુદ્રધુની મારફત એ લઇને અમે ઈંગ્લંડ આવી પહોંચીશું.' મૅકલ્યોરને વહાણ છોડી દેવામાં જાણે પોતાનું નાક કપાતું હોય, ઇંગ્લંડની પ્રજામાં પોતાની માનહાનિ થતી હોય એમ લાગતું હતું.

'વહાણ ઉનાળામાં બરફમાંથી મુક્ત થશે અને તમે ઈંગ્લંડ સમયસર આવી પહોંચશો એવી તમને ખાતરી છે?' કૅલેટે પૂછ્યું.

'હા, જરૂર.'

'ત્યાં સુધી તમારી બધાની તબિયત સારી રહેશે? ખાવાનું પૂરતું છે તમારી પાસે?'

'વાંધો નહિ આવે.' ખરાબ હાલત હોવા છતાં મૅકલ્યોર પોતાની નિર્બળતા જણાવા દેવા માગતો નહોતો. વસ્તુતઃ મૅકલ્યોરને પોતાનું વહાણ 'ઈન્વેસ્ટીગેટર' ખૂબ વહાલું હતું. ખલાસીઓને કે કપ્તાનોને પોતાના વહાણ પ્રત્યે કેટલીક વાર જે અસાધારણ મમતા બંધાઈ જાય છે તેવી મમતા મૅકલ્યોરને પોતાના વહાણ પ્રત્યે હતી. માટે જો પોતે પોતાની નબળી સ્થિતિ બતાવે તો કૅપ્ટન કૅલેટ તરત એને વહાણ પડતું મૂકવાની આજ્ઞા કરે. કૅલેટ પણ મૅકલ્યોરના મનને કળી ગયો હતો અને અકારણ એની વહાણ પ્રત્યેની લાગણીને દુભવવા ઇચ્છતો નહોતો; એટલે કૅલેટે તેને વહાણ પર રહેવાની પરવાનગી આપી.એ પરવાનગી મેળવી મૅકલ્યોર રાજી થતોથતો પોતાના વહાણ પર પાછો ફર્યો.

થોડા દિવસમાં 'ઈન્વેસ્ટીગેટર'ના પંદર માંદા માણસોની ટુકડી કૅપ્ટન કૅલેટના 'રેઝોલ્યુટ' પાસે આવી પહોંચી. કૅલેટ એમને લેવા વહાણમાંથી નીચે ઊતર્યો. એમને જોતાં જ એને લાગ્યું કે મૅકલ્યોરે કહ્યું તેના કરતાં માણસોની સ્થિતિ ઘણી જ ગંભીર છે. માણસો સાથેની વાતચીત પરથી એને જણાયું કે 'ઈન્વેસ્ટીગેટર' પરના બીજા ઘણા માણસોની તબિયત પણ બગડેલી છે, પરંતુ વહાણ છોડીને કોઈ ત્યાંથી ખસવા માગતું નથી. આવી પરિસ્થિતિમાં માત્ર વહાણને ખાતર તેઓ આપત્તિમાં સપડાએલા રહે એ કૅલેટને ઠીક ન લાગ્યું. તરત એણે એક માણસને દોડાવ્યો અને મૅકલ્યોરને 'ઈન્વેસ્ટીગેટર' છોડી દઇ બધા જ માણસો સાથે 'રેઝોલ્યુટ' વહાણ પર આવી પહોંચવાનો હુકમ કર્યો.

અંતે મૅકલ્યોરને 'ઇન્વેસ્ટીગેટર' છોડવું પડયું. તદ્દન સારી હાલતવાળું અત્યંત કીમતી વહાણ એમ ને એમ છોડી દેતાં મૅકલ્યોરનો જીવ ચાલતો નહોતો; પરંતુ હવે બીજો કંઈ ઉપાય નહોતો. જરૂરી સામાન સાથે સૌએ વહાણ છોડી ચાલવા માંડયું. મૅકલ્યોરે વહાણ છોડતાં પહેલાં એના તૂતક પર નવો ધ્વજ કાઢીને ચડાવ્યો. પછી વહાણમાંથી ઊતરી એણે ચાલવું શરૂ કર્યું. પોતાનું પ્યારું વહાણ છોડતાં એની આંખમાં આંસુ ઊભરાયાં. જ્યાં સુધી વહાણ દેખાયું ત્યાં સુધી એણે પાછું વળીવળીને વહાણ તરફ જોયા કર્યું.

મૅકલ્યોરની ટુકડીના બને તેટલા માણસોને વહેલી તકે ઈંગ્લંડ પહોંચાડી દેવા માટે કૅપ્ટન કૅલેટે બીચી ટાપુ પાસેના 'નૉર્થ સ્ટાર' વહાણ પર મોકલી દીધા. દરમિયાન 'ફીનિક્સ' નામનું એક વહાણ સર બ્લેશર માટે એક અગત્યનો સંદેશો અને જરૂરિયાતની વસ્તુઓ લઇને આવ્યું હતું તે પાછું ફરતું હતું. એ વહાણમાં મૅકલ્યોર અને એના માણસોને ઈંગ્લંડ મોકલી દેવામાં આવ્યા. તેઓ ઇંગ્લંડ પાછા ફર્યા ત્યારે, એક તો તેઓ ગુમ થએલા મળી આવ્યા તેથી, અને બીજું, તેઓ પૅસિફિક મહાસાગરમાંથી જઇને વાયવ્ય દિશાનો ધ્રુવપ્રદેશનો આખો માર્ગ સંપૂર્ણ રીતે શોધીને ડેવિસ સામુદ્રધુની અને ઍટલાંટિક મહાસાગરમાં થઇ પાછા ફર્યા તેથી ઈંગ્લંડની પ્રજાને ખૂબ હર્ષ થયો. ત્રણસો વર્ષ પૂર્વે રાણી એલિઝાબેથે સર માર્ટિન ફ્રોબિશરને ત્રણ નાનકડાં વહાણ સાથે વાયવ્ય દિશાનો માર્ગ શોધવા મોકલ્યો હતો; એ પછી આ ત્રણ સૈકા દરમિયાન સંખ્યાબંધ યુરોપીય સાહસિકોએ એ માર્ગ શોધવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા અને કેટકેટલાએ પોતાના પ્રાણનો પણ ભોગ આપ્યો હતો. ત્રણસો વર્ષના એ પ્રયત્નોને અંતે રાણી વિક્ટોરિયાના સમયમાં એ માર્ગ શોધવાનું કાર્ય બેરિંગ સામુદ્રધુનીમાંથી બેફિન સમુદ્રમાં આવનાર અંગ્રેજ સાહસિક મૅકલ્યોર અને એના સાથીદારો મારફત પૂરું થયું. યુરોપથી વાયવ્ય દિશાને માર્ગે ધ્રુવસમુદ્ર મારફત પૅસિફિકના દેશોમાં પહોંચી શકાય છે એ હવે સિદ્ધ થઈ ચૂકયું. આ ગૌરવભરી સિદ્ધિ હાંસલ કરવાનું માન બ્રિટિશ પ્રજા મેળવી ગઈ. અલબત્ત, વાયવ્ય દિશાનો માર્ગ તો સંપૂર્ણપણે શોધાઈ ગયો; પરંતુ એક છેડાથી બીજા છેડા સુધી ધ્રુવપ્રદેશના હિમખંડો અને હિમપર્વતો વચ્ચેથી વહાણ લઈ જવાનું કાર્ય હજુ સિદ્ધ થયું નહોતું.

મૅકલ્યોર અને એના સાથીદારોને વળાવ્યા પછી કૅલેટનું કામ ફ્રૅન્કલિનની અને એને શોધવા થએલા કૉલિન્સનની શોધ કરવાનું હતું; પરંતુ આ ઋતુ દરમ્યાન પણ તેમનો પત્તો મળ્યો નહિ. તેમ છતાં અચાનક મૅકલ્યોરનો ભેટો થઈ ગયો તેમ, રખેને કૉલિન્સનનું વહાણ કે તેના માણસો આ તરફ આવે અને એમને ખોરાક વગેરે સામગ્રીની જરૂર પડે એટલા માટે કૅલેટે ઘણી સામગ્રી સુરક્ષિત અને દૂરથી દેખાય એ રીતે ડિલી ટાપુ પર મૂકી રાખી. ત્યાર પછી એણે અને મૅકલિન્ટૉકે પોતાનાં વહાણ બૅરો સામુદ્રધુની મારફત બીચી ટાપુ તરફ લેવાનો પ્રયત્ન કર્યો; પરંતુ માર્ગમાં જ સમુદ્રમાં તરતા હિમપર્વતો અને હિમખંડો વચ્ચે તેમનાં બંનેનાં વહાણ ઘેરાઈ ગયાં. હવે એ ઋતુ દરમિયાન આગળ જવાની અને બીચી ટાપુ સુધી પહોંચવાની તેમને માટે જરા પણ શકયતા રહી નહિ, એટલે શિયાળો ત્યાં જ ગાળવાની તેમને ફરજ પડી. એવી જ રીતે વેલિંગ્ટન ખાડીથી ઉત્તરે સર બ્લેશર સાથે ગએલા ઑસ્બૉર્ન અને રિચાર્ડ્ઝનાં વહાણ પણ બીચી ટાપુથી

લગભગ પચાસ માઈલ દૂર બરફમાં ઘેરાઈ ગયાં, એટલે એમને પણ શિયાળો ત્યાં જ ગાળવો પડ્યો.

શિયાળો પૂરો થતાં બરફના થર ઓછા થવા લાગ્યા અને બરફગાડી સાથે પ્રવાસ કરવા માટે ઋતુ અનુકૂળ બની. તરત મૅકલિન્ટૉક અને કૅલેટે ફરી એક વાર કૉલિન્સનની તપાસ કરવા માટે અને મૅકલ્યોરના 'ઈન્વેસ્ટીગેટર' વહાણની હાલત જોવા માટે કોઇકને મોકલવાનો વિચાર કર્યો. યુવાન મૅકામ એ માટે તૈયાર થયો અને કેટલાક સાથીદારો સાથે 'ઈન્વેસ્ટીગેટર'ની દિશામાં ઊપડ્યો. એણે સંપૂર્ણ તપાસ કરીને ઉનાળો શરૂ થતામાં પાછા આવી જવાનું હતું. 'ઈન્વેસ્ટીગેટર', કૉલિન્સનનું વહાણ ને જો શક્ય હોય તો ફ્રૅન્કલિનનાં વહાણોની તપાસ માટે અઢી ત્રણ મહિનાનો સમય પૂરતો હતો.

બરફગાડી ખેંચતાખેંચતાં રોજના લગભગ વીસ માઈલનું અંતર કાપતો મૅકામ પૂર ઝડપે 'ઈન્વેસ્ટીગેટર' પાસે આવી પહોંચ્યો. એણે આવીને જોયું તો શિયાળા દરમિયાન બરફની ભીંસમાં જાણે દરા ભેડી હોય તેવી રીતે 'ઈન્વેસ્ટીગેટર' ભાંગી ગયું હતું. એમાં મોટાંમોટાં ગાબડાં પડી ગયાં હતાં અને હવે તો આસપાસનો બરફ ખસવાને લીધે સમુદ્રમાં એ ડૂબવાની જ સ્થિતિમાં હતું. વહાણ ડૂબી જાય તે પહેલાં મૅકલ્યોરે એમાં છોડી દીધેલી બધી સાધનસામગ્રી કિનારા પર લાવી દેવાનું કામ મૅકામે પોતાના સાથીદારોને સોંપ્યું, કે જેથી કિનારે પડેલા સામાનનો ગમે ત્યારે ગમે તે ટુકડી ઉપયોગ કરી શકે.

સાથીદારોને કામ સોંપી મૅકામ કૉલિન્સનના 'એન્ટરપ્રાઇઝ'ની તપાસ કરવા માટે એકલો રખડવા લાગ્યો. જ્યાં જ્યાં પથ્થરોના ઢગલા ઊભા કરવામાં આવ્યા હોય ત્યાં ત્યાં તે બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો. રખડતાં રખડતાં કેટલેક દિવસે એ પ્રિન્સ ઑવ વેલ્સ સામુદ્રધુનીના બરફમાં આવી પહોંચ્યો. આ સ્થળે મૅકલ્યોરે પહેલો શિયાળો ગાળ્યો હતો અને પોતાની સફરની નોંધનો એક કાગળ એક સ્થળે જમીન પર પથ્થરોનો ઢગલો કરી મૂક્યો હતો. મૅકામે ત્યાં આવીને એ પથ્થરના ઢગલામાં જોયું તો મૅકલ્યોરના કાગળની સાથે બીજો પણ એક કાગળ હતો. એ કાગળ કૉલિન્સનનો હતો. એમાં એણે પોતે સહીસલામત છે અને ત્યાંથી હવે કયે કયે રસ્તે પોતે જનાર છે અને ક્યારે ઘર તરફ પાછો ફરનાર છે તેની માહિતી આપી હતી. આ કાગળ જોઈ મૅકામ ખૂબ આનંદમાં આવી નાચવા લાગ્યો. જેમ મૅકલ્યોરની ભાળ એને હાથે લાગી હતી તેમ કૉલિન્સનની ભાળ પણ એને હાથે જ લાગી. ફ્રૅન્કલિનને શોધવા જતાં ગુમ થઈ ગએલા મૅકલ્યોર અને કૉલિન્સનનો પત્તો મેળવવાનો યશ એના ભાગ્યમાં હતો. આ સંદેશો લઇ દોડતો મૅકામ 'ઇન્વેસ્ટીગેટર' પાસે આવી પહોંચ્યો. એટલા દિવસમાં એના સાથીદારોએ વહાણમાંથી બધો સામાન કિનારા પર ઉતારી દીધો હતો અને વહાણ હવે ડૂબી જવા આવ્યું હતું. મૅકલ્યોરે એના પર ચડાવેલો નવો ધ્વજ હજુ સમુદ્રની સપાટી ઉપર હતો.

ઉનાળો શરૂ થતાં પહેલાં 'રેઝોલ્યુટ' પર પહોંચી જવાનું હતું, અને રખડપટ્ટીમાં ઘણા દિવસો ચાલ્યા ગયા હતા, એટલે સમયસર પહોંચવા માટે મૅકામે પોતાની ગતિ વધારીને રોજના લગભગ પચીસ માઈલ જેટલી કરી દીધી. બરફગાડી ખેંચતાંખેંચતાં બરફમાં આટલો ઝડપી પ્રવાસ ભાગ્યે જ કોઇએ ત્યાર સુધીમાં કર્યો હતો. જતાં-આવતાં મળીને લગભગ એણે ૧૩૩૬ માઈલનો પ્રવાસ બરફગાડી ખેંચતાંખેંચતાં કર્યો!

મૅકામને ભય હતો કે રખેને પોતે કદાચ મોડો પહોંચે તો રેઝોલ્યુટ વહાણ ઊપડી જાય. એથી રસ્તામાં થાક ખાવા પણ એ ઝાઝું રોકાતો નહિ. અસાધારણ વેગે એ જ્યારે વહાણ તરફ પાછો ફર્યો ત્યારે આખું વહાણ ખાલી પડ્યું હતું. એક પણ માણસ ત્યા મળે નહિ! એકાએક બધા ક્યાં ચાલ્યા ગયા હશે? મૅકામને પ્રશ્ન થયો. એણે ધાર્યું હતું કે અત્યારે તો બધા વહાણ ઉપાડવાની ધમાધમ કરતા હશે, તેને બદલે ત્યાં સાવ સૂનકાર વ્યાપી ગયો હતો. એણે વહાણમાં જઈ બરાબર તપાસ કરી કે પોતે હવે શું કરવું તે વિશે કંઈ સૂચના છે કે નહિ? એક ટેબલ પર દેખાય એ રીતે ચિઠ્ઠી મૂકવામાં આવી હતી. તેમાં લખ્યું હતું :

'લેફ્૦ મૅકામ,

અમે વહાણ છોડીને બીચી ટાપુ પર ચાલતા જઈએ છીએ. તું પણ અહીં આવે કે તરત જ ત્યાં આવી પહોંચજે. જરા પણ સમય બગાડતો નહિ.

કૅપ્ટન કૅલેટ.'

સિત્તેર દિવસનો ઝડપી પ્રવાસ કરીને લગભગ દોડતો મૅકામ અહીં આવી પહોંચ્યો હતો. અહીંથી હવે એટલી જ ઝડપથી એને બીચી ટાપુ સુધીનો પંથ કાપવાનો હતો. જરા પણ ચિડાયા કે હતોત્સાહ થયા વિના એ બીચી ટાપુ પર પહોંચી ગયો. ત્યાં પહોંચતાં એણે ચારે વહાણના માણસો ને કૅપ્ટન કૅલેટ, મૅકલિન્ટૉક, રિચાર્ડ્ઝ અને સર બ્લેશરને એકત્રિત થએલા જોયા. શું ચાલી રહ્યું છે એ તરત એને સમજાયું નહિ, પણ એ બધામાં કૅપ્ટન ઑસ્બૉર્ન ને એના બીજા એકબે સાથીદારો ત્યાં દેખાતા નહોતા. મિત્રો પાસેથી આટલા દિવસ દરમિયાન બની ગએલી ઘટનાઓ વિશે એણે જ્યારે સાંભળ્યું ત્યારે એને આશ્ચર્ય સાથે દુઃખ પણ થયું.

સર એડવર્ડ બ્લેશરે પહેલો શિયાળો વેલિંગ્ટન ખાડીની ઉત્તરે ગાળ્યો હતો. ધ્રુવપ્રદેશનો આ તેમને પહેલો જ અનુભવ હતો. વહાણમાં એશઆરામની સારામાં સારી સગવડ અને અનુકૂળ હવામાનને લીધે એમનો પહેલો શિયાળો બહુ જ સારી રીતે પસાર થઈ ગયો. કદીક કદીક શોખ થતો ત્યારે તેઓ પોતાના સાથીદારો સાથે બરફગાડીમાં આસપાસના પ્રદેશનો પ્રવાસ પણ કરી આવતા. ઉનાળો શરૂ થતાં એમણે પોતાની સાથેનાં બંને વહાણ બીચી ટાપુ તરફ પાછાં લેવાની સૂચના આપી દીધી. તેવી જ રીતે બીજાં બંને વહાણો માટે પણ એ મુજબ સૂચના મોકલાવી દીધી. બ્લેશરની ઇચ્છા બીજો શિયાળો બધાએ સાથે મળી બીચી ટાપુ પર ગાળવાની હતી, કારણ કે ત્યાંનું હવામાન વિશેષ અનુકૂળ હતું અને ત્યાંનો સમુદ્ર ઉનાળામાં બિલકુલ બરફરહિત રહેતો, જેથી વહાણો ગમે ત્યારે પાછાં ફેરવી શકાય; પરંતુ ઉનાળા દરમિયાન ન તો ઑસ્બૉર્ન ને રિચાર્ડ્ઝનાં વહાણ દેખાયાં કે ન તો કૅલેટ અને મૅકલિન્ટૉકનાં વહાણ બરફમાંથી મુક્ત થઇ બીચી ટાપુ સુધી પહોંચી શક્યાં. પરિણામે સર બ્લેશરને બીજો શિયાળો પણ (વહાણ સમુદ્રમાં અધવચ્ચે જ બરફમાં સપડાઈ જતાં) ત્યાં જ ગાળવો પડ્યો. ધ્રુવપ્રદેશનો અનુભવ ન હોવાને લીધે બીજો શિયાળો ગમે ત્યાં ગમે તેમ ગાળવાનું આવી પડતાં સર બ્લેશર કંટાળી ગયા. અણગમતા વાતાવરણમાં દિવસ પસાર કરવાનું આવતાં તેઓ ઘર-ઘેલા (હોમસિક) બની ગયા. ઝટઝટ ઘેર પહોંચી જવાની એમને તાલાવેલી લાગી. વળી એમને મનમાં એવો ભય પણ રહેવા લાગ્યો કે જો બરફમાં સપડાએલું વહાણ આવતા ઉનાળા દરમિયાન ફરી બહાર ન નીકળી શકે તો ત્રીજો શિયાળો પણ ત્યાં જ પસાર કરવાનું માથે આવી પડે! તેમની પાસે ખાધાખોરાકી તો ચાર વર્ષ ચાલે એટલી હતી; ઉપરાંત અનામત માલ સાથે એક વહાણ પણ બીચી ટાપુ આગળ રાખવામાં આવ્યું હતું. વળી ઇંગ્લંડથી એક વહાણ વધુ એક વર્ષ ચાલે એટલી સાધનસામગ્રી આપી ગયું હતું. અને હજુ વધુ એક વર્ષ ચાલે એટલી ખાધાખોરાકી અને સાધનસામગ્રી સર બ્લેશરે ખાસ સંદેશો મોકલી ઇંગ્લંડથી મંગાવી હતી. ફ્રૅન્કલિનની તપાસ માટે આ છેલ્લું સરકારી સાહસ હતું, એટલે બ્રિટિશ સરકારે જોઈએ તેટલી સાધનસામગ્રી

મોકલવામાં જરાં પણ પાછીપાની કરી નહોતી; ને સર બ્લેશર પણ, જરૂર હોય કે ન હોય, મળે તેટલું મંગાવવામાં પાછા પડે તેવા નહોતા!

આમ છતાં ધ્રુવપ્રદેશમાં ત્રીજો શિયાળો ગાળવાનો વિચાર જ સર બ્લેશરને કંપાવતો હતો. રખેને પોતાના શરીર પર કંઈ માઠી અસર થઈ જાય તો? પછી જીવતા ઘેર પહોંચવું જ અશક્ય થઈ પડશે! એ કરતાં જીવ બચાવી વહેલા ઘરભેગા થઇ જવું સારું. વળી, બીજા માણસોમાંથી પણ એક યા બીજા કારણે કોઇનું અવસાન થાય તો જવાબદારી તો પોતાની જ ને? આમ બ્લેશર ઇંગ્લંડ પાછા ફરવા માટે પોતાના મનમાં કારણો ઊભાં કરતા હતા. વળી તેમને પ્રશ્ન થતો, 'ઇંગ્લંડ જઈ સરકારને જવાબ શો આપીશું?' પોતાને ફ્રૅન્કલિન, મૅકલ્યોર ને કૉલિન્સનનો પત્તો મેળવવા માટે મોકલવામાં આવ્યા હતા. એમાં મૅકલ્યોરની ટુકડીનો પત્તો તો લાગી ગયો હતો. એટલે એક મોટું કાર્ય તો પોતે પાર પાડયું જ હતું. બીજું મહત્ત્વનું કાર્ય ફ્રેન્કલિનની શોધ કરવાનું હતું, પરંતુ એનો પત્તો મેળવવામાં આટઆટલી ટુકડીઓ સફળ થઈ નહોતી, તો એ બાબતમાં પોતાને કોણ ઠપકો આપવાનું હતું? એટલે એ બાબતની નિષ્ફળતા શા માટે ખટકવી જોઇએ?

વળી, બ્લેશરને પોતાના તુમાખીભર્યા ઘમંડી સ્વભાવની વિચિત્રતાને લીધે કોઇની સાથે ફાવતું નહોતું. એમાં વળી તકરારો થતી ને અપમાનો થતાં. ટુકડીની સરદારી એમના હાથમાં હતી, એટલે એમના હુકમનો અનાદર તો કોઈથી થઈ શકતો નહોતો; પણ બીજી બાજુ એનો અમલ પણ રાજીખુશીથી થતો નહોતો. કચવાતે મને સૌ પોતાની આજ્ઞાનું પાલન કરે છે, અને પોતાની ગેરહાજરીમાં પોતાને માટે નિંદારસ ચાલે છે એ તેઓ સમજી ગયા હતા. બીજાઓ પાસેથી સહકાર મેળવવાની આવડત તેમનામાં નહોતી. વળી નાની નાની વાતમાં પણ ઑફિસરો તેમનો વિરોધ કરવા લાગ્યા હતા. માટે આ બધા જ માણસોને ઇંગ્લંડ જ પાછા ધકેલી દેવા જોઈએ એવી ચીડ પણ તેમના ચિત્તમાં જન્મવા લાગી હતી. એટલે બસ, કોઈને પૂછયાગાછયા વગર કે કોઈની પણ સલાહ લીધા વગર તેમણે તાત્કાલિક ઇંગ્લંડ પાછા ફરવાનો નિર્ણય લઇ લીધો અને એ માટે બધાને આજ્ઞા કરી દીધી. તેમનાં વહાણ બરફમાં ઘેરાઈ ગયાં હતાં. થોડા મહિનામાં એ મુક્ત થાય ત્યાં સુધી પણ રાહ જોવા તેઓ તૈયાર નહોતા. બીચી ટાપુ પાસે રાખવામાં આવેલા 'નૉર્થ સ્ટાર' વહાણમાં ચારે વહાણના માણસોએ બેસી જવું અને ઇંગ્લંડ પાછા ફરવું એમ તેમણે પોતે જ નક્કી કરી લીધું.

સર બ્લેશરનો આ નિર્ણય જાહેર થતાં જ એમનાં બંને વહાણમાં વિરોધનો મોટો સૂર ઊઠયો. કેટલાકને ફ્રૅન્કલિનની તપાસ નિમિત્તે ધ્રુવપ્રદેશમાં સાહસિક સફરો કરવાની મળેલી અમૂલ્ય તક જતી રહેતી લાગતી હતી; કેટલાકને એ તપાસને અંગે કંઈ પણ મહત્ત્વનું કાર્ય કર્યા વિના ઉતાવળે પાછા ફરવામાં પોતાનું નાક કપાતું હોય એમ લાગતું હતું; કેટલાકને હજારો પાઉન્ડની કિંમતનાં એવાં ચાર કીમતી વહાણો ધ્રુવપ્રદેશમાં અકારણ છોડી દેવામાં રાજ્યદ્રોહ લાગતો હતો. તેમને પ્રશ્ન થતો હતો—ધ્રુવપ્રદેશમાં એવું તે કયું મોટું સંકટ આવી પડયું કે વહાણો છોડી દઈને ઇંગ્લંડ ભાગી જવાની જરૂર પડી?

સર બ્લેશરના હુકમનો સૌથી વધુ વિરોધ કૅપ્ટન ઑસ્બૉર્ને કર્યો. એની સાથે એનો મદદનીશ લેફ્ટ૦ મે પણ ભળ્યો. ઑસ્બૉર્ને સર બ્લેશરને કહ્યું, 'સર બ્લેશર, ઇંગ્લંડ પાછા ફરવા અંગેનો તમારો નિર્ણય ઘણો જ ઉતાવળિયો છે.'

'મારે તમારા અભિપ્રાયની જરૂર નથી.'

'તો પછી હું તમારા નિર્ણયનો અમલ નથી કરવાનો.'

'એટલે?'

'એટલે તમારે ઇંગ્લંડ જવું હોય તો જાઓ. હું મારું વહાણ છોડવાનો નથી.'

'એટલે! તું મારા હુકમનો અનાદર કરનાર કોણ?'

'હુકમ આપતાં પહેલાં તમે બીજાનો વિચાર કર્યો નથી, માટે એવો હુકમ હું પાળવાનો નથી.'

'એનું પરિણામ શું આવશે એની ખબર છે?'

'એનું જે પરિણામ આવવાનું હોય તે આવે. મને એની દરકાર નથી?'

'ઑસ્બૉર્ન! ચૂપ કર. તું મારું અપમાન કરનાર કોણ, બેવકૂફ?'

'બેવકૂફ તમે! હું તમારી બેવકૂફ આજ્ઞાનું બિલકુલ પાલન કરવાનો નથી.'

'ચૂપ કર. હવે એક પણ શબ્દ બોલ્યો તો...'

'બોલીશ, બોલીશ; એક વાર નહિ પણ...તમારાથી થાય તે કરી લો.'

'એમ છે? જોવું છે?...આઈ પુટ યૂ અન્ડર ઍરેસ્ટ!'

સર બ્લેશરે હુકમ છોડયો અને ઑસ્બૉર્નની ધરપકડ કરવામાં આવી. જહાજમાં એક કોટડીમાં એને કેદ પૂરવામાં આવ્યો અને બ્લેશરે એના પ્રત્યે ક્રૂરમાં ક્રૂર વર્તન દાખવ્યું. વળી, એણે લેફ્ટ૦ મેને પણ વિરોધનો એક પણ અવાજ કાઢે તો ધરપકડ કરવાની ધમકી આપી દીધી, અને એ બંને વિરુદ્ધ નૌકાખાતાને ફરિયાદ કરવા માટે ચાર્જ-શીટ—તહોમતનામું તૈયાર કર્યું. ટુકડીના એક સરદારને પોતાના સાથીદારની ધરપકડ કરવી પડે એવી ઘટના અસામાન્ય અને ધ્રુવપ્રદેશના સાહસોના ઇતિહાસમાં આ પહેલી જ વાર બનતી હતી. ઑસ્બૉર્નની ધરપકડ પછી બ્લેશર પોતાના માણસોમાં અતિશય અપ્રિય બની ગયા.

બ્લેશરે પોતાનાં બંને વહાણોના બધા જ માણસોને પોતપોતાની વસ્તુઓ લઈ, બાકીનું બધું વહાણમાં પડતું મૂકી, બીચી ટાપુ સુધી ચાલીને પહોંચી જઈ, 'નોર્થસ્ટાર' વહાણમાં બેસી જવાની આજ્ઞા કરી. બીજી બાજુ કૅપ્ટન કૅલેટ અને મૅકલિન્ટૉકને પણ પોતાનાં વહાણ છોડી બીચી ટાપુ માટે ચાલી નીકળવાની આજ્ઞા કરતો સંદેશો પહોંચાડવાની વ્યવસ્થા તેઓ કરતા હતા, ત્યાં 'રેઝોલ્યુટ' વહાણ પરથી કૅપ્ટન કૅલેટનો સંદેશો લઈ એક ઑફિસર હૅમિલ્ટન આવી પહોંચ્યો. કૅલેટે પોતાનાં બંને વહાણો બેરો સામુદ્રધુની આગળ બરફમાં સપડાઈ ગયાની, દોઢ-બે મહિનામાં ઉનાળો શરૂ થતાં વહાણ મુક્ત થાય એટલે એ લઇને બીચી ટાપુ તરફ ફરવાની અને કૉલિન્સનની તપાસ માટે મૅકામને મોકલ્યાની માહિતીનો સંદેશો મોકલાવ્યો હતો. બ્લેશરે હૅમિલ્ટન સાથે પોતાનો હુકમ કૅલેટ અને મૅકલિન્ટૉકને પહોંચાડયો. હૅમિલ્ટને આવીને કૅલેટને કહ્યું, 'સર બ્લેશરે આજ્ઞા કરી છે કે બંને વહાણ પડતાં મૂકીને આપણે બધાએ બીચી ટાપુ તરફ તાબડતોબ ચાલી નીકળવું.'

'શા માટે?' કૅલેટે પૂછયું.

'આપણે બધાએ ઇંગ્લંડ પાછા ફરવાનું છે.'

'આમ એકાએક? હોય નહિ.'

'સાચી વાત છે. બીજાં બંને વહાણોના માણસોએ તો 'નૉર્થસ્ટાર'માં બેસવાનું પણ શરૂ કરી દીધું છે.'

'બને જ નહિ. હું એ માની શકતો જ નથી. કંઈ સમજફેર તો નથી થતી ને?'

'ના, કંઈ જ સમજફેર નથી. હું નજરે જોઇને આવ્યો ને!'

'તો પછી કંઈ બીજું સંકટ તો નથી આવી પડયું ને?

'ના, તેમ પણ નથી. આ તો સર બ્લેશરની મરજી ઇંગ્લંડ પાછા ફરવાની થઈ છે એટલે જ.'

આમ છતાં કૅલેટે આ વાત સાચી માની નહિ. એણે આ હુકમ અંગે પાકી તપાસ કરી સાચી હકીકત મેળવવા અને જો બ્લેશરનો એ

ખરેખર હુકમ હોય તો તે પાછો ખેંચી લેવાનું સમજાવવા ખુદ મૅકલિન્ટૉકને જ મોકલ્યો.

થોડા દિવસે પાછા ફરી મૅકલિન્ટૉકે સમાચાર આપ્યા કે સર બ્લેશરનો હુકમ સાચો છે અને તેમાં કંઈ પણ ફેરફાર થાય તેમ નથી. તેઓ કોઈ પણ હિસાબે જરા પણ વધુ રોકાવા હવે ઇચ્છતા નથી. વળી એણે ઑસ્બૉર્નની ધરપકડના સમાચાર પણ આપ્યા. આથી મામલો ધાર્યા કરતાં પણ વધારે ગંભીર હોવાનું કૅલેટને લાગ્યું.

હવે તો બધાને ગયા વિના ચાલે તેમ નહોતું. કૅપ્ટન કૅલેટે સમુદ્ર વચ્ચે બરફમાં સપડાએલું પોતાનું વહાણ 'રેઝોલ્યુટ' છોડીને, અને કૅપ્ટન મૅકલિન્ટૉકે એક નજીકના કિનારા આગળ બરફમાં ઘેરાએલું પોતાનું વહાણ 'ઈન્ટ્રેપિડ' છોડીને, પોતાના સાથીદારો સાથે બરફગાડીઓ લઈ બીચી ટાપુ તરફ ચાલવા માંડયું. કૅપ્ટન કૅલેટને પોતાનું વહાણ એમ ને એમ છોડીને જતાં દુઃખ થતું હતું. મૅકલ્યોરે જ્યારે પોતાના જ વહાણમાં રહેવાનો આગ્રહ કર્યો હતો ત્યારે કૅલેટને એ વધારેપડતો ઝનૂની અને લાગણીઘેલો લાગ્યો હતો. અલબત્ત, મૅકલ્યોરને વહાણ છોડવાનો હુકમ કરવામાં કૅલેટે ડહાપણભર્યું કામ જ કર્યું હતું; પરંતુ અત્યારે પોતાનું વહાણ છોડતી વખતે મૅકલ્યોરની મનોદશા એનાથી સમજી શકાઈ. વહાણ છોડતી વખતે કૅલેટના બીજા બધા માણસો હાજર હતા, પરંતુ યુવાન મૅકામને કેટલાક માણસો સાથે કૉલિન્સનની તપાસ કરવા મોકલ્યો હતો તે હજુ પાછો ફર્યો નહોતો. એટલે બીચી ટાપુ પર ચાલી આવવાની મૅકામને સૂચના આપતી એક ચિઠ્ઠી કૅલેટે વહાણમાં બરાબર દેખાય એ રીતે મૂકી.

કૅલેટ અને મૅકલિન્ટૉકની ટુકડીઓ પહોંચતાં બીચી ટાપુ પર ચારે ટુકડીના માણસો એકઠા થયા. કૅલેટે ત્યાં પહોંચીને સર બ્લેશરનો સંપર્ક સાધી પૂછ્યું, 'આપણે ખરેખર ઇંગ્લંડ પાછા ફરીએ છીએ?'

'હા' સર બ્લેશરે ટૂંકો જવાબ આપ્યો.

'એવી તે શી ઉતાવળ છે?'

'અહીં પડયા રહેવાનો કંઈ અર્થ નથી?'

'પણ તો પછી આપણાં ચારે વહાણોનું શું?'

'વહાણો આપણે પડતાં મૂકીએ છીએ.'

'આટલાં કીમતી અને મજબૂત વહાણો પડતાં મૂકવાની જરૂર નથી. મારી સલાહ માનો તો એક-બે મહિના આપણે રાહ જોઈએ. ઉનાળો શરૂ થવા આવ્યો છે એટલે ત્યાં સુધીમાં તો વહાણો બરફમાંથી છૂટાં થઈ જશે. એટલું વધુ રોકાવામાં કોઈની તબિયત પણ નહિ બગડે.'

'મારે તમારી સલાહની જરૂર નથી. હું મારો નિર્ણય બદલવા માગતો નથી.'

'ભલે, જેવી તમારી મરજી; પણ આપણે વહાણ પડતાં મૂકીને જઈએ છીએ તો નૌકાખાતાને એનો જવાબ આપવો ભારે થઈ પડશે.' કૅલેટે પરિસ્થિતિની ગંભીરતા સૂચવતાં કહ્યું.

'એ મારે જોવાનું છે, તમારે નહિ.' બ્લેશર કોઈનું પણ ડહાપણ સાંભળવા માગતા નહોતા. બીચી ટાપુ આગળ રાખવામાં આવેલા 'નૉર્થ સ્ટાર' વહાણમાં ચારે વહાણના માણસો ખીચોખીચ ભરાયા. ચાર જુદાંજુદાં વહાણોને લીધે જે બેસવા-ઊઠવાની તથા વહાણમાં હરવાફરવાની છૂટ મળતી હતી તે 'નૉર્થ સ્ટાર'માં ચાલી ગઈ. જાણે વહાણમાં મોટો જંગી મેળો ન ભરાયો હોય!

કૉલિન્સનની તપાસ કરવા ગએલા મૅકામ ને એના સાથીદારોની રાહ જોવાતી હતી. એ આવી પહોંચતાં 'નૉર્થ સ્ટાર' 'ઇંગ્લંડ આવવા માટે બીચી ટાપુનો કિનારો છોડી ઊપડયું. સૌ સર બ્લેશરની અકારણ ઉતાવળ માટે, અને ઇંગ્લંડ સુધી વહાણમાં વેઠવી પડતી હાડમારી માટે મનમાં સમસમી રહ્યા હતા. એવામાં, સર બ્લેશરે ઇંગ્લંડથી મંગાવેલી વધુ સાધનસામગ્રી સાથે બે વહાણ 'ફીનિક્સ' અને 'ટૅલ્બોટ' આવી પહોંચ્યાં. ટુકડી પાછી ફરતી હતી એટલે સાધનસામગ્રીની જરૂર નહોતી; પણ બે વહાણ આવવાથી તેમને આનંદ થયો, કારણકે એક વહાણની વસતિ ત્રણ વહાણમાં વહેંચાઈ જવાથી 'નૉર્થ સ્ટાર' વહાણનો ભાર ઓછો થયો અને માણસોને પણ બેસવાઊઠવાની મોકળાશ મળી.

ઈ. સ. ૧૮૫૪માં સર બ્લેશર પોતાની ચારે ટુકડીનાં માણસો સાથે ઇંગ્લંડ પાછા ફર્યા.

સર ફ્રૅન્કલિનની તપાસ માટે અઢળક ધન ખર્ચી બ્રિટિશ સરકારે સર બ્લેશરને ચાર વહાણો અને સંખ્યાબંધ માણસો આપી મોકલ્યા હતા. એટલે દેખીતીરીતે જ તેઓ જ્યારે પાછા ફર્યા ત્યારે તેમના કાર્યના સમાચાર સાંભળવા આખું ઈંગ્લંડ આતુર બન્યું હતું; પરંતુ એ કાર્યમાં બ્લેશરને સરિયામ નિષ્ફળતા મળી છે એમ જાણતાં લોકો ખૂબ નારાજ થઈ ગયા. તેમાં યે લોકોએ જ્યારે સાંભળ્યું કે માત્ર પોતાની અધીરાઈ અને ઉતાવળને કારણે ચારે વહાણો ધ્રુવપ્રદેશમાં છોડી દીધાં છે ત્યારે તો તેઓ તેમને ધિક્કારવા લાગ્યા, એટલું જ નહિ પણ આવી ગંભીર બાબત માટે એમની સામે કાયદેસર પગલાં લેવાં જોઇએ એવી માગણી પણ જાહેર રીતે કરવા લાગ્યા.

સરકારને પોતાને પણ બ્લેશરના કાર્યથી ઘણો જ અસંતોષ થયો. એટલે ખુદ સરકારે જ આ બાબતમાં પૂરતી તપાસ કરી ઘટતાં પગલાં લેવાનું કામ નૌકાખાતાને સોંપ્યું.

અને નૌકાખાતા તરફથી સર બ્લેશરની સામે ગંભીર અને મોટું તહોમતનામું તૈયાર થયું. ટુકડીના કેટકેટલા માણસોની જુબાનીઓ લેવાઈ. બ્લેશર સામે બીજા કેટલાક આરોપો સાથે મુખ્ય આરોપ આ હતો: 'પ્રતિકૂળ સંજોગો ન હોવા છતાં, જરૂર કરતાં પણ વધારે માણસો અને વધારે પુરવઠો તથા સાધનસામગ્રી આપવામાં આવ્યાં હોવા છતાં, ટુકડીના એકેએક માણસની તબિયત ઘણી જ સારી હોવા છતાં, તપાસકાર્ય માટે પૂરતો સમય અને અવકાશ હોવા છતાં, કોઈ પણ ગંભીર કારણ વિના તપાસ-કાર્ય શા માટે પડતું મૂકવામાં આવ્યું?—અને 'ઍસિસ્ટન્સ', 'પાયોનીઅર', 'ઇન્ટ્રેપિડ' અને 'રેઝોલ્યુટ' જેવાં ચાર, છેલ્લામાં છેલ્લી ઢબવાળાં, અત્યંત મજબૂત અને કીમતી વહાણો ધ્રુવ-પ્રદેશમાં શા માટે છોડી દેવામાં આવ્યાં?

સર બ્લેશર નૌકાખાતાના માણસ હતા. સરકાર તરફથી સાહસિક ટુકડી નૌકાખાતાએ મોકલી હતી. એટલે બ્લેશરની સામે લશ્કરી અદાલત(કોર્ટ માર્શલ)માં કામ ચલાવવામાં આવ્યું. બ્લેશરને શી સજા થાય છે એ જાણવા આખું ઇંગ્લંડ ઉત્સુક બન્યું હતું.

બહારની અદાલતમાં બ્લેશરને ગંભીરમાં ગંભીર સજા થાત. લશ્કરી અદાલતમાં પણ એમને એથી યે વધુ ગંભીર સજા થઈ હોત, પણ લશ્કરી કાયદાની આંટીઘૂંટીમાં એક કલમ એવી હતી જે આવા અજાણ્યા પ્રદેશનાં સાહસોની સરદારી લેનાર ઑફિસરને વિશાળ સત્તા અને ઘણી છૂટછાટ આપતી હતી. નસીબદાર બ્લેશર, આથી, ગંભીર અને ઘણી મોટી સજામાંથી બચી ગયા; પણ તેમ છતાં તેમની ગંભીર ભૂલની દૃષ્ટિએ નૌકાખાતાએ એમને એકદમ નીચલી પાયરીએ ઉતારી દીધા. એમનું 'સર'નું બિરુદ પાછું ખેંચી લેવાયું. બીજી બાજુ ઑસ્બૉર્નને કેદમાંથી મુક્ત કરવામાં આવ્યો, અને એને તથા કૅલેટ, મૅકલિન્ટૉક અને મેને બ્લેશર કરતાં ઊંચો હોદ્દો આપવામાં આવ્યો.

નૌકાખાતામાંથી નિવૃત્ત થતાં પહેલાં બ્લેશર પોતાનું નામ કોઈ મોટા સરકારી સાહસ સાથે જોડાએલું જોવા ઇચ્છતા હતા, તે આ રીતે જોડાયું!

(અનુસંધાન પૃષ્ઠ ૯૮મે)



આથું ફરી

હું ભૂતકાળે ભટકેલ માનવી,
ભવિષ્યના સ્વપ્નરંગમાં હવે
ચહું નહીં આથડવા, અનેકધા
આ વર્તમાને રતયત્ન જીવવું.

(સિંજારવ) —વેણીભાઈ પુરોહિત

કલિંગ પારિતોષિક મેળવનાર ફિલ્સૂફ બર્ટ્રાન્ડ રસેલ

ઓરિસ્સાના શ્રી પટનાયકે પોતાના કલિંગ દેશના નામસ્મરણ સાથે સંકળાએલું એક ભારે રકમનું દાન આપ્યું છે. ઓરિસ્સા રાજ્યના આર્થિક સામાજિક તથા સાંસ્કૃતિક વિકાસ અને પ્રગતિની સહાય માટે યોજાએલા એ ભંડોળનું નામ 'કલિંગ-નિધિ' છે. જગતના કલ્યાણ અર્થે વિજ્ઞાનને યોજનાર અને સમજાવનાર તથા ભારત અને જગતની અન્ય પ્રજાના વિજ્ઞાનીઓ વચ્ચેની સંબંધની સાંકળ મજબૂત કરનાર પ્રતિભાશાળી વ્યક્તિને તેમાંથી દર વર્ષે ૧,૦૦૦ પાઉન્ડ(લગભગ સાડા તેર હજાર રૂપિયા)નું 'કલિંગ પારિતોષિક' પણ તેના કાર્યની કદરશનાસીમાં આપવામાં આવે છે. ઈ. ૧૯૫૭નું એ પારિતોષિક ઈંગ્લંડના (બલ્કે જગતના એક) પ્રતિભાશાળી ફિલસૂફ, ગણિતજ્ઞ અને વિદ્વાન લૉર્ડ બર્ટ્રાન્ડ રસેલને આપવામાં આવ્યું છે. એ શ્રી રસેલે હમણાં જ કહ્યું છે કે 'સિદ્ધાંતો, વાદો અને ફિલસૂફીઓ, એ યુદ્ધનાં જ હથિયાર છે; સામ્યવાદ કે મૂડીવાદ એ એકબીજાનાં ગળાં રહેંસવા માટેનાં બહાનાં માત્ર છે; અને તત્ત્વજ્ઞાન એ વ્રત છે.' આ કથન ઉપર અગ્રલેખ લખતાં 'ટાઈમ્મ ઑવ ઇંડિયા' કહે છે કે 'ફિલસૂફ રસેલની આ વિચારસરણીની પાછળ, કાર્લ માર્ક્સ, રૂસ્સૉ આદિ જેવા રાજકારણી વિચારકોએ યોજેલાં મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, રાષ્ટ્રવાદ, સંસ્થાનવાદ વગેરે જેવાં તોફાની લેબલોએ જગતમાં જે વિનાશક ભાગ ભજવ્યો છે તેનું જ નિદર્શન છે.

સંપત્તિ મેળવવા અને તેનો સંઘરો કરવા મથવું એ આદિકાળથી માણસનો સ્વભાવ છે, અને રંક સદા ધનવાનની ઇર્ષ્યા તથા તે પડાવી લેવાની પેરવી કરતો જ આવ્યો છે. આજ સુધી આ કુદરતી લોલુપતા તથા ઝંખના માત્ર છૂટક ચોરી કે ખૂનમાં જ પરિણમતી હતી. પણ આજે એ રાજકીય ફિલસૂફીના રૂપે વિશ્વવ્યાપી અસંતોષ અને ધિક્કારનાં બી વાવીને તે મોટામોટા લોકસમૂહોને દોરી રહી છે. આજે કોઇને મૂડીવાદી, સંસ્થાનવાદી, સામ્યવાદી કે રાષ્ટ્રવાદી કહીને લોકોની લાગણીઓ ઉશ્કેરી મોટો વર્ગવિગ્રહ ઊભો કરવો એ સહેલું છે.'

જગતના પહેલી હરોળના ફિલ્સૂફ અને આધુનિક ગણિતિક અથવા પ્રતીકાત્મક ન્યાયશાસ્ત્રના અગ્રણી પ્રતિપાદક એ લૉર્ડ બર્ટ્રાન્ડ (આર્થર વિલિયમ) રસેલનો જન્મ ઇંગ્લંડના મન્માઉથ પરગણાના ટ્રેલેક મુકામે ઈ. ૧૮૭૨ના મેની ૧૮મીએ થયો હતો. તેનાં માતાપિતા બંને ઉમરાવકુળનાં—તેના પિતા ઇંગ્લંડના પહેલા લૉર્ડ જૉન રસેલના પુત્ર વાઈકાઉન્ટ ઍમ્બર્લી હતા અને માતા ઍલ્ડર્લીના બીજા લૉર્ડ સ્ટૅન્લીની પુત્રી હતી; તેના પિતા તેને નિરીશ્વરવાદી તરીકે ઉછેરવા માગતા હતા; પણ તેની ત્રણ વર્ષની વયે માતાપિતા બંનેના અવસાનથી અનાથ બનેલા બર્ટ્રાન્ડને તેમાંથી મુક્ત રાખવા કોર્ટના આશ્રય નીચે તેની નાનીએ ઉછેર્યા અને નિશાળે મોકલવાને બદલે ઘેર ગવર્નેસો તથા શિક્ષકો રાખીને તાલીમ આપી ૧૮ વર્ષની વયે કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં મૂકયો. નાનપણથી જ અસાધારણ પ્રતિભા ધરાવનાર એ તરુણ ત્યાંથી ફિલ્સૂફીમાં પહેલા વર્ગમાં આવીને ઘણી ઊંચી કક્ષાનો રૅંગ્લર થયો અને ૧૮૯૫માં તેનો ફેલો તથા લેક્ચરર નિમાયો; જોકે તે પહેલાં ૧૮૯૪માં પારીસમાંના બ્રિટિશ એલચી ખાતામાં અધિકારપદે તે નિયુક્ત થએલા અને એ જ વર્ષમાં મિસ આલિસ પીઅરસૉલ સ્મિથ સાથે લગ્ન કરેલું.૧૮૯૬માં બર્લિનમાં જર્મન સામાજિક લોકશાહીનો અભ્યાસ કરી તે ફિલ્સૂફીના અભ્યાસમાં જ સાદું જીવન ગાળવાના નિરધાર સાથે ઇંગ્લંડના એક દૂરના શાન્ત ગામડામાં એક કુટિમાં જઈ વસ્યા. ઈ. ૧૯૦૦માં પોતાના મિત્ર વિખ્યાત ફિલ્સૂફ આલ્ફ્રેડ વ્હાઇટહેડ

તીડ [આપણાં જંતુઓ- ૫]



અવારનવાર આકાશી આફત બનીને ઊતરી આવતા અનાજ-વનસ્પતિના આ વિનાશક શત્રુને કોણ નથી ઓળખતું? તિતિઘોડાની જાતનું તે જંતુ Acridiidae વર્ગનું.એ આખા વર્ગમાં તીડ ઘણુંખરું સહેજ મોટું, સૌથી વધુ શક્તિશાળી ને વિનાશક. ઉત્તર અમેરિકા, એશિયા અને આફ્રિકામાં તે જોવા મળે છે.

તેનો મુખભાગ કરડવા માટે હોય છે. આગલી પાંખો સખત ને લંબાએલી તથા પાછલી પાંખો તેની નીચે પંખાની જેમ વળેલી. પાછલા પગ ઘણાં લાંબા. નરને (અને કયારેક માદાને) અવાજ-ઉત્પાદક અવયવો હોય છે; અવાજ-ગ્રાહક અવયવો તો બંનેને હોય છે. આગલી પાંખ પર તે પાછલો પગ ઘસે છે ત્યારે પાંખમાં ધ્રુજારી થવા માંડે છે ને અવાજ ઉત્પન્ન થાય છે. અવાજ-ગ્રાહક અવયવો, તે પેટની નીચેના ભાગની પ્રત્યેક બાજુ પર આવેલા, શિગડાકાર વલયવાળા, અંદરની ચામડીમાંના અવયવો.તેના પાછલા પગ બાજુએથી જોતાં ઉપરનો લંબાએલો ભાગ સ્પષ્ટ જોઈ શકાય છે. તેની ઉપર સ્નાયુ હોય છે, જે પગને પહોળો કરે છે. નીચેનો વધુ સાંકડો સ્નાયુ પગને ફરી વળે છે.

મોટાં વાદળાં જેવાં, આકાશને ઢાંકી દેતાં, એક દિવસમાં ૩૬ માઇલ સુધી ઊડતાં તીડનાં ટોળાં વનસ્પતિ પાક પર ઊતરી પડતાં એ પ્રદેશની લીલોતરીને નામશેષ કરી નાખે છે.

ઘણેભાગે છોડવાઓનીઝાડીમાં તો કયારેક જમીનમાં માદા ઈંડાં મૂકે છે. માદાને ટૂંકી ને બહુ ગોચર નહિ એવી ઇંડાં મૂકવાની કોથળીઓ (ovipositors) હોય છે. આ કોથળીમાં માદા એક કાણું કરે છે, અને તેમાં ૧૦૦ લગી ઈંડાં મૂકે છે! ઇંડાં મૂકતી વખતે તે ચીકણો પદાર્થ કાઢે છે. તેથી ઈંડાં ગઠ્ઠામાં બંધાઇ જાય છે. ઇંડાંનો રંગ લીલો અને પીળો હોય છે. ઑક્ટોબરથી નવેમ્બર એ તેમો પ્રજનનકાળ. ઈંડામાંથી નીકળતાં તીડ કાળાશ પડતાં ને પાંખ વિનાનાં હોય છે. નાનાં તીડોનો રંગ સહેજ લીલોપીળો હોય છે. વિકાસકાળ દરમ્યાન બચ્ચાં પોતાની ચામડી પાંચથી આઠ વખત ઉતારી કાઢે છે. બચ્ચું એક માસમાં પુખ્ત બની જાય છે. જોકે પાંખ પૂરી આવી રહેતાં છ માસ લાગી જાય છે. બચ્ચાં પણ વનસ્પતિને નુકસાનકારી હોય છે.

સાથે પારીસની ઉચ્ચ ગણિતપરિષદમાં હાજરી આપી જેના પરિણામે એ બંનેની સંયુક્ત જગવિખ્યાતકૃતિ 'પ્રિન્સિપિયા મૅથેમૅટિકા'નું ૧૯૧૦માં સર્જન થયું.


આ બધો સમય ગામડામાં સાદું પણ પરિશ્રમી ને અભ્યાસી જીવન ગાળનાર રસેલે, એ જ વર્ષે ચેમ્બરલેનને કરવેરા સુધારા દાખલ કરતાં રાજકારણમાં ઝંપલાવ્યું અને ૧૯૧૪માં પહેલું મહાયુદ્ધ સળગી ઊઠતાં તેને માટેની લશ્કરી નોંધણી સામે અવાજ ઉઠાવ્યો, જેને કારણે એમનો ૧૦૦ પૌંડ દંડ થયો, અને તે ન ભરવાથી એમનું પુસ્તકાલય જપ્ત કરી તે વસૂલ કરવામાં આવ્યો તેમાં તેનાં ઘણાં કિંમતી પુસ્તકો રફેદફે થઈ ગયાં. આ ગાળામાં એમને અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક થવા નિમંત્રણ મળ્યું. પણ ઈંગ્લંડે તેને પાસપોર્ટ ન આપ્યો; અને અમેરિકામાં જાહેર વ્યાખ્યાનો આપવા જતાં પણ લશ્કરી અધિકારીઓએ અટકાવ્યા. ૧૯૧૮માં 'ટ્રિબ્યુનલ' માં એક લેખ લખવા માટે એમને જેલ મળી, જે દરમ્યાન એમણે એમનું પ્રખ્યાત પુસ્તક 'ઈન્ટ્રોડકશન ટુ મૅથેમૅટિકલ ફિલૉસૉફી' લખ્યું. જોકે એમને બહોળી પ્રતિષ્ઠા તો બર્ગસૉંની ફિલસૂફી પર લખેલી વિવેચનાથી મળેલી.

ઈ. ૧૯૨૦માં તે ચીનની પેકિંગ યુનિવર્સિટીમાં ફિલસૂફીમાં વ્યાખ્યાનો આપવા ગયા ત્યાં એવો સખત ન્યૂમૉનિયા થયો કે ત્રણ અઠવાડિયાં સુધી મરણપથારીએ રહ્યા અને અમુક છાપાંઓમાં તો એમના મરણના સમાચાર પણ છપાએલા. પરંતુ નિષ્ણાત જર્મન દાક્તરોએ એમનો જીવ બચાવ્યો. ઈ. ૧૯૨૧માં ઈંગ્લંડ આવી મિસ ડારા બ્લેક સાથે એમણે બીજું લગ્ન કર્યું અને છ વર્ષ સુધી દરિયાકિનારાના એક નાના ગામડામાં રહી વ્યાખ્યાનો, પત્રકારત્વ તથા લોકસમૂહ માટે ફિલસૂફી વિજ્ઞાન વગેરેનાં લખેલાં સરળ પુસ્તકો દ્વારા ગુજરાન ચલાવ્યું, જેમાંનાં મુખ્ય 'એબીસી ઑવ ઍટમ્સ', 'એબીસી ઑવ રીલેટિવિટી', 'ઑન એડ્યુકેશન', 'ઍનલિસિસ ઑવ મૅટર', 'આઉટલાઇન ઑવ ફિલૉસૉફી' વગેરે છે.

ઈ.૧૯૩૦માં તેમના મોટાભાઇનું અવસાન થતાં તે તેમની જગ્યાએ ત્રીજા લૉર્ડ રસેલ તરીકે ઉમરાવપદે આવ્યા અને સોવિયેટ રશિયા, ચીન વગેરેની વારંવારની મુલાકાતો બાદ ૧૯૩૮માં અમેરિકા ગયા જ્યાં અનેક યુનિવર્સિટીઓમાં ભાષણો આપ્યાં. ત્યાંથી ઇંગ્લંડ આવી ફરી પોતાની જૂની માતૃસંસ્થા ટ્રિનિટી કૉલેજમાં પ્રાધ્યાપકપદે આવ્યા. ઈ. ૧૯૪૯માં એમનો ઈંગ્લંડનો સર્વોચ્ચ અને મોંઘા માનરૂપ ગણાતો ઓ. એમ. (ઑર્ડર ઑવ મેરિટ)નો ઈલકાબ આપવામાં આવ્યો અને ૧૯૫૦માં ફિલસૂફીના ગ્રંથો માટે એમને જગવિખ્યાત નોબેલ પારિતોષિક મળ્યું. આજે ૮૯ વર્ષની



પારીસમાં કલિંગ પારિતોષિક સમર્પણના સમારંભમાં લૉર્ડ રસેલને અભિનંદતા ભારતના ફ્રાંસ ખાતેના એલચી સરદાર શ્રી કે. એમ. પણિક્કર. બંનેની વચ્ચે 'યુનેસ્કો'ના ડિરેક્ટર અને 'કલિંગ પારિતોષિક કમિટી'ના પ્રમુખ મિ. ઈવાન્સ દેખાય છે.



અમેરિકાની જનરલ ઈલેક્ટ્રિક કંપનીએ પોલી કાર્બોનેટ પોલીપર કૉમ્પાઉન્ડમાંથી લેક્સન નામનું ધાતુના જેટલી જ એક અસાધારણ શક્તિવાળું એવું પ્લાસ્ટિક બનાવ્યું છે, જેની ફિલ્મની પટ્ટી, ડાબી બાજુના તેના હીંચકા પર બેઠેલી છોકરી કરતાં યે અનેકગણું વજન સહેલાઈથી ઊચકી શકશે; એટલું જ નહિ પણ એ જ લેક્સનનો બનાવેલો અણીદાર ખીલો (જમણી બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે) લોખંડના ખીલાની પેઠે જ લાકડામાં ઠોકી શકાય એટલો મજબૂત હશે! ગરમી તથા પાણી સામે ખડતલપણે ટકી શકે એવું આ લેક્સન પારદર્શક, અપારદર્શક, તેમજ વિવિધ રંગનું બની શકશે અને તેમાંથી ફિલ્મો, વાર્નિશો વગેરે ઉપરાંત ફર્નિચર, ગૃહ-ઉપયોગી સાધનો, ગીઅરો તથા બીજાં ઑટોમેટિક તેમજ યાંત્રિક સાધનો બનાવી શકાશે.

વયે પહોંચેલા એ લૉર્ડ રસેલે હમણાં થોડાં વર્ષ પહેલાં ત્રીજું લગ્ન કરેલું.

બ્રિટનના એ બીનહરીફ ફિલ્સૂફ, ગણિતજ્ઞ ને સમાજશાસ્ત્રી આજે જગતના એક અગ્રણી ક્રાંતિકારી વિચારક અને તત્ત્વજ્ઞ ગણાય છે, જોકે તેમની વિચારસરણી રચનાત્મક કરતાં ખંડનાત્મક વધુ છે. છતાં તેમની નીડરતા અને પ્રમાણિકતા શંકાથી પર છે. બુદ્ધિશાળી તરુણોમાં એમનાં 'કૉન્કવેસ્ટ ઑાવ હૅપિનેસ', 'મૅરેજ ઍન્ડ મૉરલ્સ', 'રોડઝ ટુ ફ્રીડમ', 'પોલિટિકલ આઈડીઅલ્સ', 'વ્હાઈ આઈ ઍમ નૉટ એ ક્રિશ્ચિયન', 'મિસ્ટિસીઝમ ઍન્ડ લૉજિક', 'આઉટલાઈન ઑાવ ફિલૉસૉફી' તથા 'હિસ્ટરી ઑાવ વૅસ્ટર્ન ફિલૉસૉફી' ઘણાં પ્રિય થયાં છે. એ ઉપરાંત એમનાં બીજાં પુસ્તકો 'ઍન એન્કવાયરી ઈન્ટુ મીનિંગ ઍન્ડ ટ્રુથ', 'પ્રૉબ્લેમ્સ ઑાવ ફિલૉસૉફી', 'પ્રિન્સિપલ્સ ઑાવ મૅથેમૅટિક્સ', 'પ્રિન્સિપલ્સ ઑાવ સોશ્યલ રીકન્સ્ટ્રક્શન', 'ઍનૅલિસિસ ઑાવ મૅટર,' 'ઍનૅલિસિસ ઑાવ માઈન્ડ', 'ફિલૉસૉફિકલ એસેઈઝ', 'સ્કેપ્ટિકલ એસેઈઝ', 'પ્રૅક્ટીસ ઍન્ડ થીઅરી ઑાવ બોલ્શેવીઝમ' તથા 'ન્યૂ હોપ્સ ફૉર એ ચેઈન્જિંગ વર્લ્ડ' મુખ્ય છે, જેમાંનું છેલ્લું ગોરી પ્રજાઓને પક્ષે પ્રત્યાઘાતી અને સંકુચિત વિચારો ધરાવતું લાગે.

ક્લૉરોફિલ

ટૂથપેસ્ટની જાહેરાતોમાં આજકાલ જે 'ક્લૉરોફિલ'નું નામ જોવામાં આવે છે તે અમેરિકામાં તો પિપરમીટ, ચૉકલેટ, સિગારેટ, ચીરુટ, માથામાં નાંખવાનાં તેલ, ક્રીમ અને એવી અનેક વસ્તુઓમાં નંખાય છે, એટલું જ નહિ પણ ખમીસના કૉલરમાં, બૂટનાં તળિયામાં, કોગળા કરવાના પ્રવાહીઓમાં, મીણબત્તીઓમાં અને એવી એવી વસ્તુઓમાં પણ ક્લૉરોફિલનો લીલો રંગ જોવામાં આવશે. પહેલાં જે સફેદ રંગની ટૂથપેસ્ટ કે ટૂથ-પાવડર આવતા હતા, તે બધા હવે ક્લૉરોફિલ ભળવાથી લીલા રંગના બની ગયા છે.

કૌશલકળાનો ખેલ

નારંગીમાંથી સફરજન: જાદુગર પ્રેક્ષકોને એક નારંગી બતાવે છે. પછી એ પોતાની પાસેના જાદુઈ રૂમાલથી તેને ઢાંકી દે છે ને થોડી વારે મંત્રોચ્ચારો કરી જ્યારે રૂમાલ ખસેડે છે તો તેના હાથમાં નારંગીને બદલે સફરજન જોવા મળે છે.

બહુ જ સરળ આ ખેલ છે. એક નારંગીની છાલને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે કાપી કાઢી તેની અંદર જાદુગરે પહેલેથી સફરજન



મૂકેલું હોય છે. દૂરથી પ્રેક્ષકોને તો પેલી છાલ જ નારંગી રૂપે દેખાવાની એટલે રૂમાલ ઢાંકી સિફતથી દૂર કરેલી છાલ નીચેનું સફરજન જોઇ તેમને તો કમાલ જ લાગે ને?

—'પુ-શુ-તાન'

આ ક્લૉરોફિલ છે શું? વૃક્ષોની અંદર પાંદડાઓમાં જે લીલો રંગ જોવામાં આવે છે તે પદાર્થને ક્લૉરોફિલ કહેવામાં આવે છે. પુષ્પો અને ફળોમાં રંગમાં ભલે વિવિધતા હોય પણ પાંદડાઓમાં તો કેવળ એક લીલો રંગ જોવામાં આવે છે. પાણી અને સૂર્યના પ્રકાશ વડે પ્રકૃતિની મહાન રસાયણશાળામાં આ ક્લૉરોફિલ પાંદડેપાંદડે ઉત્પન્ન થતું રહે છે. આ પદાર્થ મળતો બંધ થાય છે કે તરત જ પાંદડું પીળું થઈ જઇ ખરી પડે છે. આ પદાર્થ મેળવવા માટે વૈજ્ઞાનિકો વર્ષો થયાં પ્રયત્નો કરતા હતા. અત્યારે એવો દાવો કરવામાં આવે છે કે દુર્ગંધને દૂર કરવાનો એનો મોટામાં મોટો ગુણ છે એટલે જ તો ટૂથપેસ્ટોની જાહેરાતોમાં એ વાત ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. જોકે વિજ્ઞાનીઓમાં

તેના આ બધા ગુણો વિશે થોડો મતભેદ પ્રવર્તે છે.

ગમે એવા કાદવ કીચડ અને ગંદકીમાં ઊગતાં વૃક્ષો કે છોડોનાં પાંદડા કે ફળોમાં દુર્ગંધ આવતી નથી, એનું મૂળ કારણ તે આ ક્લૉરોફિલ જ છે એમ વિજ્ઞાનીઓ માને છે.

આથી ક્લૉરોફિલ વડે મોંની દુર્ગંધ દૂર થાય છે; ખાવામાં લેવાથી પરસેવાની દુર્ગંધ તથા અમુક રોગોમાં તીવ્ર બનતી પેશાબની ગંધ પણ ઓછી થતી હોવાનું કહેવાય છે. તેના આ ગુણોથી પ્રેરાઈને પરદેશમાં તો દૂથપેસ્ટ, દૂથ-પાવડર, ટાલ્કમ પાવડર, ગ્રિલિયન્ટાઈન, માથાનાં તેલો, નહાવાના સાબુ, ઔષધો અને મલમોમાં પણ તેનો બહોળો ઉપયોગ થવા લાગ્યો છે. જોકે ડુંગળી, લસણ વગેરે ખાધા પછી કે દારૂ પીધા પછી મોઢામાંથી જે વાસ નીકળે છે એનો નાશ થઈ શકતો નથી. પ્રકૃતિ તરફથી મળતું ક્લૉરોફિલ એમ ને એમ દુર્ગંધ દૂર કરી શકતું નથી પણ એની ઉપર અમુક રાસાયણિક ક્રિયાઓ થયા પછી, પાણીમાં મળી શકે એવું બની ગયા પછી જ એ ઉપયોગમાં આવી શકે છે. ૯૦ થી ૯૭ ટકા સુધીનું તૈયાર થએલ આવું ક્લૉરોફિલ લગભગ પાંચસો રૂપિયે રતલ પડે છે. દૂથપેસ્ટ વગેરેમાં એકથી પાંચ ટકા સુધી ક્લૉરોફિલ નાંખવામાં આવે છે. એ ક્લોરોફિલની શોધ ડૉકટર બેન્જામિન ગુસ્કીને કરી છે. તેમનો જન્મ રશિયામાં થએલો પણ ઉછેર અમેરિકામાં થએલો. એમણે ૧૯૩૦માં કેન્સર પાછળ અને પાંદડાઓમાં રહેલ લીલા પદાર્થ પાછળ સંશોધન કરવા માંડયુ.

દસ વર્ષ પછી ૧૯૪૦માં તેણે આ લીલા પદાર્થ ઉપર પ્રથમ વાર નિબંધ પ્રગટ કરાવ્યો અને બધાની આંખો ઊઘડી ગઈ. તેણે જણાવ્યું કે આ પદાર્થ દુર્ગંધ દૂર કરે છે ને ગૂમડાં, ચાઠાં, ઘા વગેરે જલદી રૂઝવી નાંખે છે. પછી તો અનેક એ પાછળ સંશોધન કરવા મંડી પડયા. અંતે ક્લૉરોફિલ સાથેની સૌથી પ્રથમ દૂથપેસ્ટ ૧૯૪૮માં બહાર પડી. બે વર્ષ પછી ૧૯૫૦માં એના શોધક બેન્જામિનનું કંગાળ સ્થિતિમાં મરણ થયું.

નૈસર્ગિક ક્લૉરોફિલ અને ઉપરોક્ત ઉદ્યોગોમાં વપરાતા ક્લૉરોફિલ વચ્ચે થોડો તફાવત છે. તેના જેવા લીલા પદાર્થના અણુની રચના પણ કલાત્મક હોય છે. ચારે બાજુ ચાર પંચકોણાકૃતિઓની મધ્યમાં એક મૅગ્નેશિયમનો પરમાણુ હોય છે. આ મૅગ્નેશિયમના પરમાણુની જગ્યાએ કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા તાંબાના અણુને બેસાડી દેવાથી ઔદ્યોગિક ઉપયોગમાં વપરાતું કૉપર ક્લૉરોફિલ તૈયાર થાય છે.

ભારતમાં જોકે ક્લૉરોફિલ બહુ વપરાતું નથી, છતાં આપણે ૧૦૦૦ રતલ જેટલી તેની આયાત કરીએ છીએ. ઉદ્યોગમાં બે પ્રકારનું ક્લૉરોફિલ વપરાય છે: એક તેલમાં દ્રાવ્ય હોય તેવું જેની કિંમત રતલના લગભગ ૪૦ રૂપિયા થવા જાય છે, જ્યારે બીજું પાણીમાં દ્રાવ્ય હોય તે, તેની કિંમત રતલના લગભગ ૨૫૦ રૂપિયા પડે છે. કુદરતી ક્લૉરોફિલ સાથે બીજા અનેક ગુણોવાળા દાતણની મબલખ સગવડ છતાં આપણે દાંતે દેવા પરદેશથી ક્લૉરોફિલ મંગાવવું પડે એ પણ નવાઈ છે ને!

દહેરાદૂન ખાતેની પ્રયોગશાળાઓએ પણ ક્લૉરોફિલ બાબતમાં કેટલુંક સંશોધન કરીને આપણે ત્યાં પણ કૉપર ક્લૉરોફિલ બનાવી શકાય તેવું સિદ્ધ કર્યું છે. જોકે દરેક વનસ્પતિમાં ક્લૉરોફિલ હોય છે જ, છતાં તે બધીમાંથી તેને ઔદ્યોગિક ઉપયોગ માટે છૂટું પાડવું પોષાતું નથી. સહજ પ્રાપ્ય, તુરત કાપી શકાય તેવી અને વધુ પ્રમાણમાં ક્લૉરોફિલ ધરાવતી વનસ્પતિ એને માટે શોધવી પડે છે. દહેરાદૂનની પ્રયોગશાળાએ 'બિચ્ચુ' (Stinging nettle) નામનો ઉત્તર હિમાલયમાં થતો એક છોડ એને માટે પસંદ કર્યો છે. આ છોડનાં પાનમાંથી ૫ થી ૬ ટકા ક્લૉરોફિલ છૂટું પાડી શકાય છે.

શબ્દકથા : શીદ

માને બહાર જતી જોતાં બાળક પૂછે છે: 'મા, તું ક્યાં જાય છે?' મા કહે છે, 'ક્યાં જાય છે એમ ન પુછાય, બેટા! શીદ જાય છે એમ પુછાય'. આવી જાતનો પ્રસંગ આપણામાંના ઘણાએ અવારનવાર જોયો હશે. કંઈક જૂના વિચારના અને શુકન-અપશુકનમાં શ્રદ્ધા રાખતા લોકો એવું માને છે કે તેઓ કોઈ કામે બહાર જતા હોય ત્યારે કોઇ એમ પૂછે કે 'ક્યાં જાઓ છો', તો તેમનું કામ સફળ ન થાય; તેમાં અણધારી મુશ્કેલી આવે. 'ક્યાંકારો' તેઓ અપશુકનિયાળ ગણે છે, 'શીદ'ને શુકનવંતો માને છે.

અને આ ઉપરથી 'શીદ' શબ્દનું મૂળ શું હશે તેનો ખુલાસો મળી રહે છે. 'શીદ' એ બીજું કશું નથી, માત્ર 'સિદ્ધ'નો જ સરળ ઉચ્ચાર છે. 'શીદ જાઓ છો?' એટલે 'સિદ્ધ જાઓ છો?' શુકનમાં જ 'સિદ્ધ' શબ્દ સાંભળવા મળે એટલે જે કામે નીકળ્યા હોઇએ તે સિદ્ધ જ થાય! 'ક્યાં'નો જેમ એક અર્થ 'કઈ જગ્યાએ' છે, તેમ તેનો બીજો અર્થ છે 'શા માટે', 'શું છે તે'. 'મને થયું કે હું તે ક્યાં વચ્ચે પડયો?' એવા પ્રયોગોમાં એ બીજા અર્થમાં 'ક્યાં' વપરાયો છે. આથી 'ક્યાં જાઓ છો?'માંથી 'શા માટે જાઓ છો?' 'જવાની જરૂર નથી', 'જવું નકામું છે' એવો ભાવાર્થ પણ કાઢી શકાય. અને આરંભમાં જ આવું શંકાવચન બોલાય તો કામમાં ફતેહ ન મળે એવા વહેમને કારણે જ 'શીદ' વપરાવા લાગ્યું.

ને છતાં મજા તો એ છે કે 'શીદ' પણ 'કઇ જગ્યાએ' તેમજ 'શા માટે' એમ બંને અર્થોમાં વપરાતો થયો! 'મને શીદ બોલાવ્યો?' વગેરેમાં 'શા માટે' એ અર્થ સ્પષ્ટ છે.

'શીદ' ઉપરાંત 'શીદને' પણ છે. 'શીદને' એ માત્ર 'શા માટે' એ જ અર્થમાં વપરાય છે. સહેજસાજ અર્થ ફેરે 'કાં', 'ક્યાં', 'કેમ', 'શીદ', 'શીદને', 'શાને' અને વધુ વિશિષ્ટતા દર્શાવવા 'શા માટે', 'શાને વાસ્તે' 'શું કામ' 'શા કારણે' વગેરે પ્રચારમાં છે.

જેમ માણસ એકનો એક હોય, પણ આનંદના, શોકના વગેરે પ્રસંગ પ્રમાણે તે સામાજિક પ્રથાને અનુસરીને જુદાજુદા પહેરવેશમાં દેખાય છે, તેમ ભાષા પણ કેટલીકવાર એક જ અર્થને અલગ અલગ પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ વાઘા સજાવીને–જુદાજુદા બે કે વધારે શબ્દોથી દર્શાવે છે. 'ક્યાં' અને 'શીદ' એ જોડી આનું એક ઉદાહરણ છે. ગુજરાતીમાં બીજાં પણ આવાં થોડાંક ઉદાહરણ છે, તે આપણે આ પછી જોઇશું. -હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

ગુજરાતની મહાનવલ **'સરસ્વતીચન્દ્ર'**ના પહેલા અને ત્રીજા ભાગની ગોવર્ધન શતાબ્દીઆવૃત્તિઓ બહાર પડયા પછી તાજેતરમાં તેના **બીજા** અને **ચોથા ભાગ**ની યે શતાબ્દી-આવૃત્તિઓ પ્રકટ થઈ છે. 'હિંદુસ્તાનના સાંસારિક, રાજકીય, ધાર્મિક વગેરે પ્રશ્નોના આકરગ્રંથ' સમા આ મહાગ્રંથને પ્રકાશક સંસ્થાએ પડતર જેવી નજીવી કિંમતે (કાગળ, છપાઈ, રૂપરંગ વગેરેનું ધોરણ પૂર્વવત્ જાળવી) પ્રાપ્ય કરાવીને ગુજરાતના ચિંતક ને સાહિત્યિક વર્ગ માટે તો જ્ઞાન ને રસની પરબ માંડી છે, એમ કહેવામાં અત્યુક્તિ નથી. પ્રકાશક સંસ્થા (એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨) તરફથી પૂરી પાડવામાં આવેલી આ સુવર્ણતકનો સહૃદયી પૂરો લાભ લે.

~

પોતાની કવિતા દ્વારા 'આનંદસમાધિનો અનુભવ કરાવીને રસમત્ત બનાવી મૂકતા' કવિ ન્હાનાલાલના સમગ્ર કાવ્યસર્જનમાંથી શ્રી બાલચન્દ્ર પરીખે તેમની પ્રતિનિધિ રૂપ ૧૪૬ કૃતિઓને ઊર્મિગીતો, પ્રણયપુષ્પો, રાસ-રણગીતો, દામ્પત્યસ્તોત્રો, ભક્તિગીતો, અર્ઘ્યકુસુમો ને ચિત્રસર્જનો એમ આઠ વિભાગમાં વહેંચીને, **રસગંધા** નામથી સંગૃહીત કરી છે. દરેક વિભાગમાં રજૂ થતાં કાવ્યો પરના સમગ્રાવલોકી લેખ, અને પછી વ્યક્તિગત કાવ્યોના રસદર્શનને સમાવતા સંપાદકના વિસ્તૃત વિવરણની સાથે પ્રા. અનંતરાય રાવળનો આમુખ પણ તેને જોડવામા આવ્યો છે. કવિશ્રીના જીવનદર્શન પરત્વેની સંપાદકની પ્રેમભક્તિ તથા મુગ્ધતા આ સંગ્રહ પરથી સ્પષ્ટ વરતાય છે; પરંતુ સ્થિરસમવલોકી સાહિત્યિક ગુણદૃષ્ટિએ આ મુગ્ધતા મર્યાદા પણ બની જાય છે. (કિં. રૂા. ૭–૦૦, પ્રકાશક ઉપર મુજબ ત્રિપાઠી લિ.)

~

વાલ્મીકિ રામાયણના **સુંદરકાંડ**નો શ્રી હંસાબહેન મહેતાએ કરેલો સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ, એમના આવા જ બીજા અનુવાદોની પેઠે એ મહાન સંસ્કૃત સાહિત્ય પરથી અધિકારી કલમે ઉતારેલો ગુજરાતી 'ક્લાસિક'માં મૂલ્યવાન ઉમેરો છે. (કિં. ૩–૫૦, પ્રકાશક ઉપર મુજબ ત્રિપાઠી પ્રા. લિમિટેડ મુંબાઈ-૨).

પ્રાચીન ગુજરાતનાં ઇતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય વગેરેની કેવળ ઝાંખી નહિ, પરંતુ તેની શાખાપ્રશાખાઓનાં અનેકવિધ પુસ્તકો અને અંતરંગ પ્રવાહોના પ્રમાણભૂત સંદર્ભો પણ હવે તો આપણા વિદ્વત્સમુદાયના પરિશ્રમ-પ્રયાસોના ફળ રૂપે ઉપલબ્ધ બની રહ્યા છે.

આપણા પ્રકૃષ્ટ કોટિના ભાષાવિદ્ તથા સાહિત્યસંશોધક ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ ઈસવીસનની તેરમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગએલા, ધોળકાના વાઘેલા રાણા વીરધવળના મહાઅમાત્ય, સાહિત્ય ને કલાના મહાન આશ્રયદાતા વસ્તુપાલના જીવન પરત્વે—ખાસ કરીને તેણે અને તેના સાહિત્યમંડળે સંસ્કૃત સાહિત્યમાં આપેલા ફાળા વિષે સમીક્ષાયુક્ત નિરૂપણ કરતું એક પુસ્તક રચ્યું છે: **'મહામાત્ય વસ્તુપાળનું સાહિત્ય મંડળ** તથા તેનો સંસ્કૃત સાહિત્યમાં ફાળો'. આ પુસ્તક ગુજરાતના પ્રાચીન સાહિત્ય-ઇતિહાસની દૃષ્ટિએ જ માત્ર નહિ, પણ વધુ તો આપણી પ્રાચીન સાહિત્યપરંપરાનો તેમજ સંસ્કૃત સાહિત્યમાંના તેના ગરવા ઐતિહ્ય સ્થાનનો વિગતે પરિચય કરાવતું હોઈ તેનું વિશેષ મહત્ત્વ છે. પીએચ. ડી. માટેના પોતાના મહાનિબંધ (થીસિસ)ને તેમણે આ પુસ્તક રૂપે અદ્યતન સ્વરૂપ આપ્યું છે. (પ્રકાશક: ગુજરાત વિદ્યા સભા, ભદ્ર, અમદાવાદ-૧, કિંમત ૬–૦૦)

ગુજરાતનાં શિક્ષણ-સાહિત્યસંસ્કારનાં સ્ત્રી-ચિંતકોમાં અગ્રણી શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠના, જુદાંજુદાં સામયિકોમાં (મુખ્યત્વે 'જ્ઞાનસુધા'માં) છપાએલા લેખો અને ભાષણોનો સંગ્રહ **'જ્ઞાનસુધા'** અભ્યાસ-રસ ધરાવનારાઓ માટે નોંધપાત્ર ગણાય એવો છે. (પ્રકાશક-સંસ્થા ઉપર મુજબ)

એ જ સંસ્થાએ બહાર પાડેલા **ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત**ના ભાગ ૨જામાં ગાંધીજીની એ પ્રથમ સત્યાગ્રહ લડતનો તા. ૩૧–૧–૧૯૦૮ થી જૂન ૧૯૦૯ સુધીનો શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલે કરાવેલો અભ્યાસનિષ્ઠ ને માહિતી સમૃદ્ધ પરિચય છે. કિં. ૭–૭૫.

નાનાં બાળકો, પ્રૌઢ શિક્ષાર્થીઓ ને ભણેલાં ગણેલાં સહુ સમજી શકે એવી બોલચાલની ભાષામાં લખાએલાં, તેમજ સહુને યે નવતર પરિચય થઈ રહે એવાં અનેકવિધ વિજ્ઞાનોનાં જે પુસ્તકો આપણે ત્યાં તૈયાર થતાં આવે છે, તેમાં હમણાં જ બહાર પડેલી, શ્રી વસંત જોધાણી લિખિત ત્રણ પુસ્તિકાઓ **પેટે ચાલનારાં પ્રાણીઓ ભાગ ૧-૨-૩** નોંધપાત્ર ઉમેરો કરે છે, એટલું જ નહિ પણ પોતાના ગુણથી વિશિષ્ટતાને વરે છે; કેમકે એની ભાષા

સરળ અને વિષયને વધુ વિશદ કરનારી છે, તથા કહેવાની રીત પ્રાસ્તાવિક પ્રસંગોને વધુ અવકાશ આપેછે, આથી વિષયનો રસજામેછે. પેટે ચાલનારાં પ્રાણીઓનો શાસ્ત્ર-ઝીણો નહિ પરંતુ સામાન્ય ને ખાસિયતોનો આ સચિત્ર પરિચય છે તો બાળકો માટે, પણ મોટેરાં અને પ્રાણિસૃષ્ટિના શૉખીનોને સુદ્ધાં વસાવવા પ્રેરે એવો છે. પરિચયનો અભિગમ(approach) ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિનો પોતીકો છે એ તેની એક વધુ વિશિષ્ટતા છે. (પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસની કંપની, ખજૂરીની પોળ, કાલુપુર, અમદાવાદ-૧, કિંમત દરેકનો ૧-૦૦)

આપણો વિકસતો માનવપરિવાર: 'એકાકી ન રમતે' ન્યાયે પ્રાક્કાળથી વિશ્વના વિકસીરહેલા માનવપરિવારની આજસુધીની સમૂહપ્રવૃત્તિઓની, તથા તેનાં શ્રેય-અશ્રેયની ચર્ચા કરતી ને એ વિષેનું સામાન્ય જ્ઞાન પૂરું પાડતી શ્રી મીનુ મસાણીની આંતરરાષ્ટ્રખ્યાત બનેલી પુસ્તિકા 'અવર ગ્રોઇંગ હ્યુમન ફૅમિલી'નો, શ્રી નાથાલાલ દવેએ કરેલો અનુવાદ; મૂળ પુસ્તિકાના આગવા આકર્ષણ સમાં માહિતીસભર રોચક ચિત્રો સાથે, પ્રકાશક: ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ઑક્સફર્ડ હાઉસ, મુંબાઈ-૧, કિંમત છાપી નથી.

આ માસ (માર્ચ) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૬ પ્રસિદ્ધ ઇટાલિયન શિલ્પી, સ્થપતિ અને કવિ માઈકલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫.
તા ૯ 'મ્હૈસૂરના વાઘ' ટિપુ સુલતાનને અરધું મ્હૈસૂર અંગ્રેજોના હાથમાં સોંપવું પડ્યું, ૧૭૯૨.
તા. ૧૨ મીઠા જેવી ગૃહોપયોગી ચીજ પરના કર સામે ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચ, ૧૯૩૦.
તા. ૧૪ સમાજવાદ-સામ્યવાદની વિચારણા સૌ પહેલી માંડનાર કાર્લ માર્ક્સનું અવસાન, ૧૮૮૩.
તા. ૨૦ નાટ્ય સાહિત્યમાં નવો ચીલો પાડનાર મહાન નાટ્યકાર ઈબ્સનનો જન્મ, ૧૮૨૮.
તા. ૨૩ વીજળીના તાર નંખાઇને નવી દુનિયા સાથે હિંદના વ્યાપક સંપર્કનાં પગરણ, ૧૮૫૪.
તા. ૨૫ અર્વાચીન ગુજરાતીના અગ્રયાયી કવિ ને પીઢ સુધારક દલપતરામનું નિધન, ૧૮૯૮.
તા. ૨૯ દખ્ખણ ધ્રુવનો શોધસફરી કૅપ્ટન સ્કૉટ ત્યાંના બરફમાં ગારદ થયો, ૧૯૧૨.

વ્યક્તિવિશેષ: યશવંતરાવ ચવ્હાણ

નવા ને મોટા મુંબાઈ રાજ્યના પ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણનો જન્મ સાતારા જિલ્લાના દેવરાષ્ટ્ર ગામમાં ઈ. ૧૯૧૪ની ૧૨મી માર્ચે ખેડૂત પિતાને ઘેર થયો હતો. તેમના બચપણમાં જ પિતાનું અવસાન થતાં કુટુમ્બના ભરણ-પોષણની જવાબદારી તેમના મોટા ભાઈ પર આવી. નાનપણમાં તેજસ્વી વિદ્યાકારકિર્દી સાથે તેમણે વક્તૃત્વ-સ્પર્ધાઓમાં યે અનેક ઇનામો મેળવેલાં. કુસ્તી એ ત્યારનો તેમનો પ્રિય વ્યાયામ. ૧૯૩૦માં તેમણે વિદ્યાર્થી-ચળવળ ઉપાડેલી, અને '૩૨ની સવિનય કાનૂન-ભંગની લડતમાં તેમને ૧૮ માસની જેલ મળી! ૧૯૩૮માં તેઓ ગ્રૅડ્યુએટ થઈ ત્રીજે વર્ષે પૂના કૉલેજમાંથી એલએલ.બી. થયા. ત્યારે તેમના પ્રિય લેખકો હતા ટિળક, આગરકર ને લોકહિતવાદી. તેઓ પ્રથમ રૉયવાદી હતા, પરંતુ બીજા વિશ્વયુદ્ધના મુદ્દા પર એ ચળવળમાંથી છૂટા થઇ કૉંગ્રેસમાં જોડાયા અને સાતારા જિલ્લા સમિતિના પ્રમુખ ચૂંટાયા. '૪૨ના ઑગસ્ટથી '૪૩ના મેમાં ફલટણમાં તેમની ધરપકડ થઇ ત્યાં સુધી સાતારાની ભૂગર્ભ-ચળવળનું તેમણે સંચાલન કરેલું. તેમની ધરપકડ માટે તો રૂ. ૧,૦૦૦નું ઇનામ' જાહેર થએલું. '૪૪માં તેઓ જેલમુક્ત થયા.



૧૯૫૨ની ચૂંટણી પછી તેઓ નાગરિક સામગ્રી માટેના પ્રધાન નિમાએલા ત્યારે સમગ્ર સરકારી તંત્ર વિરુદ્ધ હોવા છતાં ક્રમશઃ તેમણે અંકુશ-નાબૂદી આણી. બાદ સ્થાનિક સ્વશાસન ને જંગલખાતાના પ્રધાન નિમાએલા. 'ગામડેગામડે ગ્રામપંચાયત' એ તેમનો આદર્શ છે ને સામુદાયિક વિકાસયોજનાને તેઓ જીવન જીવવાનો નવો માર્ગ સમજે છે.

સમાજસેવા પત્રકારત્વ, કેળવણી વગેરે ક્ષેત્રોમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે. પોતાની જીવન-કારકિર્દીના પ્રારંભના દિવસોમાં સાતારાથી 'લોકક્રાન્તિ' નામનું મરાઠી સાપ્તાહિક અને ૧૯૪૮માં કેટલાક મિત્રો સાથે મળીને 'પ્રકાશ' નામે દૈનિક તેમણે શરૂ કર્યું હતું. જે કામ હાથમાં લીધું તેમાં પોતાને પ્રતીત થએલા સત્યનો એક કુશળ, બાહોશ ને નિષ્ઠાવાન કાર્યકર્તાને શોભતી રીતે તેઓ ચુસ્ત ને દઢપણે અમલ કરે છે.

પ્રસંગવિશેષ: નવા દિલ્હીનું લૉર્ડ અર્વિનને હાથે ઉદ્‌ઘાટન, ૧૮મી માર્ચ ૧૯૨૭

જૂના વખતમાં જેવું જૂના દિલ્હીનું માહાત્મ્ય હતું, એવું જ બલકે એથી વિશેષ માહાત્મ્ય નવા જમાનામાં સ્વતંત્ર ભારતના રાજધાનીના શહેર નવા દિલ્હીનું છે; કેમકે તેની રાષ્ટ્રીય અસ્મિતાને પડછે, શાંતિમય સહ-અસ્તિત્વની 'પંચશીલ'ની ગરવી પ્રણાલીનું તે આંતરરાષ્ટ્રીય વિશ્વનું તો મુખ-કેન્દ્ર છે. ભારતના ઇતિહાસના વિવિધ રાજરંગનું સાક્ષી (હાલનું જૂનું) દિલ્હી તો એ સ્થળે થઈ ગએલી પાટનગરીઓની પરંપરાનું સાતમું નગર છે. શાહજહાંએ તે બંધાવેલું. ઈ. ૧૮૦૩માં લૉર્ડ લેઇકે જીત્યા બાદ ઈ. ૧૮૫૭મા તે અંગ્રેજોની સંપૂર્ણ હકૂમતમાં આવ્યું. પણ એ વખતે બ્રિટિશ અમલની રાજધાની તો કલકત્તા જ બની રહેલી.

તે પછી ૧૯૧૧માં બ્રિટિશ શાહાનશાહ પાંચમા જ્યૉર્જનો રાજ્યાભિષેક એ નગરમાં થયો તે વેળાએ એ પ્રસંગના સ્મરણમાં તેમણે ભારતના પાટનગર તરીકે ત્યાં 'નવું દિલ્હી' સ્થાપવાની જાહેરાત કરી. વિખ્યાત બ્રિટિશ સ્થપતિઓ સર એડવિન લટ્યેન્સ અને સર હર્બર્ટ બેકરે તેની યોજના કરેલી. તેની સ્થાપત્ય-રચનામાં પૂર્વ ને પશ્ચિમ બંને પદ્ધતિઓનું મિશ્રણ કરવામાં આવ્યું છે. નગરબાંધણી પરિપૂર્ણ થઈ રહેતાં ૧૯૨૭ની ૧૮મી માર્ચે લૉર્ડ અર્વિને તેનું ઉદ્‌ઘાટન કર્યું.

ઘોડું, ઘૂંઘટ, મીનજળ લજકુળ અસ્ત્રીયાં;*
એ માડી નવ શીખવે કૂદતાં કુરંગાં.


રાંચીમાં નજરકેદ હતા ત્યારે મૌલાના અબુલ કલામઆઝાદે કુરાનનું ભાષાન્તર નેભાષ્ય લખવા માંડેલું. બેતૃતીયાંશ જેટલું તો લખાઈ ગએલું, અને છેલ્લે લખાએલી બધી વસ્તુની અંગ્રેજ અમલદારોએ જપતી કરી. એ મેળવવાના મૌલાનાના બધા જ પ્રયાસ નિષ્ફળ ગયા. ઘણે લાંબે સમયે એ મળ્યું ત્યારે તેનો મોટો ભાગ બાળી નંખાએલો હતો. ચારચાર વર્ષના ઊંડા ચિંતનનું આ પરિણામ! પરંતુ પોતે જાળવી રાખેલી ધીરજને જરા પણ ચાતરવા દીધા સિવાય તેમણે આખો યે ગ્રંથ ફરી લખી કાઢ્યો. મૌલાનાને આંતરરાષ્ટ્રીય વિદ્વત્પ્રતિષ્ઠા અપાવનાર આ જ હતો એ મહામૂલો ગ્રંથ.

અનેકાર્થી શબ્દ: બેડું=ઘડો ને દેગડો, હેલ; બહેડુંફળ; ખાટું, બેસ્વાદ; ઠૂં ઓછું.

ગણિત-ગમ્મત: તમારા કોઈ મિત્રને સાઠથી ઓછી રકમ ધારવાનું કહો. પછી તેને ત્રણે ભાગવાનું કહી શેષ પૂછો; ફરી વાર એ જ ધારેલી રકમને ચારે ભાગવાનું કહી શેષ પૂછો; અને વળી ત્રીજી વાર એ જ ધારેલી રકમને પાંચે ભાગવાનું કહી શેષ પૂછો. એ ત્રણે ય શેષને અનુક્રમે ૪૦, ૪૫, અને ૩૬ વડે ગુણી સરવાળો કરો. (જ્યાં શેષ શૂન્ય હોય ત્યાં ગુણાકાર ન કરવો.) જે સરવાળો આવે તેને ૬૦ વડે ભાગશો તો જે શેષ વધશે તે ધારેલો આંકડો.

કહેવતોના અર્થ: 'ઘડાનું અજવાળું ઘડામાં જ રહે.'—માણસની પરિસ્થિતિની મર્યાદા બંધાઇ ગઈ હોય ત્યારે ગમે તેટલી મથામણ છતાં તેના મનોરથ ફળતા નથી, એ દર્શાવી સમાધાન પ્રબોધતી આ કહેવત જેવી જ કવિત્વમયરૂપકવાળીબીજી કહેવત છે કે'કૂવાનીછાયા કૂવામાંજ રહે.' ઉપરાંત, 'મનમાં પરણવું ને મનમાં રાંડવું', 'દરની માટી દરમાં સમાય,' 'દરિદ્રીના મનોરથ ઊપજે પણ નીપજે નહિ.' વગેરે.

કૅરૅટ: એ સોનાની શુદ્ધતા દર્શાવનારું પરિમાણ છે. શુદ્ધમાં શુદ્ધ સોનું ૨૪ કૅરૅટનું હોય; પણ તદ્દન શુદ્ધ સોનું બહુ પોચું હોવાથી ઉપયોગમાં લેવું ન પાલવે, એટલે સામાન્યતઃ ઘરેણાં વગેરેમાં ૨૨ કૅરૅટનું સોનું વપરાય છે; બાકીના બે કૅરૅટબીજી ધાતુ-મુખ્યત્વે ત્રાંબાનો ભેગ કરવામાં આવે છે. પછી જેમ કૅરૅટની સંખ્યા ઓછી તેમ સોનાનું પ્રમાણ ઊતરતું સમજવું.



અંગ્રેજી મૂળાક્ષરનો બારમો અક્ષર 'એલ' ઇજિપ્તની ચિત્રલિપિહાયેરોગ્લિફ્માંની 'સિંહ' ની આકૃતિ પરથી ઊતરી આવ્યો છે. તેમાંથી પછી જૂની ઇજિપ્શિયન હાયરેટિક લિપિમાં અને ત્યાર બાદ અનુક્રમે ફીનીશિયન, જૂની ગ્રીક, લૅટિન તથા આધુનિક રૂપમાં જે રીતે વિકસતો ગયો તે અહીં ઉપલી તકતીમાં બતાવ્યું છે; અને નીચેની તકતીમાં તેનાં કૅપિટલ તથા નાના રૂપનાં લેખન સ્વરૂપો જે ક્રમે વિકસ્યાં તે-હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્લો-સિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક રૂપ દર્શાવ્યાં છે.

દરેક જાતના કપડા પર પડેલા પરસેવાના ડાઘ કાઢવા માટે ડાઘવાળા ભાગ પર ઍમોનિયા લગાડવો. સુતરાઉ કપડા માટે સૌથી ઉત્તમ માર્ગ સોડા અને સાબુને બહુ થોડા પાણી સાથે ડાઘ પર લગાડવાનો છે. સુકાવા દીધા બાદ તેને સાબુના પાણીમાં નિત્યક્રમ મુજબ ઉકાળી પછી કપડું ધોઈ શકાય.

એક ભાગ નવસાર, અરધો ભાગ ફટકડી ને પા ભાગ સોમલખાર એકઠાં કરી ગમે તે ધાતુ ઉપર લગાડવાથી પિત્તળ જેવો ઢોળ ચડે છે.



છે તો માત્ર ખાણાની તાસક પર મૂકવાનું ઢાંકણ, પણ એક વનસ્પતિના પાંદડાંના માવાના બનાવેલ આ ઢાંકણને યે રૂપાનાં અને તાંબાનાં પતરાં મઢી કલિમન્થન(દ. ઑર્નિયો) ના કારીગરોએ કેવી કલાકણિકા સરજેલી છે!

* ઘોડેસવારી, લાજ કાઢવી, માછલાંનેતરતાં, સ્ત્રી-મર્યાદા નેહરણાંનેકૂદવું, એ મા નશીખવે; જન્મથીજ આવે.

STATEMENT

of ownership and other particulars about the newspaper Kumar

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its publication	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital	(1) Chinubhai & Sons Ltd. 5/A, Hamam Street, Bombay-1 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Ravishanker Mahashanker Raval, Brahmin Mitra Mandal

Society, Ahmedahad-6 (6) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (7) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (8) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabag-4 (9) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros. 185 Princess St. Bombay-2 (10) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (11) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (12) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (13) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (14) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (15) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Gajendra Ravishanker Raval Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (18) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (19) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Pritamnagar, Ahmedabad-6 (20) Girdharlal Damodardas 'Prerana' Ambavadi, Ellis Bridge, Ahmedabad-6

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my khowledge and belief.

Dated this 27th day of February 1958


Sd./B. Rawat, Publisher.



સખ્ય

ફોટો · શ્રીદામ ભટ્ટ

'કુમાર' માર્ચ ૧૯૫૮ · સળંગ અંક ૪૧૧ · છૂટક નકલનો રૂ. ૧) પરદેશમાં રૂ. ૧-૨૫ March 1958 KUMAR Regd. No. B. 1808



અષ્ટમાતૃકા (આઠ માતાઓ)ની મૂર્તિઓ ફોટો : એંગ્રા સ્ટૂડિયો વીજાપુર (જુઓ આ અંકની 'કલાવાર્તા'માંનો લેખ)
ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકામાં આવેલા લાડોલ ગામમાં, આપણી પુરાતન સંસ્કૃતિ, સમૃદ્ધિ અને કલાસાધનાનાં દ્યોતક નવેક શિલ્પો ઉપેક્ષિત અને ધૂળથી આચ્છાદિત રૂપમાં પડ્યાં છે, જે હાલ ગામના રામજી મંદિરના ઓટલા ઉપર એક બાજુએ ગોઠવવામાં આવ્યાં છે. એ પ્રત્યેક મૂર્તિ સાડા ત્રણથી પોણા ચાર ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા આરસના પાષાણ-ફલક ઉપર કોઈ સિદ્ધહસ્ત શિલ્પીના હાથે કંડારાએલી લાગે છે, અને કોઈ ભવ્ય મંદિરની દીવાલ પરની સુશોભન-તકતીઓ હશે એમ જણાય છે. એમાંની આઠ મૂર્તિઓ આઠ માતૃકાઓની છે, જે આ ઉપર આપી છે. નવમી મૂર્તિ રુદ્ર (શિવ)ની છે, જે ઉપર્યુક્ત લેખ સાથે આ અંકમાં પૃ. ૧૦૭ ઉપર આપી છે. ઉપર આપેલી મૂર્તિઓ અનુક્રમે નીચે મુજબ છે : મથાળાની હાર (૧) ચામુંડા (૨) બ્રાહ્મી (૩) માહેશ્વરી કે રુદ્રાણી–જેના ડાબા પગ ઉપર મધપૂડો બાઝી ગયો હોવાથી એટલો ભાગ દૂષિત છે અને (૪) વારાહી; નીચલી હાર : (૫) ઐન્દ્રી (૬) કૌમારી (૭) વૈષ્ણવી અને (૮) કોની છે તે સ્પષ્ટ થતું નથી. સાહિત્યમાં અષ્ટ માતૃકા જે રીતે ગણાવાય છે તેનો શ્લોક નીચે મુજબ છે : બ્રાહ્મી માહેશ્વરી ચૈન્દ્રી, વારાહી વૈષ્ણવી તથા । કૌમારી ચર્મમુંડા ચ, કાલસંકર્ષણીતિ ચ ॥ આ બધી મૂર્તિઓનું દર્શન અહીં જે રીતે થાય છે તેનું વિગતે વર્ણન આ અંકમાંના લેખમાં આપ્યું છે, જે અભ્યાસેચ્છુઓ તથા કલારસિકોને મૂર્તિઓ ઓળખવામાં ખૂબ માર્ગદર્શક નીવડે એવું છે.